

કુમાર

પ્રસ્થાપક
સ્વ. રવિશંકર મ. રાવળ

પૂરા પરિવારનું
સર્વલક્ષી
સુરુચિપૂર્ણ
સામયિક


વર્ષ ૬૭મું
જુલાઈ ૧૯૯૪

સળંગ
૭૯૮
મો અંક

તંત્રી
ધીરુ પરીખ

સંપાદક
બિહારીલાલ ટાંક

રેખાંકન
ઈશ્વર સામરા



આષાઢી સૂર • ભારતીય લઘુચિત્રોમાં રાગમાલાનાં ચિત્રોની જેમ 'બારમાસા'નાં ચિત્રોનું પણ આગવું સ્થાન છે. અઢારમી સદીની રાજસ્થાની ચિત્રશૈલીનું આ એવું એક આષાઢ માસનું લાક્ષણિક ચિત્ર છે. તેનાં સ્પષ્ટ રેખાંકનમાં તથા વાદ્યવાદક એક સ્ત્રીપાત્રના વસ્ત્રાલેખનમાં મુગલ શૈલીનો પણ પ્રભાવ જણાય છે. આષાઢની લાક્ષણિકતા વર્ણવતી કવિ કેશવદાસની કાવ્યપંક્તિઓ સાથે ચિત્રમાં નિજ નિવાસે સંગીત માણતા નાયક-નાયિકાને દર્શાવ્યાં છે, એ જ રીતે આવાસની અટારી પરથી દેખાતાં આષાઢમાં ઘેરાતાં વાદળો પણ.

આષાઢી સાંજ

આષાઢી સાંજનાં અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે !
આષાઢી સાંજનાં અંબર ગાજે.

માતેલા મોરલાના ટૌકા બોલે,
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે,
આષાઢી સાંજનાં અંબર ગાજે.

ગરવા ગોવાળિયાના પાવા વાગે,
પાવા વાગે, સૂતી ગોપી જાગે.
આષાઢી સાંજનાં અંબર ગાજે.

વીરાની વાડીઓમાં અમૃત રેલે,
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે.
આષાઢી સાંજનાં અંબર ગાજે.

ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે,
ચૂંદડ ભીંજે, ખોળે બેટો રીઝે.
આષાઢી સાંજનાં અંબર ગાજે.

આષાઢી સાંજના અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે.
આષાઢી સાંજનાં અંબર ગાજે.

ઝવેરચંદ મેઘાણી

જુલાઈ — ૧૯૯૪

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૭૯૮

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ.
ડિરેક્ટરો : હીરાલાલ ભગવતી (ચૅરમૅન), બિહારીલાલ પો. શાહ, ભાલચંદ્ર શાહ.
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર,
અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન નં. ૩૪૩૭૪૫).
પ્રિન્ટર્સ : હરેશ પટેલ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કો. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૧૦૦; પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૪૦૦; આજીવન રૂ. ૯૦૦;
છૂટક નકલ રૂ. ૧૦-૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૨.૦૦

ઊડતે અચ્ચલ/રાજેન્દ્ર શાહ
(ભજન)

ભાઈ ભેરુ
ભેળાં રે મળીને આપણ ખેલીએ,
એ જ કામ ને વિરામ;
બીજી રે ઝઝ્ઝટ આઘી મેલીએ... હો...જી
હે...જી
ઘરની ગુહા ન લેશ છાજતી,
છરવાં પાદર ને રાન;
વાયરે આવે જે વાણી ટૌ'કતી
એ'વાં આપણાં હો ગાન
મોકળાં ગળાંની લ્હેરે રેલીએ... હો...જી
હે...જી
કોણ રે જીતે ને કોણ હારતું ?
કોણ પર ને નિચેટ ?
વળતી વેળાએ અવળું લાગતું,
એની કરવી શી વેઠ ?
ઊડતે અચ્ચલ આપણ ટ્હેલીએ...હો...જી
હે...જી
ગગને ઘેરાવો તેજ-છાંયનો,
એના અઢળક રજ્ઞ
ભાવથી ઝીલેરે એવી ભોંયનો
આપણ કરીએ રે સજ્ઞ :
ભીનાં રે આનન્દ-નન્દ હેલીએ... હો...જી

છે/મનીપ પરમાર
(ગઝલ)

બધો ભેજ વેરાનમાં લાવવો છે,
મને એમ ખેતર સમો વાવવો છે.
દબાઈ, ક્ષણોમાં જ બેસી રહ્યો છું,
સમયને જ કરવત લઈ કાપવો છે.
મળે સ્પર્શના રજ્ઞ ઝીણાઘણા પણ
હવામાં ફરી હાથ ફેલાવવો છે.
મને રાખ નીચે મળ્યો હોય ભડકો,
ધુમાડો વજનદાર ઉઠાવવો છે.
મનીષે રડી માવઠું મોકલ્યું છે,
નદીનો કિનારો જ છલકાવવો છે.

ભાગી સુનેરી.../ભાનુપ્રસાદ પંડ્યા
(વસંતતિલકા-સૉનેટ)

ઉદ્યાનના સરજલે કરી સદ્યસ્નાન,
પુષ્પો થકી લઘુક મૂઠી મહીં ભરીને
તાજી સુગંધ, ખગશાવકના ચીંકાર
વીણી લઈ લહરી રોમદુવાર આવી!
જાગી ઊઠું - નીરખું ધુમ્મસમાં વળાંકો
રાત્રી તણી કટિતણા દૂર રમ્ય ઝાંખા,
નિદ્રા વિલીન અવ એક ભરી બગાસું.
બારી કૂદી ઘસતી આવી ગૃહે સવાર!
ત્યાંતો 'ફટાક' કરતું હળવી શિલા-શું
છાપું પડ્યું! - નજરને ચમકાવી દેતું.
દોડું-ગ્રહું, નયન અક્ષરની ગલીમાં
બંદી થયાં! ધડકતું ઉર ભાવતાલે!
છાપે-વીંટ્યા પ્રહર સર્વ થતા પસાર,
ભાગી સુનેરી અસબાબ લઈ સવાર!

પણ્ડના ઘડે/ભગીરથ બ્રહ્મભટ્ટ
(ગાન)

પલકવારમાં ઝળકે ઝીણું જ્યોતની નાની 'ઇ'
આમ જુઓ તો કાંઈ મળે ના
એ તો કેવળ ફૂંક
ફૂંકની પાછળ કોળવા માંડી
ધવલ નવલ ડૂંખ !
અજવાળાનેય અજવાલે છે અજવાળાનું બી!
કોડિયું શાનું ? દીવેટ શાની?
કોણ જલાવે જ્યોત?
કોણ ભીતરને ઝળહળ કરે
કોણ ભુલાવે મોત?
કે' દ્હાડાનું પૂર્યું હશે પણ્ડના ઘડે ઘી?

મુક્તક/મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'

ભર અડગ ડગ, દોસ્ત ! ડગમગ થા નહીં,
ઝળહળી જા, ફક્ત ઝગમગ થા નહીં,
સ્પષ્ટ થા, નિશ્ચિત બની, નિશ્ચિન્ત બન!
થા સદંતર દોસ્ત! લગભગ થા નહીં!

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના 'કદાચ' કાવ્યની આરંભની અને અંતિમ પંક્તિઓ છે—

'મારાં નયન,
તેજ તમારું ગુમાવી ન બેસતાં,
કદાચ આ સૂરજ નવા તેજે ઊગે પણ ખરો.'
...
'મારી રૂપેરી વાણી,
ન છોડી દઈશ તારું લય-નર્તન,
શબ્દ કોઈ નવા લયે નિઃસમયમાં તરે પણ ખરો.'

આ કવિતા અનિરુદ્ધભાઈએ લ્યૂકેમિયા(બ્લડ કેન્સર)ના અંતિમ તબક્કામાં, એમની બધીય ઇન્દ્રિયોની શક્તિ હણાતી જતી હતી ત્યારે, અવસાન થયું એના પંદર દિવસ પહેલાં લખેલી! નિશ્ચિત મરણની જાણ ને છતાં કેવી સ્વસ્થ, પ્રબળ જિજીવિષા! એમનું ઘણુંબધું સર્જનાત્મક કાર્ય લ્યૂકેમિયા થયા પછી મૃત્યુના સાન્નિધ્યમાં ચાલ્યું ! હોલવાતી જતી જ્યોતની જેમ એમની સર્જકતા પણ જાણે છેલ્લાં પાંચ-છ વરસમાં પ્રજ્વલિત થઈ ઊઠેલી. એમનાં અનેક કાવ્યોમાં બ્લડ કેન્સરની અસહ્ય યાતના અને મરણ સાથે એમણે લીધેલી ટક્કર સ-ચોટ પ્રકટે છે.

ઈ.સ. ૧૯૩૭ની ૧૧મી નવેમ્બરે ઉત્તર ગુજરાતના પાટણ ગામે એમનો જન્મ. મૂળ વતન વીરમગામ તાલુકામાં આવેલું દેત્રોજ. મધ્યમ વર્ગના નીચલા થરનું ઘર. પિતા લાલજી નારાયણજી બ્રહ્મભટ્ટ પ્રાથમિક શાળાના શિક્ષક. મેધાવી અને સંસ્કૃતિપ્રેમી. એમણે સંસ્કૃત સુભાષિતો અને સ્તવનોના અનુવાદ કરેલા. માતા લક્ષ્મીબહેન ખૂબ પ્રેમાળ અને અત્યંત ચીવટવાળાં.

શાળાનું તથા યુનિવર્સિટીનું શિક્ષણ એમણે વડોદરામાં લીધું હતું. નાની ઉંમરથી જ તેજસ્વી વિદ્યાર્થી અને પ્રભાવક વક્તા. બાળપણમાં થયેલ પોલિયોને કારણે પગે ખોડ રહી ગયેલી; પણ લઘુતાગ્રંથી જરીકે નહીં - પૂરો આત્મવિશ્વાસ અને આભ ભરીને સ્વપ્નો; ગગનચુંબી મહત્ત્વાકાંક્ષા. આંખોમાં બુદ્ધિનું તેજ અને લાગણીની ભીનાશ. રણકતો ચોક્ખોચણાક અવાજ અને વહેતી નદી જેવી વાણી.

વડોદરામાં ભણતા ત્યારે વિશ્વામિત્રીનાં કોતરોમાં ખૂબ રખડતા. કમાટીબાગમાં ઝૂલતા પુલ પાસે વિશ્વામિત્રીને કાંઠે બેસીને પર્ણોની નૌકાઓ તરતી મૂકતા. ફૂલોની પાછળ તો ગાંડા. કમાટીબાગમાં વૃક્ષની છાયામાં ફૂલોની પથારીમાં, ફૂલોની વચ્ચે વાંચવા બેસતા. નીચલા મધ્યમ વર્ગનું ઘર અને હોસ્ટેલનો ખર્ચ ને મોંઘાંમોંઘાં પુસ્તકો ખરીદવાનો શોખ ક્યાંથી પોસાય? દર શુક્રવારે ગુજરીમાંથી, લોકોએ પસ્તીમાં કાઢી નાખેલાં પુસ્તકોના ઢગલામાંથી શોધીશોધીને તેઓ આનો કે પાયલીમાં ખરીદતા.

શાળાનું શિક્ષણ વડોદરામાં પણ વેકેશન ઉત્તર ગુજરાતનાં ગામડાંઓમાં. તે હૉસ્ટેલજીવન, નગરજીવનની સાથે સાથે ગ્રામજીવનનોય ખાસ્સો અનુભવ. જે 'નામરૂપ'નાં ચરિત્રનિબંધોમાં દેખાય છે. વેકેશનમાં તેઓ ગામડે આવે ત્યારે નવલકથાઓ અને ઇતર પુસ્તકો બેગમાં ભરીને લાવે. વેકેશનમાં વાચન ઉપરાંત ગામડામાં રખડવાનું, પ્રકૃતિને માણવાની, મિત્રોને અને ગ્રામજનોને ચાહવાનું ને આમ ભરપૂર જીવવાનું.

૧૯૫૮માં તેઓ ગુજરાતી અને સંસ્કૃત વિષયો સાથે પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા ને સુવર્ણચંદ્રક મેળવ્યો. ૧૯૬૦માં એ જ વિષયો સાથે એમ.એ.ની ડિગ્રી પણ પ્રથમ વર્ગમાં મેળવી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો.

તેઓ સુરેશ જોષીના પ્રિય શિષ્ય હતા. સુરેશ જોષીએ લખ્યું છે, 'પ્રથમવાર મેં એમને (અનિરુદ્ધભાઈને) મારા વર્ગમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે જોયા. સંસ્કૃત અલંકારશાસ્ત્ર શીખવતાં ક્યાંક હું કશુંક ચૂકી જાઉં તો તેઓ તરત યાદ દેવડાવે. પછી એવા શિષ્યો બહુ મળ્યા નથી.'

તેઓ કૉલેજમાં ભણતા એ જ અરસામાં સુરેશ જોષી અને એમના મિત્રોએ 'ક્ષિતિજ'નો આરંભ કર્યો. મુ. ભોગીભાઈ ગાંધીને ત્યાં 'સમીક્ષા'ની બેઠકો શરૂ થઈ, જેમાં દેશવિદેશના સાહિત્યની ચર્ચાઓ થતી. અનિરુદ્ધભાઈ એમાં સારી પેઠે સક્રિય રહેતા. ગુલામ મોહમ્મદ શેખ, ભૂપેન ખખ્ખર, પ્રબોધ ચોકસી, મધુકર શાહ તથા દામોદર બલર જેવા મિત્રો મળ્યા. આમ, પાંગરવાના સમયમાં એમને સરસ સાહિત્યિક વાતાવરણ તથા 'વિશ્વમાનવ' અને 'ક્ષિતિજ' જેવાં સામયિકો મળ્યાં.

૧૯૫૯માં, બી.એ. થયા પછી તરત, માત્ર ૨૧ વર્ષની ઉંમરે જ એમણે ડભોઈની આર્ટ્સ કૉલેજથી અધ્યાપન કાર્ય શરૂ કર્યું. એમ.એ.ની પરીક્ષા પણ ડભોઈમાં રહીને આપી. ૧૯૬૨માં તેઓ બીલીમોરાની કૉલેજમાં જોડાયા. વિદ્યાર્થીઓ ઉપર તો તેઓ જાણે વશીકરણ જ કરતા. વિદ્યાર્થીઓને ખૂબ ચાહતા. પ્રાણ રેડી શીખવતા. વિદ્યાર્થીઓ સાથેનો એમનો સંબંધ મૈત્રીનો અને પ્રેમનો રહેતો. એમનામાં આછકલાપણું નહોતું. અધ્યાપકને છાજે એવી શાલીનતા, આત્મગૌરવ, વારસામાં જ મળેલા શિક્ષણકળા અને વાણી, શ્રોતાઓ પર ભૂરકી નાખતો અવાજ, હૃદયમાં માણસને ચાહવાની ભૂખ, પૂરી આત્મશ્રદ્ધા, સતત અભ્યાસ, સુસ્પષ્ટતા, અનેક શિખરો સર કરવાની મહત્ત્વાકાંક્ષા અને અગણિત સ્વપ્નો.

મોડાસાના પ્રથમ જ્ઞાનસત્રમાં તેઓ સ્વતેજે ઝળકી ઊઠ્યા. પછી તો ભાગ્યે જ કોઈ એવો પરિસંવાદ, કોઈ એવી જ્ઞાનચર્ચા હોય, જેમાં અનિરુદ્ધભાઈ ન હોય. એમની વાણીનો રણકો, શ્રોતાને વિશ્વાસમાં લેતી કર્ણમધુર છટાઓ, સ્પષ્ટ મુદ્દાસર વાત, અદ્યતન દૃષ્ટાંતો તથા વાણીના લયનર્તનથી તેઓ છવાઈ જતા.



અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

યોગેશ જોષી

સભાઓમાં છવાઈ જવાનોય એક નશો હોય છે. સર્જકે આવા નશાથી, લોકપ્રિયતાથી, ચાહકવૃંદથી બચવાનું હોય છે.

નાની ઉંમરે એમણે સંપાદક-વિવેચક તરીકે ગજું કાઢ્યું. ૧૯૬૯માં એમણે ઍરિસ્ટોટલના કાવ્યશાસ્ત્રનો અનુવાદ આપ્યો. સર્જકો વિશેની સ્વાધ્યાયશ્રેણી શરૂ કરી, જેમાં 'ઝવેરચંદ મેઘાણી' (૧૯૬૯), મણિશંકર ભટ્ટ 'કાન્ત' (૧૯૭૧) અને રમણભાઈ નીલકંઠ (૧૯૭૩) કાયમી મહત્ત્વ ધરાવે છે. સર્જન વિશેય એમણે સ્વાધ્યાય શ્રેણીનું સંપાદન કર્યું, જેમાં 'કાન્તા' (૧૯૭૩), 'સુદામાચરિત્ર' (૧૯૭૫), પ્રેમાનંદકૃત 'કુંવરબાઈનું મામેરું', 'શર્વિલક' વગેરે અભ્યાસીઓ માટે અત્યંત ઉપયોગી છે. એમનો પ્રથમ વિવેચન-સંગ્રહ 'અન્વીક્ષા' (૧૯૭૦). ૧૯૬૭-૬૮નાં વર્ષોમાં એમણે 'જન્મભૂમિ'માં 'ઝલપઝલપ' નામની કોલમ, એ પછી 'સંદેશ'માં 'સાહિત્ય અને સંસ્કાર' નામની તથા 'મુંબઈ સમાચાર'માં 'ચલ મન વાટે ઘાટે' નામની કોલમ લખેલી.

૧૯૬૭માં અનિરુદ્ધભાઈ મુંબઈની વિલ્સન કોલેજમાં વ્યાખ્યાન માટે ગયેલા ત્યાં અભ્યાસ કરતી કુ. નલિની તુરખિયા સાથે પરિચય થયો અને પછી તો પ્રેમ પાંગર્યો. ૪થી જુલાઈ ૧૯૬૮ના રોજ એમણે કુ. નલિની તુરખિયા સાથે આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કર્યું.

૧૯૭૦માં એમણે બીલીમોરા છોડ્યું અને અમદાવાદ ગુજરાત યુનિવર્સિટીમાં, ગુજરાતી વિભાગમાં જોડાયા. બીલીમોરાનો સમયગાળો એમના માટે સુરેશ જોષીની પ્રતિભાની છાયામાંથી બહાર આવીને સ્વપ્રતિભાના વિકાસનો ગાળો રહ્યો. તક મળતાં જ તેઓ અમદાવાદ તો આવ્યા, પણ અમદાવાદનું વાતાવરણ ?! મુ. શ્રી ભોગીભાઈ ગાંધીએ નોંધ્યું છે, 'સર્વ ક્ષેત્રે - શિક્ષણથી માંડી સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રે - 'આગળ' આવવાનો અને 'ઉપર'ના સ્થાને ચીટકી રહેવાનો સૌ કોઈનો સંઘર્ષ. આચારસંહિતાની તો વાત જ શી? ને અનિરુદ્ધની અકળામણ વધતી ચાલી. બીજી બાજુ, સ્વબળે આગળ આવવાની અને રહેવાની ભારે ખેવના. વરસો વીતતાં ગયાં ને સંઘર્ષ વધતો ગયો. નિજના ખાસ્સા ગમા-અણગમા અને સતત માનઅપમાનની ભીંસમાં જાતે ભીંસાતા રહ્યા.' એમનો અહમહમિકાજન્ય જિદ્દી સ્વભાવ પણ આ ભીંસ માટે જવાબદાર હતો.

૧૯૭૫માં મેં અનિરુદ્ધભાઈને સૌપ્રથમ વાર જોયા. સફેદ દૂધ જેવાં, ખાદીનાં પેન્ટ અને શર્ટ. આછો, શ્યામ વર્ણ. લગભગ સાડાપાંચ ફૂટ ઊંચાઈ. પણ પોલિયોની ખોડના કારણે ઊંચાઈ થોડી ઓછી ભાસે. આત્મતેજે ચમકતી આંખો. જાણે ચુંબકીય બળ ધરાવતો હોય એવો, આત્મશ્રદ્ધાથી રણકતો તાંબા જેવો અવાજ. અનેક સ્વપ્નો તથા જીવનરસથી ભરેલું હૃદય. છેક બંને લમણા સુધી પહોંચતી, કમાનાકાર, પૂર્ણ ભમ્મરો. કશું વાંચતા હોય ત્યારે અવારનવાર એમના હોઠ પર મધુર સ્મિત છલકાતું જાય ને વાંચતા વાંચતા ક્યારેક ક્યારેક આંખો ચમકી ઊઠે ને ભમ્મરો ઊંચકાય. માણસોને જ નહીં, કુદરતને ય તેઓ ખૂબ ચાહતા. વન અને પહાડો તો ખૂબ ગમે. હિમાલયનું તો એમને ગજબનું આકર્ષણ હતું. દરિયો જોઈને તે ગાંડા થઈ ઊઠતા. ભૂતકાળમાં, કોક કોકવાર, ઘોડાગાડીવાળા પાસેથી લગામ લઈને ઘોડાગાડીય ચલાવી છે. પોતે બાલારામ ગયેલા એની વાત કરતાં કહેલું, 'કેવું ચોખ્ખું પાણી ! સ્ફટીક જેવું ! હું તો કિનારે જ ઊભો રહી ગયો. આટલાં સ્વચ્છ પાણીમાં કઈ રીતે બોળી શકાય પગ ?'

પોતાની ઈમેજ પ્રત્યે અત્યંત સભાન. ક્યારેક લેક્ચરર ક્વાર્ટર્સથી હું એમને મારી સાઈકલ પાછળ બેસાડીને લઈ જતો, પણ દૂરથી યુનિવર્સિટી ગ્રંથાલય દેખાય ત્યાં જ કહે, 'હવે મને ઉતારી દો, કોઈ જોશે.'

૧૯૭૫માં, રિલ્કેની શતાબ્દી નિમિત્તે દાહોદમાં યોજાયેલા પરિસંવાદમાં, ખૂબ તાવ છતાં, અનિરુદ્ધભાઈએ બધાં વ્યાખ્યાનો

સાંભળ્યાં અને પોતાનું વક્તવ્ય પણ રજૂ કર્યું. ત્યારે જ લ્યૂકેમિયાનાં પ્રથમ લક્ષણો વરતાયાં. મિત્ર દામોદર બલરને આ રોગ વિશે શંકા ગઈ એટલે મુંબઈ નિષ્ણાત પાસે એમને મોકલ્યા. નિદાન થયું તો લ્યૂકેમિયા !

માત્ર ૩૮ વર્ષની વયે લ્યૂકેમિયા, મોઢામોઢ આવીને, પંજો લંબાવીને ઊભેલું સાક્ષાત્ મરણ. ત્યારે સૌ. નલિનીબહેનની વય તો માંડ ત્રીસ વર્ષ. અને સંતાનો ચિ. મેધા-ઋચા-અપૂર્વ તો સાવ નાનાં. નાનકડો પુત્ર અપૂર્વ તો ઘોડિયામાં ને પિતા મરણના વિરાટ પંજામાં.

પત્નીને બ્લડ કેન્સરની વાત કરવી કે છુપાવવી એની દ્વિધા અનિરુદ્ધભાઈએ ખાસ અનુભવી નહોતી. સત્યનો સ્વીકાર કરવો જ રહ્યો. એનો કોઈ જ વિકલ્પ ન હોય અને ધારો કે એમણે પત્નીથી આ વાત છુપાવી હોત તો શું સૌ. નલિનીબહેન એમને માફ કરી શકત ? પોતાના રોગ વિશે માને કહેવું કે નહીં તે અંગે એમણે દ્વિધા અનુભવેલી. પછી ગંભીર રોગ છે એમ કહ્યું, પણ સાથે સાથે માને આશા આપી - પરદેશમાં ખૂબ સંશોધન ચાલે છે. જેમ ટી.બી.ની દવા શોધાઈ ગઈ એમ હવે આ રોગની દવાય શોધાવાની તૈયારીમાં છે.

માત્ર ત્રીસ વર્ષનાં સૌ. નલિનીબહેનને પતિના આ રોગ વિશે જાણ થઈ ત્યારે સાત ફેરા સાથે ફર્યાંનેય હજી તો માંડ સાત જ વર્ષ થયેલાં ! શિક્ષિકાની નોકરી ઉપરાંત, નાનાં નાનાં ત્રણ સંતાનો, સાસુ અને ઘરની જવાબદારીનો ભાર તો હતો જ અને હવે પતિના આવનારા મરણનોય ભાર... પણ આ ભાર તળે ચગદાઈ જવાને બદલે સૌ. નલિનીબહેને પણ પતિના આવનારા મરણ સામે માથું ઊંચક્યું ને મરણ સાથેની લડાઈમાં ખભેખભો મિલાવીને પતિને સાથ આપ્યો.

મૃત્યુ સમીપેની આ સ્થિતિમાંય અનિરુદ્ધભાઈમાં તો કોઈ સંતનેય દુર્લભ એવી સ્વસ્થતા. ભાંગી પડવાને બદલે, અત્યંત સ્વસ્થ રહીને, મરણ સાથે દ્વંદ્વ ખેલીને, મરણનેય હંફાવી પાછું હઠાવવાનો એમનો દઢ સંકલ્પ; અને એમની આ સંકલ્પશક્તિ અસાધારણ પુરવાર થઈ. ઍલોપથી, આયુર્વેદ, હોમિયોપથી, નેચરોપથીના ઇલાજોના ટેકે, દૈવી આસ્થાના જોરે અને આત્મસંકલ્પબળે તેઓ મોતને હંફાવી પાછું ઠેલતા રહ્યા.

બારમાસીનાં ફૂલોમાંથી લ્યૂકેમિયાની દવા બને છે એવું જાણ્યા પછી તેઓ બારમાસીનાં ફૂલો ચાવી જતાં. ઇન્ફેક્શન ન થાય તે માટે લીમડાનાં પાનની પથારીમાં સૂતા. રશિયાથીય કોઈ વનસ્પતિ મંગાવતા. લ્યૂકેમિયા વિશેની સંશોધનીય અદ્યતન જાણકારી મેળવતા રહેતા.

લ્યૂકેમિયાની જાણ થયા પછી તેઓ એક ક્ષણ પણ અમથી વેડફતા નહીં. સામે જ ઊભેલા મરણનું મોં જોયા પછી એમણે બાકી રહેલા સમયની દરેકેદરેક ક્ષણને પોતાને વશ કરી કામે લેવાનો સંકલ્પ કર્યો. અડધી રાત્રે, પથારીમાં બેસીને, તાવથી ધખતા દેહે તેઓ લખતા. સાહિત્ય ઉપરાંત આયુર્વેદ અને અધ્યાત્મનોય અભ્યાસ ચાલતો. સાથે, ક્યારેક, ઘોડિયામાં સૂતા અપૂર્વને હીંચોળવાનું કે ચિ. મેધાને ગણિત શીખવવાનું કામ પણ ચાલે.

પોતાને બ્લડ કેન્સર છે એની જાણમાત્રથી જ નબળા મનનો માણસ ભાંગી પડે ને આત્મહત્યા કરવાનું વલણ ધરાવે. કેટલાક ચમત્કારોમાં, બાધા-આખડીમાં અને અંધશ્રદ્ધામાં આશરો શોધવા લાગે, તો કેટલાક, અધ્યાત્મ તરફ, 'મુક્તિ' તરફ ઢળવા લાગે; પણ એમાં અધ્યાત્મ કરતાં તો વધુ ભાગેડુવૃત્તિ કામ કરતી હોય. માત્ર મરણની બીકને કારણે આધ્યાત્મિક બની જતા, પૂજા-પાઠ-સેવા-જપ-ધ્યાન વગેરે કરવા માંડતા ઘણાબધા હશે; પણ અનિરુદ્ધભાઈએ બ્લડ કેન્સરની જાણ પછી, ગીતા, ઉપનિષદ્ ઉપરાંત જગતના અન્ય ધર્મો વિશે સઘન અભ્યાસ કર્યો અને સાચા અર્થમાં તેઓ આધ્યાત્મિક બનતા ગયા. પૂજા-પાઠ-જપ-તપ-દેવદર્શન કશું જ તેઓ કરતા નહીં, નિશ્ચિત મરણ છતાં બાધા-આખડીયે માનતા નહીં, લાગણી કે ભાવનાઓમાં તણાઈ જવાને બદલે સ્વસ્થ રહીને બુદ્ધિપૂર્વક સમજપૂર્વક કામ કર્યે જતા. આમ તેઓ ગીતાના અર્થમાં કર્મયોગી બની રહ્યા.

લ્યૂકેમિયા થયા પછી એમની કવિતાય નવા રૂપ-રંગ-તેજે પ્રકટવા લાગી. સર્જકતાની શગ જાણે મરણે સંકોરી. વિવેચન-સંપાદનની સાથે કવિતા-વાર્તા ને ચરિત્રનિબંધ પણ ચાલ્યાં.

એમના 'અવાશે' કાવ્યમાં લોહીના કેન્સરની પીડા આમ પ્રકટે છે–

'મારી શિરાઓમાં અસંખ્ય શ્વેત અશ્વો
ખરી પછાડતા હણહણતા રણે ચડ્યા છે'

('કિમપિ' પૃ. ૧૧)

અને આ જ કાવ્યના અંતે કવિ કેવી તો સ્વસ્થતાથી સમજપૂર્વક કહે છે–

'એકાદ વહાણ ભૂલું પડે તો ધ્રુવના તારાને જાળવી લેજે, હોં !
ના, ન અવાય મારી પાછળ પાછળ.' (પૃ. ૧૨)

'મૃત્યુને' કવિતામાં કવિ મૃત્યુને કહે છે,

'ચાલ, આપણે ફરવા જઈએ-
ફરીને વિરમવા જઈએ.' (પૃ. ૨૦)

અનિરુદ્ધભાઈનો કાવ્યસંગ્રહ 'કિમપિ', ચરિત્રનિબંધોનો સંગ્રહ 'નામરૂપ', ટૂંકી વાર્તાઓનો સંગ્રહ 'અજાણ્યું સ્ટેશન', ઉપનિષદનાં સૂત્રોમાંથી કેટલાંક સૂત્રો પસંદ કરી સરળ, સુબોધ અને પ્રવાહી ભાષામાં એમણે 'પાર્થ'ના ઉપનામે 'અખંડ આનંદ'માં લેખમાળા લખેલી તેનો સંગ્રહ 'ઋષિવાણી' - આ બધું સર્જન-

લેખન એમણે લ્યૂકેમિયા થયા પછીનાં અંતિમ વર્ષોમાં કર્યું ! આધુનિકતાના ઊંડા અભ્યાસી છતાં એમણે આધુનિક, પ્રયોગાત્મક કે દુર્બોધ કશું લખવાને બદલે, જેના કેન્દ્રમાં 'જીવન' અને 'માણસ' હોય એવી વાર્તાઓ અને ચરિત્રનિબંધો સરળ, સહજ, સુબોધ અને રસળતી ભાષામાં લખ્યા.

આ વરસોમાં તેઓ વારંવાર પથારીવશ રહેવા છતાં, પરિવારની ઝીણી ઝીણી રોજિંદી જરૂરિયાતો, નવા મકાનની અંદરની સગવડો અને આંગણમાં ફૂલ-છોડ રોપવા જેવી બાબતોથી માંડીને કુટુંબની ભાવિ સલામતીને લગતી ગંભીર બાબતોમાં પ્રવૃત્ત રહ્યા. ત્રણ નાના બાળકો, યુવાન પત્ની અને વૃદ્ધ માતાની જવાબદારી ધરાવતો એક સાધારણસ્થિતિનો કેન્સરગ્રસ્ત માણસ છ-છ વરસ જરીકે ભાંગી પડ્યા વિના, કશી જ વ્યગ્રતા વિના, કશી જ હતાશા વિના, કશી જ લાચારી વિના ક્ષણેક્ષણ સ્વધર્મ બજાવતો રહ્યો, છેલ્લા દિવસ સુધી કર્મ કરતો રહ્યો ને ગીતાને જીવતો રહ્યો... ભલભલા મહારથીઓને આનાથી ઓછી કઠોર કસોટીમાંય ભાંગી પડતા ક્યાં નથી જોયા આપણે ? આથી જ તો અનિરુદ્ધભાઈ માટે મસ્તક આદરથી ઢળ્યા વિના રહેતું નથી.

છેલ્લાં ૭ વરસોમાં એમણે મરણ સાથે લડતાં લડતાંય કેટકેટલું કામ કર્યું ! ક્ષણેક્ષણનો હિસાબ આપ્યો. તેમને બાની ખૂબ ચિંતા હતી. ઘણીવાર તેઓ કહેતા, 'બાને હજી આ રોગની ગંભીરતાનો ખ્યાલ નથી.' તેઓ બાને કંઈ જ કહી શકતા નહીં પણ અંદરથી ઇચ્છતા કે બાનેય રોગની ગંભીરતાનો ખ્યાલ હોય, આવનારા મરણના આઘાત માટે બા પણ તૈયાર રહે.

તેઓ હંમેશાં મોતના પડછાયાને ઊંડે ઊંડે ધરબી રાખે પણ ક્યારેક એમની આંખોમાં મોતના પડછાયાને હલબલતો મેં જોયો છે. અત્યંત ગંભીર થઈ જાય. ખાસ્સીવાર સુધી અમે બંને ચૂપચાપ બેસી રહીએ. પછી તેઓ મૌન તોડે–

'બાળકો ક્યારે મોટાં થઈ જશે ? અપૂર્વ થોડો મોટો થઈ જાય પછી વાંધો નહીં.'

આ જ વેદના એમની 'ભગવાન' શીર્ષકવાળી કવિતામાં કેવી તો સૂક્ષ્મતાથી, નર્મમર્મ સાથે પ્રકટી છે !–

આ કવિતામાં કવિ ભગવાનને કહે છે, 'મેં ક્યાં કશુંય ઇચ્છયું'તું તારી પાસે ? ક્યાં કશુંય મેં માગ્યું'તું તારી પાસે ?' છતાંય ભગવાને બધું... બધું જ આપ્યું છે એની વાત કરીને પછી અંતિમ પંક્તિમાં કહે છે–

''ના, મારે કશુંય ન જોઈએ, ભગવાન !

હા, કોઈ શિશુની આંગળી પકડી એને ઓળંગાવી દઉં રસ્તો

ને હસીને મને કહી દે 'આવજો...' '' ('કિમપિ' પૃ. ૩૫)

કરવાનાં કામો અને બાકી રહેલા સમય અંગે તેઓ પૂરા સભાન હતા. ડૉ. બલરને ક્યારેક પૂછી લેતા, 'હજી કેટલો સમય મળે એમ લાગે છે ?'

હાડકેહાડકું છેક અંદરથી દુઃખે. અસહ્ય પીડા થાય. હાડકાની અંદરના ભાગમાં, પોલાણમાં જે માવો હોય એ ધગધગે. છતાં નિસાસો કે વેદનાનો ઊંહકાર સુધ્ધાં નહીં.

'બા સાંભળી જાય તો ?'

રાત્રે જોર કરીને કફ કાઢતાંય વિચારે, 'બા કે નલિની જાગી જશે તો ?' રોગ રોજેરોજ આગળ વધતો જતો હતો અને એમની ઇન્દ્રિયોને ધીરે ધીરે હડપવા લાગ્યો હતો. બધીયે ઇન્દ્રિયો ક્ષીણ અને અતિ ક્ષીણ થતી જતી હતી. મરણ નજીક ને નજીક આવતું જતું હતું. વાળ આછા અને સાવ સફેદ થઈ ગયેલા. ચામડીનો રંગ બદલાઈ ગયેલો. લોહીમાં શ્વેતકણોની સંખ્યા સખત વધી ગયેલી. હાડકેહાડકાના પોલાણમાં, જ્યાં શ્વેતકણો ઉત્પન્ન થાય છે ત્યાં અસહ્ય-ભયંકર પીડા થતી હતી. આંખોનું તેજ સાવ ઝાંખું થઈ ગયેલું. કાનેય હવે બરાબર સંભળાતું નથી. હોલવાતી જતી શગ સંકોરીએ એમ તેઓ આત્મબળે ઇન્દ્રિયોને સંકોરવા મથતા. હજી આ ઇન્દ્રિયો પાસેથી કેટલું કામ લઈ શકાશે એનુંય ગણિત માંડતા. બીજી ઇન્દ્રિયોના પ્રમાણમાં અવાજ હજી સાવ ક્ષીણ નહોતો થયો, અવાજ હજી સારો હતો છતાં તેઓ કહેતા–

'મારો અવાજ હવે પહેલા જેવો રહ્યો નથી.'

ને એમની એક કાવ્યપંક્તિ મારા મનમાં રણકી ઊઠતી–

'મારી રૂપેરી વાણી,

ન છોડી દઈશ તારું લય-નર્તન,

શબ્દ કોઈ નવા લયે નિઃસમયમાં તરે પણ ખરો.'

શરીરમાં શક્તિ તો જરીકે રહી નહોતી. માત્ર પ્રબળ આત્મબળના કારણે ટકી રહેલા ને ટકી રહેવાના સંકલ્પપૂર્વક કહેતા–

'એમ તો હું હજી મચક આપું એવો નથી.'

૩૧મી જુલાઈ, ૧૯૮૧નો દિવસ એમના માટે છેલ્લો હતો. તા. ૨૬-૨૭ જુલાઈએ તો હું એમની સાથે હતો. મરણ હવે અત્યંત નજીક છે એ તેઓ પામી ગયેલા. ૨૭મી જુલાઈએ મને કહેલું–

'હવે હું નહીં હોઉં, યોગેશ... ભોગીભાઈને કાગળ લખી દો, અહીં આવી જાય. બધું એમને સોંપીને જઉં.'

'તમે બોલો છો પણ મને બરાબર સંભળાતું નથી...'

'શરીર ભાંગી ગયું છે, પણ મારું મગજ ખૂબ ચાલે છે, મારા મગજમાં તમરાં બોલે છે.'

'એક સંતે કહેલું, ઑક્ટોબર સુધી ભારે છે... ના, એવું કશું તો નહીં થાય... એમ તો હું હજી મચક આપું એવો નથી.'

(અનુસંધાન પૃષ્ઠ ૩૨૨ પર)

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

બેલેન્ટાઈનની હવેલી

તા. ૧૭-૧૨-૭૮. અમદાવાદની ટ્યુટોરીઅલ હાઈ સ્કૂલ ઓળખવા જેવી છે. ઈ.સ. ૧૯૧૫માં આ શાળા શરૂ થઈ ત્યારે ચી. ન. વિદ્યાવિહાર કે શારદામંદિરની કક્ષાની; ઉચ્ચતર મધ્યમ વર્ગનાં ભણેલાં-ગણેલાં કુટુમ્બમાંથી આવતાં બાળકોની શાળા હતી. પણ કાળક્રમે શહેરનો વિકાસ થતાં શહેરનો ભદ્ર વર્ગ નદીપાર વસવા ચાલ્યો ગયો અને ધીરેધીરે તેમનાં બાળકો નદીપારની આધુનિક શાળાઓમાં ભણવા લાગ્યાં. પણ રોજેરોજની મહેનત કરીને પેટિયું રળનારો વર્ગ તો શહેરમાં કોટની અંદરના ભાગમાં જ રહ્યો. એટલે હવે ૧૯૭૮માં આ શાળા આવા લોકોનાં બાળકો માટેની શાળા થઈ ગઈ છે.

ત્રણ દરવાજેથી શહેરમાં દાખલ થાઓ એટલે થોડે દૂર જમણી બાજુ એક મોટો ડેલો આવે. તે આ શાળાનું પ્રવેશદ્વાર છે. ડેલામાં દાખલ થઈ અંદર જાઓ એટલે ૧૦૦ ફૂટ × ૩૦ ફૂટનો એક વિશાળ ચોક આવે. આ ચોકની ચારે તરફ પહોળી લોબી ઉપર ઓરડાની હાર ધરાવતા ત્રણ માળ. તમને ખ્યાલ ન આવે કે ત્રણ દરવાજાના ગીચ વિસ્તારમાં ૪૦ ઓરડા ધરાવતું તથા વચ્ચે ૧૫૦૦ વિદ્યાર્થી બેસી શકે તેવી ખુલ્લી જગ્યા ધરાવતું આ મોટું મકાન હશે અને એક વાર ડેલામાં દાખલ થાઓ એટલે શહેરનો બધો ઘોંઘાટ બહાર રહી જાય તેવી મકાનની બાંધણી.

શાળાના આ મકાનનું નામ છે બેલેન્ટાઈનની હવેલી. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ તેની અમદાવાદની ઓફિસ માટે તથા ઓફિસરોના નિવાસ માટે આ હવેલી બાંધી હતી. બેલેન્ટાઈનની હવેલી તો તે પાછળથી કહેવાઈ. કંપની પાસેથી તે મકાન ગાયકવાડના સૂબા પાસે આવ્યું. ૧૮૫૭ના બળવામાં ભાગ લેવા માટે ગાયકવાડના ભત્રીજા ઉપર અંગ્રેજ સરકારે કેસ માંડ્યો. તેના બચાવ માટે વકીલ રોકવા ગાયકવાડે ખૂબ દોડધામ કરી પણ તાજની સામે વકીલાત કરવા કોઈ ભારતીય કે ગોરો વકીલ તૈયાર ન થયો. ગાયકવાડે ઇંગ્લન્ડમાં કાસદ મોકલ્યો. ત્યાં પણ કોઈ તૈયાર ન થયું. છેવટે બેલેન્ટાઈન નામના તે વખતના પાર્લામેન્ટના સભ્યના પુત્ર પાસે ગયો. પુત્ર બારિસ્ટર હતો. તેણે પહેલાં તો ના પાડી. કાસદ નાસીપાસ થઈ ઊઠ્યો. પણ પેલા કેસના કાગળો બેલેન્ટાઈનના ટેબલ ઉપર રહી ગયા. બીજે દિવસે વકીલે તે કાગળો જોયા, સાહજિક જિજ્ઞાસાથી તેણે તે વાંચ્યા અને તેને થયું કે આ તો નિર્દોષ માણસ નાહક માર્યો જાય છે. તેણે સામે ચાલીને ગાયકવાડને કહેવરાવ્યું કે તે તેમનો કેસ લડશે અને છેવટે તે કેસ જીત્યો પણ ખરો. કૃતજ્ઞ ગાયકવાડે આ હવેલીને બેલેન્ટાઈનની હવેલી નામ આપ્યું. પછી તો હવેલી વેચાઈ ગઈ અને હાલના માલિકો પાસેથી બે વર્ષ ઉપર જ શાળાએ ખરીદી લીધી છે! અને આજે એ હવેલીમાં વ્યવસાયી વર્ગનાં બાળકો ભણે છે!

આઈન્સ્ટાઈન શતાબ્દી

તા. ૩-૨-૭૯. આજે સવારે ૧૧-૩૦ વાગે આઈન્સ્ટાઈન શતાબ્દી અંગેનો આંતરરાષ્ટ્રિય પરિસંવાદ પૂરો થયો. અમદાવાદને ખબર પડી કે શતાબ્દી ઉજવવા જેવો કોઈ આઈન્સ્ટાઈન નામનો માણસ થઈ ગયો ! પરિસંવાદનું પ્રથમ પ્રવચન ગયા સોમવારે પ્રોફેસર વી. વી. નારલીકરે આપ્યું. (અત્યારે જાણીતા પ્રો. જે. વી. નારલીકરના તે પિતા અને મારા ગુરુ તે આ પ્રો. વી. વી. નારલીકર) બીજે દિવસે ગુજરાતી છાપામાં પહેલે પાને કાળી ટોપી પહેરેલા નારલીકરદાદાનો મોટો ફોટો હતો અને નીચે ત્રણ લાઈન ભરીને જે લખાણ હતું તે સાચું માનીએ તો ઘણી ગરબડ ઊભી થાય. તે લખાણ પ્રમાણે આઈન્સ્ટાઈન કરતાં નારલીકરદાદા તો ઘણાં આગળ નીકળી ગયા હતા અને તે માટે તેમને નોબેલ પ્રાઈઝ પણ મળ્યું હતું અને છતાં કાળી ટોપી પહેરેલા કેવા વિનમ્ર માણસ ! તે છાપાં માટે વી. વી. નારલીકર અને જે. વી. નારલીકર બન્ને સરખા અને જે. વી.ને ભારત સરકારે પદ્મશ્રીનો ખિતાબ આપ્યો તે વી. વી.ને નોબેલ પ્રાઈઝ આપ્યા બરાબર જ ગણાયને!! આખા લખાણમાં એક જ વાત સાચી હતી : 'કાળી ટોપી પહેરેલા કેવા વિનમ્ર.' જોકે છાપાના ફોટોગ્રાફર કરતાં તંત્રી વધુ સમજુ હતા. તેમણે અમને જ કહ્યું કે, તમે જ નારલીકરનાં વ્યાખ્યાનની ગુજરાતીમાં નોંધ બનાવી આપો. એટલે પછી સમાચાર બરાબર છપાયા.

પરિસંવાદમાં અમે આમંત્રણ આપીને ભાગ લેનાર નક્કી કર્યા હતા. તેથી મેળો ન થતાં વૈજ્ઞાનિક રીતે ફળદાયી કાર્યક્રમ થયો હતો. અમેરિકા, કેનેડા, બેલ્જિયમ, ફ્રાન્સ, ઇંગ્લન્ડ, જર્મની, રૂમાનીઆથી ૧૬ વિજ્ઞાનીઓને પસંદ કર્યા હતા અને ભારતના લગભગ ૨૦૦.

જર્મનીના મેક્સ પ્લાંક ઇન્સ્ટિટ્યૂટથી જ્યુડિથ પેરી નામની બહેન આવી હતી. તેણે પરિસંવાદના છયે દિવસોએ ભારતીય સાડી-બ્લાઉઝ પહેર્યાં હતાં. એક દિવસ સાંજે ચા-પાણીના કાર્યક્રમમાં મારાં પત્ની આવ્યાં હતાં. તે પણ જ્યુડિથની સાડી પહેરવાની પરફેક્ટ રીતથી ખુશ થઈ ગયાં હતાં. એક દિવસ જ્યુડિથ મને કહે - આ બીજા ભારતીયો તો યુરોપીયન પોશાક પહેરે છે. પુરુષોમાં તમે એક જ ભારતીય પોશાક પહેરો છો. આવા એક પોશાકની જોડી ખરીદવી છે, ક્યાં મળશે? અને કફની-લેંઘાની જોડ ખરીદવા

ખાદીભંડાર લઈ જવાની મેં વ્યવસ્થા કરી આપી.

અમારા આવા પરિસંવાદોમાં એક નવો રિવાજ છે. છેલ્લે દિવસે આખા પરિસંવાદનું એક જણ વિહંગાવલોકન કરે. આજે આ કામ પ્રોફેસર રાયચૌધરીને સોંપ્યું હતું. તેમણે એક સરસ રસ્તો લીધો. આઈન્સ્ટાઈન આ પરિસંવાદમાં હાજર હોત તો તેના શા પ્રતિભાવ પડત તેનું તેણે રોચક ભાષામાં વર્ણન કર્યું અને છેવટે આઈન્સ્ટાઈન એવા અભિપ્રાય ઉપર આવ્યો કે 'હવે મારે આવા પરિસંવાદમાં ન જવું. ઘણીખરી વાતોમાં મને ઝાઝી સમજણ નથી પડતી. સ્વર્ગમાં બેસી રહેવું સારું.'

ભારતીય રાજકારણના આપણા વડીલો આવું સમજે તો કેટલો બધો ફેર પડી જાય!

આદિવાસી વસ્તી વચ્ચે કૉલેજ

તા. ૮-૧-૭૯. ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી ૧૫૬ કૉલેજો છે. વાઈસ ચેન્સેલરની મુદત ૩ વર્ષની. વર્ષમાં અઠવાડીઆં બાવન, પણ તેમાં બાર અઠવાડીઆં તો વૅકેશનનાં એટલે બાકી ૪૦ રહ્યાં. ત્રણ વર્ષનાં ૧૨૦ અઠવાડીયાં, પણ કોલેજ ૧૫૬. તેથી દર અઠવાડીએ એક-બે કૉલેજમાં જવાનું રાખું તો ત્રણ વર્ષમાં દરેક કૉલેજમાં એકાદવાર જવાય. આમ, દર અઠવાડીએ એકાદ કૉલેજમાં જવાનું રાખું જ છું. તે મુજબ આજે દેવગઢ-બારીઆની આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં ગયો હતો.

પંચમહાલ જિલ્લો અને મધ્યપ્રદેશ રાજ્યની સરહદ ઉપર દેવગઢબારીઆનું નાનકડું રજવાડું હતું. તેનું મુખ્ય શહેર પણ એ જ નામનું. વિસ્તાર આદિવાસી એટલે તે મુખ્ય શહેર ભલે કહેવાય પણ તેની વસ્તી પંદર હજારની જ. ભારતની વસ્તીને હિસાબે આ બહુ નાની વસ્તી કહેવાય. ગામને ફરતે ડુંગરા આવેલા છે અને એવા ડુંગરાની તળેટીમાં કૉલેજ છે. કૉલેજ નહીં, રાજાનો દરબારગઢ અને મહેલ છે. પણ રજવાડાં તો રહ્યાં નહીં. તેથી હવે તે મકાનોમાં કૉલેજ બેસે છે.

કૉલેજના ૬૫૦ વિદ્યાર્થીઓમાંથી અડધોઅડધ આદિવાસી. આ આદિવાસી વિદ્યાર્થીઓ બધા જ હોસ્ટેલમાં રહે છે. હાથે રસોઈ બનાવી જમે છે અને નવરાશને સમયે ગામમાં કે ખેતરમાં મજૂરીએ જાય છે. અલબત્ત, હોસ્ટેલમાં રહેવા માટે કોઈ ફી આપવી નથી પડતી. આવા લગભગ ત્રણ સો વિદ્યાર્થીઓ છે.

દેખીતી રીતે જ આ કોલેજમાં ખેલ-કૂદનું ધોરણ ઘણું ઊંચું છે. યુનિવર્સિટીની કુલ વિદ્યાર્થીની સંખ્યા તો ૧ લાખ ઉપર. પણ તેમાં ૬૦૦ વિદ્યાર્થીઓની સંખ્યાવાળી આ કોલેજ દર બે કે ત્રણ વર્ષે વ્યક્તિગત ચેમ્પિયનશિપ લઈ જાય. આ વર્ષે આ કોલેજના વિદ્યાર્થીએ ૧૦,૦૦૦ મીટર દોડનો રેકૉર્ડ તોડ્યો !

હું વાર્ષિકદિનના ઈનામ-વિતરણ માટે ગયો હતો. કાર્યક્રમ પૂરો થયા પછી ૭ આદિવાસી વિદ્યાર્થીઓએ ખુલ્લા મેદાનમાં નૃત્ય કર્યું. શહેરની કૉલેજોના યુથફેસ્ટિવલમાં સમૂહ-નૃત્ય કાર્યક્રમ દરમિયાન વીજળીના ઝળહળાટ વચ્ચે, બજારમાંથી ભાડે આણેલાં કપડાં પહેરી શહેરી યુવક-યુવતીઓને આદિવાસી નૃત્યો કરતાં તો ઘણીવાર જોયાં છે, પણ આ તો પોતાનાં ગામમાં જેવી રીતે નૃત્ય થાય છે તેવી રીતે, ગામથી આણેલો ઢોલ, નાનું નગારું તથા કાંસાની થાળીને તાલે આ છોકરાઓએ ખુલ્લા મેદાનમાં નૃત્ય કર્યું - ખરા રંગમાં આવીને નાચ્યા! અલબત્ત, આ આદિવાસી છોકરા પણ કોલેજમાં તો પેન્ટ અને બુશ-શર્ટ પહેરે છે અને નૃત્યમાં તો રંગીન લૂંગીનો કાછડો મારવો જોઈએ. બે-ત્રણ છોકરા તો કદાચ ઘેરથી સાથે લૂંગી લાવ્યા હશે. બાકીના છોકરાઓએ રંગીન ટેબલક્લોથ કે બેડસ્પ્રેડ (ઓછાડ)નો કાછડો માર્યો હતો !

ડુંગરમાં અને જંગલમાં વસતી આ ગરીબ પ્રજાના યુવાનોને ખેતીવાડી. ઈજનેરી કે એવી કોઈ લાઈનનો અભરખો નથી. સરકારી નોકરોએ અત્યાર સુધી તેમને દબાવ્યા છે અને તેમના ઉપર દાદાગીરી કરી છે એટલે તેમને તો સરકારી ઑફિસર જ થવું છે. ઘણાખરા આદિવાસી વિદ્યાર્થીઓ બી.એ. થવા આર્ટ્સમાં જાય છે. મજૂરી કરીને કમાણી કરતાં કરતાં ભણવામાં આર્ટ્સ વધુ ફાવે તે પણ કારણ ખરું ! .

પૌરુષભર્યા વ્યવસાયમાં ગુજરાતી બહેનો

તા. ૨૨-૧૨-૭૭. આજે દિલ્હીમાં એક ગણિતની વિદ્યાર્થિની મળી ગઈ. તેનો બાપ કોન્ટ્રાક્ટર છે. હાઈડ્રો-ઈલેક્ટ્રિક પાવર હાઉસ માટે ડુંગરોમાં ટનેલો ખોદવી, પાણી વહાવવું અને વીજળી ઉત્પાદન માટે મશીન ગોઠવવાના કોન્ટ્રાક્ટરનું કામ કરે છે, અને ખૂબી એ છે કે આ Manly (પુરુષોના) કામમાં બાપને તેની બે દીકરીઓ મદદ કરે છે. એટલી હદ સુધી કે અત્યારે તેઓ પાસે બૅંગકોકનું કામ છે, એટલે બાપ તો બૅંગકોક રહે છે અને દક્ષિણ ભારતમાં કરોડ રૂપિયાનું કોન્ટ્રાક્ટકામ આ બે બહેનો સંભાળે છે. નાની બહેને M.Sc. ગણિત સાથે કર્યું છે અને તે બાપની ઑફિસ સંભાળે છે. મોટી બહેન કેમેસ્ટ્રી સાથે M.Sc, થઈ છે. ડુંગરોમાં ટનેલો ખોદાતી હોય ત્યારે દેખરેખ રાખે છે અને નકશા પ્રમાણે કામ થાય તેનું ધ્યાન રાખે છે, રીતસર ડુંગરોમાં મજૂર કારીગર સાથે કામમાં દિવસો ને દિવસો વિતાવે છે.

આ વિદ્યાર્થિનીને મળીને મને તો ખૂબ આનંદ થયો. રશિયામાં બહેનો દરેક જાતના વ્યવસાયમાં ભાગ લે છે તેમ વાંચ્યું હતું, પણ ગુજરાતી વાણિયાની દીકરીઓ પણ તેમ કરી શકે છે એટલું જ નહીં, પણ સફળતાથી મા-બાપના સહકારમાં કામ કરે છે તે તો છાપામાં નોંધવા જેવી વાત ગણાય.

તા. ૮-૪-૭૯. અને આજે આવી જ એક બીજી બહેનની વાત વાંચી. આ બહેન પણ ગુજરાતી છે-ભાનુબહેન પારેખ.

(અનુસંધાન પૃ. ૨૯૬ પર)

ઈતિહાસધારા

અશોક હર્ષ



માત્ર નાણાંભૂખ સંતોષવાને આ દેશમાં ધામા નાખનાર ઇસ્ટ ઇન્ડિયા કંપનીમાં ધીમેધીમે પ્રદેશભૂખ જાગતી ગઈ. ભૌગોલિક નજરે કાશીનું રાજ્ય આજથી બસો વર્ષ પહેલાં એક મહાન રાજ્ય ગણાતું હોઈને બ્રિટિશ પાર્લામેન્ટમાં એ ચર્ચા શરૂ થઈ કે જો એ રાજ્ય અંગ્રેજોના કબજામાં આવે તો કંપનીની નાણાંસ્થિતિ સદ્ધર બની વેપાર પણ સારાં પ્રમાણમાં ખીલે. પરિણામે તે વખતના ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્સે આ રાજનીતિને અમલમાં મૂકવા સૌપ્રથમ તો કાશીનરેશ ચૈતસિંહ પાસેથી મોટી રકમની માગણી કરી.

અંગ્રેજોની મકસદ પૂરેપૂરી સમજી ગયેલા ચૈતસિંહે હેસ્ટિંગ્સે માગેલી રકમ આપવાનો તો ઇનકાર કરી દીધો, એટલું જ નહીં, પરંતુ અંગ્રેજોને આ દેશમાંથી હાંકી કાઢવા મરાઠાઓ સાથે વાટાઘાટો શરૂ કરી. હેસ્ટિંગ્સને આની જાણ થતાં ઈ.સ. ૧૭૮૯ના ઑગસ્ટની ૧૪મીએ ગંગાનદીના જળમાર્ગે મોટા સૈન્ય સાથે કાશી આવી પહોંચ્યો અને ત્યાંના કબીરચોરામાં આવેલા 'માધવદાસના બાગ'માં પડાવ નાખ્યો. કહેવાય છે કે ચૈતસિંહે પોતાના દરબારમાંથી હાંકી કાઢેલા ઔસાનસિંહ નામના દરબારીએ હેસ્ટિંગ્સ સાથે મળી આ ષડ્યંત્ર યોજેલું, જેના બદલામાં પાછળથી તેને 'રાજા'ની ઉપાધિ આપવામાં આવેલી.

કાશી પહોંચીને હેસ્ટિંગ્સે એક અંગ્રેજ અધિકારી માર્કહામને રાજા ચૈતસિંહ પર એક પત્ર સાથે તેના દરબારમાં મોકલી આપ્યો, જેમાં તેના પર દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢવાના કાવતરાનો આરોપ મૂકવામાં આવ્યો. તા. ૧૫મી ઑગસ્ટનો આખો દિવસ આ અંગેના સામસામા પત્રવ્યવહારમાં વીત્યો. તા. ૧૬મી ઑગસ્ટનો દિવસ શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારનો દિવસ હોઈને કાશીનરેશ રામનગરનો કિલ્લો છોડી શહેર મધ્યે આવેલા શિવમંદિરમાં શિવપૂજન અર્થે ઊપડી ગયા. એ પાછા ફર્યા ત્યાં તો અંગ્રેજ સેના કિલ્લામાં ઘૂસવા આવી પહોંચી. કાશીનરેશના સૈનિકોએ આ કારી ફાવવા ન દેતાં અંગ્રેજ રેસિડન્ટે બે-ત્રણ અકિરીઓ સાથે રૂબરૂ વાતચીતની રજા માગી. ચૈતસિંહે તે માટે રજા આપી, પરંતુ કિલ્લામાં પ્રવેશ્યા બાદ એક અંગ્રેજ અધિકારીએ ચૈતસિંહ પર જ પોતાની બંદૂકનું નિશાન તાક્યું, પણ તે બંદૂકનો ઘોડો દબાવે એ પહેલાં તો બાબુ નન્હકૂસિંહે તલવારના એક જ ઝટકે તેનું માથું ધડ પરથી ઉડાવી દીધું. ઝપાઝપીમાં ઘાયલ અંગ્રેજ અધિકારીઓ લોહીથી લથબથ નાસવા લાગ્યા કે કાશીના સૈનિકોને કાવતરાની ગંધ આવતાં તે અંગ્રેજો પર તૂટી પડ્યા અને અંગ્રેજ અફસરો સહિત બસોથીયે વધુ સૈનિકોને ત્યાં પૂરા કરી નાખ્યા.

આ ઘટના પછી ચૈતસિંહના દીવાન બાબુ મનિયારસિંહે ખુદ હેસ્ટિંગ્સની ધરપકડ કરવાની સલાહ તેને આપી, પરંતુ બક્ષી સદાનંદે એવું ન કરવા સલાહ આપી. પણ હેસ્ટિંગ્સને પોતાની ધરપકડનો એવો ભય લાગ્યો કે માધવદાસના બાગના માલિક પં. બેનીરામ પાસેથી પોતાને ચુનાર પહોંચાડી દેવાને સહાય માગી અને તા. ૧૭મી ઑગસ્ટને મંગળવારે તે સ્ત્રીના વેશમાં ચુનાર નાસી છૂટ્યો.

રાજા ચૈતસિંહે બક્ષી સદાનંદની સલાહ ન માનીને હેસ્ટિંગ્સની એ વખતે ધરપકડ કરી હોત તો ભારતનો ઇતિહાસ જુદો જ હોત. હેસ્ટિંગ્સના નાસી છૂટવા પર આજે પણ લોકજીભે આ પંક્તિઓ સાંભળવા મળે છે કે—

'હાથી પર હૌદા, ઘોડે પર જીન;
ચુપકે સે ભાગા વૉરન હેસ્ટીન.'

●

આર્કટના કિલ્લામાં મરણપથારીએ પડેલા મ્હૈસુરના સિંહ હૈદરઅલીનો જીવ કેમે કરી નીકળતો નહોતો. પડખે જ બેઠેલો અઢાર વર્ષનો તેનો પુત્ર ટીપુ પિતાની આ સ્થિતિ જોઈ બોલ્યો, 'પિતાજી, આ ઘડીએ બધા વિચારો છોડી પાક પરવરદિગારને યાદ કરો. તમને કઈ ચિંતા સતાવી રહેલ છે ?'

'મને સતાવી રહેલ ચિંતા છે ફિરંગીઓની, જે મ્હૈસુર પર ટાંપીને બેઠા છે. એમના લોભને થોભ ન હોઈ મારી ચિંતા એ છે કે, મારા અવસાન પછી મ્હૈસુરનું રક્ષણ કોણ કરશે ?'

પિતાનું આ કથન સાંભળી ટીપુ તેનાં ચરણસ્પર્શ કરતો બોલ્યો, 'પિતાજી, આપનાં આ પવિત્ર ચરણોનાં શપથ લઈને કહું છું કે, જ્યાં સુધી મારા ખોળિયામાં જીવ હશે ત્યાં સુધી મ્હૈસુરને લગીરે આંચ આવવા નહીં દઉં.'

ટીપુની આ પ્રતિજ્ઞાના શ્રવણે હૈદરઅલીના મુખ પર સંતોષનું સ્મિત ફરકી ઊઠ્યું અને તેણે પૂરી શાંતિપૂર્વક દેહત્યાગ કર્યો.

ટીપુએ પોતાની પ્રતિજ્ઞાનું પૂરેપૂરું પાલન કર્યું અને સત્તર વરસ અંગ્રેજો સાથે લડતો રહ્યો. છેવટે લડતાંલડતાં જ યુદ્ધના મેદાનમાં વીરગતિ પામ્યો. મરતી વખતના તેના ભાવાકુલ શબ્દો આ હતા, 'હે મારા પૂર્વજોની પુણ્યભૂમિ ! મારા પિતાને આપેલું વચન યથાશક્તિ પાળીને તારા ચરણે મારા પ્રાણ ધરું છું, તારી ચરણધૂલિમાં તે સમાવી લે.' ❑

ગંગા કિનારે

કિરણ વી. મહેતા

લોકોની આવનજાવનથી ઘસાઈને કંઈક લીસા થયેલા પથ્થરોવાળાં પગથિયાં પર એ બેઠો હતો. એના ખોળામાં એક જોડી કપડાં અને રૂમાલ હતો. ગેસ્ટહાઉસથી અહીં સુધી આવતાં તો જબરો હાંફ ચડ્યો હતો એટલે પગથિયાં પર જ એ એકબાજુ બેસી પડ્યો હતો. એની આંખો ફિલ્મ ઉતારતા કેમેરાની જેમ આજુબાજુ ફરતી હતી. સામે જ, હિમાલયેથી દેશ જોવા નીકળેલા મુસાફર જેવી ગંગા વહેતી હતી. એનાં ગુલાબીવર્ણાં જળ હવે સોનલવર્ણાં બની રહ્યાં હતાં. પ્રાતઃસ્નાનમાં રત લોકો... ઘાટ પરનાં મંદિરમાં આંખો મીંચીને હૃદયના ભાવોની કથા મનોમન વાંચી રહેલાં લોકો... પાંખો ફફડાવીને દૂર સુધી જઈ અદશ્ય બની રહેલાં શ્લોકોનાં રવપંખીઓ.

એના ગળે એવો જોરનો ચટકો ભરાયો કે તરત જ એનો હાથ ગળાની પાછળ ગયો અને જંતુને પકડ્યું ને પગથિયા પર મૂક્યું. લાલ મકોડો હતો. ઉપરના ઝાડ પરથી ભાઈસાહેબ બધે જ ઝાડની શાખાઓ ફેલાયેલી છે એમ માનીને ધૂનમાંને ધૂનમાં દોડતા હશે તે પડ્યા! ને પડ્યા તો ય, મારી ડોક પર! મેં પાડ્યો હોય એમ પાછા ચટક્યા! તીખી બળતરા થઈ ગરદન પર. એણે પોતાનો ભારેખમ બૂટ નાસી જતા મકોડા પર લંબાવ્યો...

એને ભારેખમ બૂટ જ પહેરવાં ગમતાં. અવાજ પણ એનો ભારેખમ. સોળેક વર્ષનો હતો ત્યારે ઘણા વરસે આવેલાં ગોમતીમાસીએ માને કહેલું, 'આ તારા દીકરાનો અવાજ છે કંઈ ! ગળું છે કે બિલાડાનો ઘોઘરો ! ઘોઘર બિલાડા જેવો છે એનો અવાજ ! કોઈ નાના છોકરા આગળ જઈને જો આવો અવાજ કાઢે તો સાચ્ચે, છોકરું બાપડું ફડકી જ ખઈ જાય!'

એણે માસીના આ શબ્દો સાંભળ્યા હતા. પછી એકાંતમાં એણે જાતજાતના શબ્દો ઉચ્ચારીને પોતાનો અવાજ પારખવા પ્રયત્ન કરેલો. પણ એને તો કંઈ ઘોઘરાપણુ લાગ્યું નહોતું. છતાં, એક દિવસ માસીના શબ્દોની સાચા-ખોટાની પરીક્ષા થઈ જ ગયેલી.

પડોશના ઘરે, દીકરી પિયર આવી હતી. સાથે દોઢ-બે વર્ષનું બાળક. એક વખત ઓસરીમાં ગોદડી પાથરીને એની માએ એને ઊંઘાડ્યું હશે. એ કંઈક કામમાં હતી ને એ ઓસરીએ જઈ ચડેલો. બાળક નાના-નાના હાથપગ ઉલાળતું હતું અને કિલકારીઓ કરતું હતું. એ તો ખુશ થઈ ગયેલો. એણે બાળકના બંને હાથમાં આંગળીઓ આપી. તો બાળકે મજબૂત રીતે પકડી લીધી. એને મજા પડી ગઈ. એ તો આનંદમાં આવી જોડકણું ગાવા લાગ્યો :

ભાઈ મારો ડાહ્યો
તે પાટલે બેસી ન્હાયો,
પાટલો ગયો ખસી
ને ભાઈ પડ્યો હસી !

અને જોડકણું પતતાં પતતાં તો બાળક ગભરાયું હોય એમ જોર-શોરથી રડવા માંડ્યું. એ ખુદ જ ડરી ગયો. અને ત્યાંથી તરત સરકી ગયો. ત્યારથી કોઈ નાના છોકરા આગળ તે જતો નહીં. અને જતો તો પછી બોલતો નહીં.

ખુદ પોતે છોકરાનો બાપ બન્યો તો ય છોકરાને કેટલાક પ્રસંગો પછી હાથમાં લઈને રમાડતો જ નહીં. જેટલીવાર એણે છોકરાને હાથમાં લીધેલો અને વ્હાલભર્યા શબ્દો ઉચ્ચારેલા, એટ-એટલીવાર છોકરાએ ભેંકડો તાણેલો જ. જાણે બાપના હાથમાં નહીં, પણ બાઘડાના હાથમાં ન બેઠો હોય! રસોડામાંથી કે કામમાંથી પત્ની દોડી આવતી, છોકરને પોતાની પાસે લઈ લેતી.

'તમે તો... શી ખબર છોકરાને રમાડતાં જ આવડતું નથી ! જેટલીવાર હાથમાં લો છો એટલી વખત બાપડો બી જાય છે ને રડે છે ! એના કરતાં મૂંગા રહેતા હો તો' -

'હું મૂંગો રહું?' એની આંખો લાલ બની જતી. પત્ની ચૂપચાપ દીકરાને લઈને બહાર ચાલી જતી.

એને ચીડ પણ તરત જ ચડતી, અને ભાન ભૂલી ગયો હોય એવી એની ચીડ. નાનો હતો ને ગામમાં એક શેરીમાં જતાં એને કૂતરાં જોરથી ભસેલાં. એવો ચીડાયેલો તે, ગામ આખાનાં કૂતરાં સાથે રોટલાના ટુકડાને બદલે પથ્થરથી જ વાતો કરતો. વડીલોના શબ્દો ઘોળીને પી જઈ એ ઘણા દિવસ સુધી આ કામ કરતો રહેલો. પછી ક્યારેય એ ગમે ત્યાં ગામમાં જાય, એકે કૂતરાએ ભસવાની હિંમત નહિ કરેલી. એમને ય એ કોઠે પડી ગયો હતો.

સંસ્થામાં મૅનેજરની નોકરી. પણ મૅનેજરગીરી તો ઊંચા તોતિંગ અને પડવા ઝળૂંબી રહ્યા હોય એવા પહાડ જેવી ભયાવહ. સંસ્થામાં કોઈ પાંચ મિનિટ મોડું આવે કે પાંચ મિનિટ વહેલું જાય કે પછી ચાલુ કામે વાતોના તડાકા મારે તો તરત જ એ તો નોકરિયાતોને ઉધડા લઈ નાખતો.

પત્ની તો ઘરમાં એને અનુકૂળ થઈને જ રહેતી. એ બહારથી ઘરમાં આવે એટલે ચા-નાસ્તો તૈયાર જ જોઈએ. જો આ ક્રમ તૂટ્યો તો તો જાણે જ્વાળામુખી ફાટ્યો. બે-ત્રણ પ્રસંગોએ તો પત્નીના ગાલ પર એનાં આંગળાં ઊપસી આવેલાં.

દીકરો પરણ્યો. પુત્રવધૂ ઘરમાં આવી, પણ ઘરના બોઝિલ વાતાવરણમાં એણે કોઈ નવીનતા અંકુરિત થવા દીધેલી જ નહીં. નવીનતા અંકુરિત થતી જુએ ને એ -

એકવાર દીકરાએ બાપના આ સ્વભાવ સામે રીતસરનો બળવો પોકાર્યો : 'મારે આ ઘરમાં નથી રહેવું.'

'તે જતો રહે બીજે !' પથ્થર જેવા શબ્દો એણે ઉછાળેલા, 'જેને આ ઘરમાં મારી આજ્ઞા ન માનવી હોય, મારા શબ્દો ન ગણકારવા હોય તેનું આ ઘરમાં કોઈ સ્થાન નથી.'

પત્ની ચોધાર આંસુએ રડેલી.

દીકરો અને એની વહુ અલગ, ભાડે રહેવા જતાં રહ્યાં.

એક દિવસ, એનો રોષ ભભૂક્યો જ હતો ને પત્નીએ રડતાં-રડતાં દાંત ભીંસીને હિંમતથી કહી નાખ્યું 'એકનો એક દીકરો ભગવાને આપ્યો છે એ ય તમારા ચીડિયા, ક્રોધી સ્વભાવને કારણે એની વહુ સાથે અલગ રહેવા જતો રહ્યો ! એક જ દીકરો ને તો ય માબાપ ને દીકરાનું કુટુંબ અલગ રહે! મેં તો જીવનભર તમારાં છણકા, મ્હેણાં, ગુસ્સો સહન કર્યાં, તો ય આ જીવતરમાં ઠરતર ન આવી. માણસરૂપે રાક્ષસ છો તમે!'

સટ્ટાક કરતો એક તમાચો પત્નીના ગાલ પર લાલ નિશાન મૂકતો ગયેલો : 'તો તું પણ તારા દીકરા સાથે જઈને રહે. મારે તારી પણ જરૂર નથી. તારે ય જો મારી અવહેલના કરવાની હોય તો આ ઘરમાં તારી એ ઇચ્છાનું કે તારું કોઈ સ્થાન નથી !'

'રહેજો એકલા.' કહીને પત્ની પણ દીકરાના પરિવાર સાથે રહેવા જતી રહેલી. પૌત્રજન્મના સમાચાર સાંભળીને પણ એ દીકરાના ઘરે મળવા ગયેલો નહિ. દીકરાએ સમાચાર આપવા આવવાનું સાહસ ખેડલું : 'બાપુજી, દીકરો, આવ્યો ! તમે દાદા-'

પણ એના શબ્દોએ લાવારસની જેમ ભાવનાઓ જલાવી દીધી હતી, 'તેં તો કહ્યું હતું ને કે આ ઘરમાં નથી રહેવું. તો પછી આ ઘરમાં રહેનાર સાથે તારો શો સંબંધ ?' દીકરો સમસમીને તે જ ક્ષણે પાછો ગયેલો.

આખરે એ નિવૃત્ત થયો. એકલતા ધીરે ધીરે ચટકા ભરવા લાગેલી.

એકવાર એને ગંગાએ જવાની ઇચ્છા થઈ આવી. નાનપણથી જ નદીમાં ન્હાવું એને પ્રિય. નદીમાં ન્હાવા પડતો તો પછી ભેંસની જેમ પાણીમાંથી બહાર નીકળવાનું નામ જ ન લેતો. નદીમાં ક્યાંક કાચબા ઝપટમાં આવી જાય તો ઉપાડીને સીધા ફેંકતો કિનારે ! એને આનંદ આવતો. કાલે મોડી રાતે એ અહીં આવ્યો હતો. ગેસ્ટહાઉસમાં એ ઊતર્યો હતો. ઉંમરનો થાક ટૂંકી રાતને એક જ બટકે ખાઈ ગયેલો. સવારે ઊઠીને બ્રશ કરી સીધો ગંગાઘાટ પર આવ્યો અને હાંફ ચડવાના કારણે પગથિયે બેસી પડ્યો.

મકોડો કરડ્યો અને એને ઘણું બધું યાદ આવી ગયું.

એણે આંખો ઝબકાવી. જિંદગી પણ કેવી છે ! એ હસ્યો. એ પળે એની નજર બાજુએ થઈને જઈ રહેલા એક પરિવાર પર પડી.

'પિતાજી, ચાલો સામેના મંદિરે દર્શન કરતાં જઈએ -' સુંદર સાડીમાં સજ્જ યુવતીએ એ ઘરડા દેખાતા પુરુષને કહ્યું. યુવતીનો અવાજ હવામાં ઘીના દીવાની જ્યોતની જેમ ઝગમગી ગયો.

'ચાલોને, દીકરાની ને વહુની બંનેની ઇચ્છા છે તે એમની સાથે મંદિરે દર્શન કરતાં જઈએ.' ઘરડી જણાતી સ્ત્રીએ કહ્યું.

'પણ મને થાક લાગ્યો છે.' ઘરડો પુરુષ બોલ્યો.

'અરે, થાક તો દરરોજ લાગે. હવે મંદિર ક્યાં બહુ દૂર છે ! આપણે બધાં સાથે દર્શને જઈએ એવી તક વારંવાર કયાં મળે છે !' ઘરડી સ્ત્રીએ આગ્રહ દોહરાવ્યો.

'હા પિતાજી, ચાલો.' સાથેનો યુવાન બોલ્યો.

'ચાલો ત્યારે, તમારી ઇચ્છા છે તો બધાંય સાથે જ દર્શને જઈએ.' સંતોષભર્યું સ્મિત મોતીની જેમ હવાના થાળમાં પડ્યું અને રણક્યું.

એણે કપડાં હાથમાં લીધાં. ઊભો થયો અને નીચે, ગંગા તરફ ઊતર્યો. કાંઠાની ધારે, રેતમાં કપડાં મૂક્યાં. બુશશર્ટ ઊતાર્યો અને પછી ગંગાનાં જળમાં પગ મૂક્યા.

ગંગા તો પતિતપાવની છે ! ગંગામાં ન્હાનારનાં બધાં યે પાપ ધોવાઈ જાય છે ! એ સનાતન સત્યના સ્મરણનું મેઘધનુ એના અંતરના આકાશમાં ખેંચાઈ ગયું. એ ઘણીવાર સુધી ન્હાતો રહ્યો.

ધીમે ધીમે બહાર આવ્યો. હાશ, પાપ ધોવાઈ ગયાં બધાં. પણ બહાર આવતાં જોયું તો એનું શરીર તો હતું જ નહીં! આખું શરીર ધોવાઈ ગયું ગંગામાં! એ ધ્રૂજી ગયો.

ફરીથી ગંગામાં પડ્યો. જેમ જેમ નદીકાંઠાથી દૂર એ વધતો ગયો તેમ એનું શરીર આખો આકાર ધારણ કરતું ગયું. આખરે હતો એવો ને એવો થઈ ગયો. એને હાશ થઈ. એ ન્હાતો રહ્યો. પાછો બહાર આવ્યો તો શરીર અલોપ ! ગંગા તો પાપ ધૂએ છે ને હું તો આખોને આખો ધોવાઈ જાઉં છું! માત્ર મન કાંઠે આવવા બચે છે!

એ પાછો ગંગામાં પડ્યો. પાછું શરીર પ્રાપ્ત કર્યું.

બહાર નીકળીશ તો ધોવાઈ ગયો હોઈશ પૂરેપૂરો એ બીકે એ ગંગાની બહાર નીકળ્યો જ નહીં.

કાંઠાથી ખાસે દૂર... એ શરીર સાથે પાણીમાં હતો.

દીવસ ઢળ્યો. રાત વીતી. પાણીના પ્રવાહે એના થાકેલા તનને ઘસડવા માંડ્યું. બીજા દિવસે સવારે...

ગંગાના પ્રવાહમાં દૂર દૂર તૂટેલી હોડીની જેમ એનું ફોગાયેલું શરીર તરતું આગળ ઘસડાતું જતું હતું ! ❑

પૂર્વ આફ્રિકાની પ્રજા-૫

કાલેન્જિન

ડૉ. જયકુમાર ર. શુકલ



કાલેન્જિન લોકો કેનિયાના રિફ્ટ વેલી પ્રાંતમાં વસે છે અને તેમની વસતી આશરે પંદર લાખની છે. ઈ.સ. ૧૯૫૦ના દાયકાના છેલ્લાં વરસોમાં શિક્ષિત યુવાનોએ નાન્દી ભાષા જૂથની વિવિધ જાતિઓના લોકોને 'કાલેન્જિન' નામ આપ્યું અને આ નવું સામૂહિક નામ લોકોએ સ્વીકારી લીધું. કાલેન્જિનનો અર્થ 'હું તમને કહું છું' એવો થાય છે. કાલેન્જિન એક ભાષા અને સાંસ્કૃતિક જૂથોના લોકો છે. તેમાં કેઈઓ, કિપ્સીનિસ, મારાકવેટ, નાન્દી, પોકોટ, તુગેન, સાબાઓત, તેરિક વગેરે બોલીઓ બોલતા જૂથોનો સમાવેશ થાય છે. આમાંની વધુ જાણીતી બોલીઓ કિપ્સીનિસ, નાન્દી અને પોકોટ છે. આ ઉપરાંત, બરિંગો, અલ્ગીઓ તથા મારાકવેટ જિલ્લા, માઉન્ટ એલ્ગનનો પ્રદેશ તથા કેનિયાના પશ્ચિમના પ્રાન્તની બોલીઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

કાલેન્જિનના મૂળ વતનની સ્પષ્ટ માહિતી મળતી નથી, છતાં સંભવતઃ હાલના ઇથોપિયા, સુદાન, કેનિયા તથા યુગાન્ડાની સમાન સરહદોના પ્રદેશમાં તેમના વસવાટની શરૂઆત થઈ. નાઈલ નદીના એકાદ પ્રવાહને અનુસરીને તેઓએ કેનિયામાં સ્થળાંતર કર્યું. તેઓ જંગલોની નજીક રહેવાનું પસંદ કરે છે. નાન્દી, કિપ્સીગિસ, મારાક્વેટ વગેરે જૂથો કેનિયામાં અલગઅલગ માર્ગે આવ્યાં હતાં. દુષ્કાળ, રોગચાળો, લડાઈ, ઓછી જમીન વગેરે તેમનાં સ્થળાંતરનાં વિવિધ કારણો છે. તુગેન, મારાકવેટ અને પોકો જૂથના લોકોએ ખેતી અપનાવી અને અન્ય જૂથો તેઓને અનુસર્યા.

કાલેન્જિનોએ કેનિયામાં વસવાટ કર્યો ત્યારે તેમનામાં રાજકીય એકતાનો અભાવ હતો. પંદરમી સદીની મધ્યમાં મોટાભાગે નિરાશ્રિતો તરીકે તુગેન લોકો તેમના હાલના પ્રદેશમાં આવ્યા. કાલેન્જિન મૂળ ગોપાલકો હતા. તેમાંના કેટલાક પોતાના ઢોર ગુમાવ્યા બાદ ખેતી કરવા લાગ્યા. 'ઓકિએક' પણ કાલેન્જિન ભાષા બોલે છે અને તેઓ શિકાર કરીને તથા ફળ, મૂળ ભેગાં કરીને જીવે છે. કાલેન્જિનો પોતાના કુટુંબ, કુળ તથા ટોળી પ્રમાણે ઓળખાતા. બહુપત્નીત્વના રિવાજને કારણે તેમને સાવકાં ભાઈબહેનો પણ હોય, પરંતુ તેઓ સગાં ભાઈ-બહેનો જેમ જ સંપથી રહેતાં. તેમનાં કુળનો પરિચય પિતાના પૂર્વજો પ્રમાણે અપાતો.

કાલેન્જિન સમાજમાં છોકરાઓને સુન્નત તથા છોકરીઓને ભગશિશ્નિકાલછેદન કર્યા બાદ દીક્ષા (initiation) અપાય છે.

સમાજમાં લોકોના વર્તનના કેટલાક નિયમો, ફરજો તથા અધિકારો છે અને તે નિયમોના ભંગ માટે દંડ નક્કી કરેલા છે. આ રિવાજો વ્યક્તિને તેના સમાજ સાથે જોડાયેલી રાખે છે. કાલેન્જિનના દરેક જૂથમાં દીક્ષા આપવામાં આવતી, પરંતુ પ્રત્યેક જૂથની વિધિમાં થોડો ભેદ રહેતો. આ સિવાય કાલેન્જિન જૂથોમાં ઘણી સમાનતા હતી. પોતાના કુળમાં તેઓ લગ્ન કરતાં નહીં. તેમનાં કુટુંબો પિતૃપ્રધાન છે. તેઓ મુખ્યત્વે ખેડૂતો છે અને બાજરી, ફિંગર મિલેટ (એક સાથે વધુ ડુંડીવાળી બાજરીની એક જાત) ઉગાડે છે તથા ગાયો અને ઘેટાં-બકરાં રાખે છે. બધાં કાલેન્જિન જૂથોમાં ગોપાલક પોકોટ જુદા પડે છે. તેઓ ઉત્તર બરિંગો જિલ્લામાં રહે છે. ત્યાં ખેતી કરવી લગભગ અશક્ય છે. ભૂતકાળમાં તેઓ લગભગ ભટકતું જીવન જીવતા અને ગોપાલક માસઈની માફક ખેતીને તુચ્છ ગણતા. ગાયો વિનાના પોકોટને ગરીબ ગણવામાં આવતો.

કાલેન્જિન સમાજમાં બે પ્રકારના નિયમો પ્રચલિત હતા : (૧) વ્યક્તિ અને લોકોના વર્તનને અંકુશમાં રાખતા નિયમો તથા (૨) અયોગ્ય ઠરાવેલી બાબતો માટેના નિયમોનું પાલન. આ નિયમો પ્રત્યેક વ્યક્તિને માટે બંધનકર્તા રહેતા. કોઈ વ્યક્તિ પોતાની બિરાદરીની વિરુદ્ધમાં જાય તો તેને માટે મુશ્કેલીઓ પેદા થતી હતી. ભોજન માટેના કેટલાક નિષેધોનું પાલન કરવામાં આવતું. જેમ કે માંસ અને દૂધ એક સાથે જમવામાં લઈ શકાય

નહીં. ધનિક વ્યક્તિ જંગલી પશુઓનું માંસ ખાઈ શકે નહીં. લોકોએ પરસ્પર કઈ રીતે વર્તવું તે માટેના નિશ્ચિત નિયમો હતા. ભાઈ, કાકા કે પત્ની સાથે કઈ રીતે વર્તવું તે બાળકોને શીખવવામાં આવતું. આમાંના કોઈ નિયમનું ઉલ્લંઘન કરવામાં આવે તો તે માટે સજા થતી. પોતાની ફરજ ન બજાવે કે લોકોપયોગી કાર્યમાં સહકાર ન આપે તેને વડીલો સમક્ષ રજૂ કરીને તેનો દંડ કરવામાં આવતો.

ખાનગી, કૌટુંબિક, કુળને લગતી અથવા અન્ય મહત્ત્વની બાબતો તે માટેની સમિતિ કે સભા સમક્ષ ચુકાદા માટે લાવવામાં આવતી. જૂનું દેવું, ચોરી, દંપતીની તકરારો જેવી બાબતો સભા સમક્ષ લાવવામાં આવતી. કૌટુંબિક સિવાયની તકરારોની ચર્ચા દરમિયાન અન્ય લોકો જૂથમાં પણ ભાગ લઈ શકતા. સ્ત્રીઓ ઘણુંખરું ખાસ સંજોગો સિવાય આવી બાબતો પુરુષો પર છોડી દેતી.

'સભા'માં બંને પક્ષની રજૂઆતને ધ્યાનમાં રાખીને પરંપરા અનુસાર ચુકાદો આપવામાં આવતો. કોઈ જુબાનીને ટેકો ન મળે તો પણ તેને પૂરતું મહત્ત્વ આપવામાં આવતું. કોઈ તકરારમાં કોણ સાચું કે ખોટું છે તે નક્કી કરી ન શકાય ત્યારે ખૂબ ગંભીર સોગંદ લેવરાવવામાં આવતા. તે સોગંદ લીધા બાદ ગુનેગાર ખોટી જુબાની આપે તો તેનાં ભયંકર પરિણામ આવે એમ માનવામાં આવતું. સાચો નિર્ણય કરવામાં, વડીલોને સહાયરૂપ થવા માટે ઘણા લોકો ચર્ચામાં અગત્યનો ભાગ ભજવતા. તેઓ હાલના વકીલો જેવી કામગીરી કરતા. પરંતુ તેઓ વ્યવસાયી કે વળતર આપીને રોકેલા વકીલો નહોતા. છતાં 'સભા' સમક્ષ જેનો કેસ ચાલતો હોય તેઓ ઇચ્છતા કે તેમની તરફેણમાં એવા કામના નિષ્ણાતો ભાગ લે. આવા વકીલો તેમના નિષ્પક્ષપાતપણા માટે જાણીતા હતા અને તેમનું સ્થાન પ્રતિષ્ઠિત હતું. ન્યાય આપનાર 'સભા'ઓ જુદાજુદા પ્રકારની હતી. આધુનિક સમયમાં મજૂર અદાલતો, ઔદ્યોગિક અદાલતો, દીવાની અને ફોજદારી અદાલતો હોય છે તે રીતે તે સભાઓ દાવાના પ્રકાર પ્રમાણે અલગઅલગ રાખવામાં આવતી.

૧૯મી અને ૨૦મી સદીની શરૂઆતનાં વરસો દરમિયાન કાલેન્જિન લોકો પોતાના વિસ્તારના 'ઓરકોઈક' પ્રત્યે ખૂબ માન અને સદ્‌ભાવ રાખતા હતા. ઓરકોઈક તેમના મુખી નહોતા, પરંતુ તેઓ જાદુઈ સત્તા ધરાવે છે એવી માન્યતાને લીધે તેઓ ઘણી સત્તા ભોગવતા હતા. વરસાદ ન પડે અથવા નદીઓમાં પૂર આવે તો લોકો તેમની પાસે જતા. તેઓ વરસાદ લાવી શકે છે, એમ લોકો માનતા હતા. ખેતરોમાં ક્યારે વાવણી કરવી, સુન્નત કરવાનો પ્રસંગ ક્યારે યોજવો તે અંગે તે સલાહ આપતો. યુદ્ધ વિષે સલાહ લેવાની હોય ત્યારે નાન્દી અને કિપ્સીગિસ લોકો ઓરકોઈક પાસે જતા. યુવાનોએ હુમલા કરવા ક્યારે જવું અને શત્રુઓ સામે લડવામાં કેવી રીતે વિજય મેળવવો તે બાબતમાં ઓરકોઈક સલાહ આપતા. પરિણામે તેઓ રાજકીય નેતાઓ બન્યા. અમુક જ્ઞાન અને જાદુઈ શક્તિ ધરાવવાનો દાવો કરીને તેઓ પોતાનો અંકુશ જાળવી શકતા હતા. આ બધી સેવાઓ બદલ 'ઓરકોઈક'ને ઘેટાં ભેટ આપવામાં આવતા. તેમની સલાહ લેવા જનારા માણસો તેમને દારૂની ભેટ આપતા.

કાલેન્જિન મજબૂત મકાન બાંધતા તથા પુત્રો મોટા થાય ત્યારે તેમને તેમનાં મકાનો બાંધવામાં મદદ કરતા. લગ્ન કર્યા બાદ પુત્ર તેની પત્ની સાથે પોતાના અલગ ઘરમાં રહેતો. એટલે તેઓમાં સંયુક્ત કુટુંબની પ્રથા નહોતી. મકાન બાંધવામાં સૌથી વધારે જરૂર લાકડાની હોવાથી પુરુષો જંગલમાં જઈને જરૂરિયાત મુજબ લાકડાં કાપી લાવતા. લાકડાં ઘેર લઈ જવામાં સ્ત્રીઓ તેમને સહાય કરતી. તેમાંનું સૌથી મજબૂત લાકડું આખા મકાનના આધાર સમાન થાંભલા તરીકે પસંદ કરવામાં આવતું. મોટા ભાગના કાલેન્જિનનાં મકાનો ગોળાકાર અને છાપરું શંકુ આકારનું રાખવામાં આવતું. છાપરાં ઉપર તેઓ ખાસ પ્રકારનું ઘાસ પાથરતા. તેઓના ઘરમાં રાખેલા બે અલગ વિભાગોમાંના એકમાં ઘેટાં-બકરાં રાખવામાં આવતાં. તે સ્થળે લગ્નની અથવા બીજી કોઈ વિધિઓ કરવામાં આવતી. મહેમાનોનું ત્યાં સ્વાગત કરવામાં આવતું. ત્યાં દારૂ પીવામાં આવતો. ઘરની સ્ત્રીઓ અને બાળકો રસોડામાં રહેતાં. ત્યાં કિંમતી ચીજો સાચવવામાં આવતી. ઘરના આ બે વિભાગો વચ્ચે માટીની દીવાલ બનાવી, વચ્ચે રસ્તો રાખવામાં આવતો. નાન્દી લોકો ઘરના વિભાગોમાં પ્રવેશવાનાં અલગ દ્વાર રાખતા. કિપ્સીગિસ લોકો એક જ પ્રવેશદ્વાર રાખતા. મકાન બાંધવામાં ઘરનાં બધાં સભ્યો તથા પાડોશીઓ પણ પરસ્પર મદદ કરતા. મકાનને માટીથી લીંપવાનું કાર્ય સ્ત્રીઓ કરતી. મદદ કરનાર પાડોશીઓને, કામ ચાલે તે દરમિયાન ખોરાક અને દારૂ આપવામાં આવતો; પરંતુ પરિશ્રમ બદલ મહેનતાણું ચૂકવવું પડતું નહીં.

ઢોર ચરાવતા ને એમની સંભાળ કિશોરો રાખતા. યુવાનો દરરોજ સવાર-સાંજ પોતાના કુટુંબના ઢોર ગણી લેતા. દરેક પશુને તેના નામથી ઓળખવામાં આવતું. યુવાનો કુટુંબના કલ્યાણની કાળજી રાખતા. કાલેન્જિન સમાજમાં સ્ત્રી-પુરુષ બન્ને ખેતી કરતાં. પુરુષો ખેતરોની વાડ બનાવતા અને તેની મરામત કરતા. પુરુષો મકાન બાંધે ત્યારે સ્ત્રીઓ તેમાં મદદ કરતી. પુરુષો મધપૂડો બનાવતા અને તેની સંભાળ રાખતા. મારાકવેટ લોકો સિંચાઈ માટે પાણીની યોજના કરતા તથા તેઓ પરિશ્રમનાં બધાં કાર્યો કરતા.

સ્ત્રીઓ અને છોકરીઓ રાંધવા સાથે બધું ઘરકામ કરતી. રસોઈ માટે તેઓ માટીનું વાસણ વાપરતી જે 'ઉગાલી' કહેવાતું. અંગ્રેજોના સાંસ્થાનિક કાળમાં કેનિયામાં મકાઈનો ઉપયોગ શરૂ થયો અને ત્યારબાદ તેની ખેતી થવા લાગી. જૂના સમયમાં કાલેન્જિન સમાજમાં એકપત્ની પ્રથા હતી, પરંતુ તેઓની પાસે ઢોરની સંખ્યા વધતાં તેઓ ધનિક બન્યા અને બહુપત્ની-પ્રથા અપનાવવામાં આવી.

સદીઓ અગાઉ કાલેન્જિન લોકો ફળમૂળ એકઠાં કરવા સાથે શિકાર પણ કરતા. ભાલા અને તીરકમાન વડે સસલાં, હરણ, હાથી, જંગલી ભેંસ, ચિત્તો વગેરે પ્રાણીઓનો શિકાર કરવામાં તથા જંગલી પશુઓને યુક્તિપૂર્વક પકડવામાં તેઓ નિષ્ણાત હતા. મધપૂડામાંથી મધ કાઢી વિનિમય તરીકે ઉપયોગ કરતા અથવા તેનો દારૂ બનાવીને ગર્ભવતી સ્ત્રીને ટૉનિક તરીકે પીવરાવતા.

આગળ જતાં તેઓ ગોપાલકો બન્યા અને ગાયો, ઘેટાં, બકરાં રાખવા લાગ્યા. નજીક વસતા બીજા લોકો પર હુમલા કરીને તેમણે ગાયો તથા ઘેટાંબકરાં મેળવ્યાં. તેને કારણે કાલેન્જિન ઉપર પણ હુમલા થતા અને હિંસક લડાઈઓ થતી. પરંતુ શાંતિના કરાર થયા બાદ તેમની વચ્ચે વસ્તુવિનિમય દ્વારા વેપાર શરૂ થયો. ગાયો તથા બકરાંનું દૂધ જમાવીને અને બળદના ગળાની નસમાંથી લોહી કાઢીને તેઓ પીતા. કેટલીકવાર પાળેલાં પશુઓનું માંસ પણ ખાતા.

પશુધન સંપત્તિનું સ્વરૂપ ગણાતું અને મોટા ભાગનાં લગ્નોમાં દહેજ તરીકે તેની આપ-લે થતી. શ્રીમંતો પોતાનાં કેટલાંક ઢોર દૂરનાં ગામમાં રહેતાં સગાં કે મિત્રોને ઘેર રાખતાં; જેથી ઢોર લૂંટી જવા હુમલા થાય ત્યારે કે પશુઓને થતા રોગચાળામાં-પોતાનાં કેટલાંક ઢોર બચાવી શકાય. ખૂનના વળતર પેટે કેટલીક ગાયો, બકરાં અને ઘેટાં મૃત્યુ પામનારનાં સગાંઓને આપવામાં આવતાં. કિપ્સીગિસ લોકોમાં ખૂનના વળતર પેટે નવ કે દસ ગાયો, જ્યારે મારાક્વેટમાં પચાસ બકરાં કે ઘેટાં દંડ પેટે આપવાં પડતાં હતાં. આમ, કાલેન્જિન અર્થતંત્રમાં પશુધનનું મહત્ત્વ હતું.

ખાસ કરીને દુષ્કાળના સમયમાં, જુદાં જુદાં કાલેન્જિન જૂથો વચ્ચે અથવા તેમના પાડોશીઓ સાથેના વેપારમાં અનાજનો વિનિમય કરવામાં આવતો. વીસમી સદીની શરૂઆતમાં ગુસી લોકોના દુષ્કાળ દરમિયાન એલ્યુસિન (એક જાતનું અનાજ) ભરેલી એક ટોપલી માટે કિપ્સીગિસ એક છોકરો આપતા, જેથી બાકીનાં બાળકોને જીવાડી શકાય. અતિવૃષ્ટિ અને તીડોના આક્રમણના કારણે આ દુષ્કાળ પડ્યો હતો. કેટલીક વાર એલ્યુસિનના બદલામાં માટીનાં વાસણો પણ લેવામાં આવતાં.

બ્રિટિશ સાંસ્થાનિક રાજ્યનાં આરંભનાં વરસોમાં કેનિયામાં મકાઈનો ઉપયોગ શરૂ થયો. કિપ્સીગિસ અને બીજાં જૂથોમાં આગેવાનો તેની વાવણીનો વિરોધ કરતાં હોવાથી લાંબા સમય પર્યંત લોકોએ તેનો સ્વીકાર કર્યો નહીં. તેઓને બ્રિટિશ સામ્રાજ્યવાદનો વિરોધ હતો અને આ વિદેશી છોડની કિપ્સીગિસને જરૂર નથી એમ માનવામાં આવતું હતું. આખરે લોકોએ મકાઈનો સ્વીકાર કર્યો ત્યારે ખેતીની પેદાશમાં વધારો થયો અને મકાઈ વેચીને તેઓ રોકડાં નાણાં મેળવવા લાગ્યા. તેઓ શાકભાજી પણ ઉગાડતા અને વધારાનું શાક બજારમાં વેચી દેતા. મધ અને અનાજના લોટમાંથી બે પ્રકારનો દારૂ પણ બનાવતા.

પશુપાલન કરતાં થયાં તે પૂર્વે કાલેન્જિનનો પોષાક કેવો હતો તે જાણમાં નથી, પણ પશુપાલન કરતા થયા તે પછી છોકરાઓ તથા સૈનિકો બકરાંનું ચામડું પહેરતા. લડાઈમાં બહાદુરી બતાવી હોય એવા સૈનિકને ચિત્તાનું કે કોલોબસ વાંદરાનું ચામડું પહેરવા દેવામાં આવતું. વૃદ્ધો હરણ, બળદ કે બકરાંના ચામડાંનો પોષાક પહેરતા. સ્ત્રી-પુરુષો નેકલેસ, એરિંગ, બ્રેસલેટ વગેરે દાગીના પહેરતાં. કેનિયામાં અંગ્રેજો આવ્યા પછી, નાન્દી લોકો ધાતુના દાગીના પહેરતા થયા. આ વખતે મોમ્બાસાથી કેનિયામાં થઈને યુગાન્ડા (કમ્પાલા) સુધીની રેલવે બંધાતી હતી. તેથી આ ધાતુઓ તેમને સહેલાઈથી મળી જતી. કાલેન્જિન સ્ત્રી-પુરુષો જુદી જુદી રીતે વાળ ગૂંથતાં. હજીયે વાળ ગૂંથવાની વિવિધ રીતો ત્યાંનાં લોકોમાં પ્રચલિત છે.

કેટલેક સ્થળે લોઢું ધરાવતા ખડકો મળી આવે છે. તે લોઢું શુદ્ધ કરીને તેમાંથી વિવિધ પ્રકારના દાગીના બનાવતા તથા છરી, કુહાડી, ખરપડી, વાંસલો જેવાં ઓજારો તથા ભાલા અને બાણ જેવાં શસ્ત્રો બનાવતા. આવા કામના બદલામાં લુહારને વિનિમયમાં ગાયો આપવામાં આવતી. ૧૯મી સદીના ઉત્તરાર્ધથી લોખંડ વિદેશથી આયાત કરવામાં આવતું. લુહાર પોતાના વ્યવસાયમાં નિષ્ણાત ગણાવાથી સમાજમાં પ્રતિષ્ઠા ભોગવતો.

જૂના સમયના તેમના વૈદ્યો ઔષધ-વનસ્પતિઓના જાણકાર હતા. દવાઓ બનાવવા માટે તેઓ વિવિધ ફળ, પાંદડાં, ઝાડની છાલ અને કંદમૂળનો ઉપયોગ કરતા. મહિલાઓ પણ પોતાની માતા પાસેથી વનસ્પતિઓના ઔષધ તરીકેના ઉપયોગનું જ્ઞાન પ્રાપ્ત કરતી. મહિલાઓ સામાન્ય દર્દોની સારવાર માટેની જાણીતી વનસ્પતિનો સંગ્રહ કરતી અને નવી વનસ્પતિઓની અજમાયશ પણ કરતી. વનસ્પતિઓના ઉકાળા કે તેનું મિશ્રણ દવા તરીકે

પીવાતું અથવા તેની લુગદી બનાવીને ઘા ઉપર લગાવવામાં આવતી. કંદમૂળ અને ઝાડની છાલનો ભૂકો પણ વપરાતો. કેટલાક અનુભવે નિષ્ણાત બનેલા વૈદ્યો ભાંગેલાં હાડકાંને બેસાડતા તથા ઘાને ટાંકા પણ લેતા.

બધાં જૂથોના કાલેન્જિન લોકો જાદુ તથા મેલી વિદ્યાને ધિક્કારતા એથી તેના જાણકારો પોતાની આવી પ્રવૃત્તિ ખાનગીમાં કરતા. મેલી વિદ્યા લોકોને નુકસાન કરે છે, એમ મનાતું. છતાં, કોઈ વ્યક્તિ મેલી વિદ્યાનો ઉપયોગ કરતી લાગે તો તેને ગૂંગળાવીને મારી નાખવાની સજા કરવામાં આવતી.

રોજિંદા વપરાશમાં છરી તથા બીજાં સાધનો ઉપરાંત ઘડા, તૂમડાં અને ચામડાનાં તથા બરુનાં સાધનો વપરતાં. તૂમડામાં દૂધ, પાણી કે અન્ય પ્રવાહી ભરાતું. તૂમડાને વચ્ચેથી કાપીને કટોરા બનાવતા.

સ્ત્રીઓ માટીનાં વિવિધ નાનાંમોટાં પાત્રો બનાવવામાં કુશળ હતી. ભોજન પીરસવા ચામડાનો લંબગોળ ટુકડો વપરાતો. અનાજ કે તેનો લોટ ભરવા બરુમાંથી બનાવેલા નળાકાર ટોપલા વપરાતા. કટોરી-કટોરા પણ વપરાતા.

જલસામાં ગાવા-વગાડવા સાદાં વાજિંત્રો પણ વપરાતાં. તેમાં પાવા માટે પોલી લાકડી તથા લાકડું તેમજ ચામડું અને તાર વગેરેનો ઉપયોગ થતો.

તે લોકોનાં બાળકોનાં નામ જન્મનો સમય તથા સંજોગોને સૂચવતાં પાડવામાં આવતાં. દા.ત. મધ્યબપોરે જન્મેલ છોકરો 'કિબાત', સવારે દૂધ દોહતા પહેલાંના સમયે જન્મેલ છોકરો 'લિમો', મધરાતે જન્મેલ છોકરો 'કિપકેમોઈ', ઘેર મુલાકાતીઓ હાજર હોય ત્યારે જન્મેલ છોકરો 'કિપ્ટે' વગેરે. છોકરીનાં એ જ રીતનાં નામ 'કિ' ને બદલે 'ચે' અથવા 'જે' થી શરૂ થતાં; જેમ કે 'ચેલિમો', 'ચેપ્કેમોઈ', અને 'ચીપ્ટે'. પણ નાન્દી જૂથનાં નામ આ બધાંથી ભિન્ન હોય છે.

કાલેન્જિન લોકોમાં સરખી વયના કિશોરો સાથે ઉછરે તથા સાથે કામ કરે એવું પ્રોત્સાહન અપાતું. કિશોરો એકસાથે ઢોરને ચરાવતા તે સાથે ઝરણાંનું પાણી પાતાં. સાથે રહેવાથી પોતાના સમાજના રિવાજો, પરંપરાઓ, રમતો તથા વાર્તાઓ એકબીજા પાસેથી શીખતા. ઢોર ચારતાં વચ્ચે મળતા સમયમાં તેઓ કુસ્તી જેવી રમતો રમતા. યુવાનો લાકડીઓ અને નેતરની સોટીઓ વડે લડવાની રમત પણ રમતા. તેમાં સામસામે મારવામાં કાળજી રાખવામાં આવતી. બાળકો ઘરઘર રમવા જેવી રમતો પણ રમતા.

કાલેન્જિન ભાષામાં 'કેચુઈ' નામથી ઓળખાતી રમત જુદા જુદા નામે આફ્રિકામાં સર્વત્ર રમાય છે. દરરોજ સાંજે યુવાનો એકાદ મિત્રને ઘેર એકઠા થઈને નાચગાન કરે છે. આવા મિલનમાં એક વ્યક્તિ ગીત ગવરાવે અને બાકીના સૌ તાલ પુરાવે છે.

વડીલો પાસેથી વાર્તાઓ શીખીને મોટા છોકરા બાળકોને વાર્તાઓ કહે. આ વાર્તાઓ ઘણુંખરું વિવિધ પ્રાણીઓ વિષે હોય. તેમાં હાથી, ચિત્તો, સસલું વગેરે પ્રાણીઓ પરસ્પર તથા માણસો સાથે વાતચીત કરતાં હોય. કાલેન્જિન લોકવાર્તાઓના ત્રણ મુખ્ય હેતુઓ હતા - મનોરંજન, બોધ અને શિક્ષણ. પોતાના સમાજની પરંપરાઓ, નીતિનિયમો અને ઉખાણાં, શબ્દપ્રયોગ ને રૂઢિપ્રયોગો વગેરેનું જ્ઞાન તેઓનાં બાળકો આમાંથી જ મેળવતા. તો આ હતી કાલેન્જિનના જીવનની ઝાંખી. ❑

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૨૮૯ પરથી

કલકત્તામાં લીલામ કરવાવાળાની મોટી પેઢીની માલિક છે. સરકારનાં તોપ-બંદૂક બનાવતાં કારખાનાં, જાહેર સાહસો જેવાં કે, સ્ટીલ પ્લાન્ટ, રેલવે, કોલસાની ખાણો વગેરેને દર વર્ષે કાટમાળ, લોખંડનો ખેરીચો, જૂનાં વેગનો વગેરે લીલામ કરીને વેચવાનું હોય છે. તે માટે સરકાર લીલામ કરવાવાળી પેઢીઓને રોકે છે. આવી એક સો વરસ જૂની પેઢી અત્યારે આ ભાનુબહેન ચલાવે છે. ૧૯૬૫ સુધી તેના પિતાને વ્યવસાયમાં મદદ કરતાં હતાં. પણ છેલ્લાં દસ-બાર વર્ષથી તો હવે તે એકલાં વ્યવસાય સંભાળે છે. કારખાનાંમાં ખુલ્લામાં ખેરીચો ખડક્યો હોય અને પાંચસો - હજાર ગ્રાહકો વચ્ચે બાઈ હથોડો લઈને હરાજી બોલાવે છે. કોઈક કોઈક વાર તો છ-છ સાત-સાત કલાક સુધી તડકામાં હરાજીની બૂમો પાડતી રહે છે અને સહેજે દિવસમાં ૩૦, ૪૦ લાખ રૂપિયાનો માલ વેચી આપે છે! મહિનામાં વીસપચીસ દિવસ, આમ, બહાર કારખાનાંઓ અને રેલવે યાર્ડમાં હરાજી કરતી એ બહેન હરેકરે છે!

હા, હરાજી બોલતી વખતે કાંઈ માઈક હાજર ન હોય એટલે મોટેથી બૂમ પાડવાની અને હરાજીમાં જૂનો ખેરીચો લેવાવાળા ઓછું ભણેલા કે નહીં ભણેલા ગ્રાહકો સાથે કામ પાડવાની આ બહેનને એવી ફાવટ આવી ગઈ છે કે, તેના પિતાના વખતમાં જેટલું કામ મળતું હતું તેના કરતાં કેટલુંયે વધારે કામ દુનિયાની કદાચ આ પહેલી જ લીલામ કરનારી બહેનને મળે છે અને તે પણ ગુજરાતી બહેન! ❑

ઔષધીય વૃક્ષ - અરીઠો

વૈદ્ય બળદેવપ્રસાદ પનારા



ભારતીય નારીસૌંદર્યની વ્યાખ્યામાં તેના કેશસૌંદર્યનું ઊંચું અને આગવું મહત્ત્વ રહ્યું છે. વાળ કપાવવાની આધુનિક ફૅશનના કાળમાં પણ સ્ત્રીના લાંબા સુવાળા કાળા વાળનું આજેયે એટલું જ ગૌરવ રહ્યું છે, અને આવા વાળ માટે આજે પણ બજારમાં અનેકવિધ તેલ, શૅમ્પુ વગેરેનો મબલખ ઉપાડ થાય છે. સ્વચ્છ સુંવાળા લાંબા વાળ માટે સદીઓથી ભારતીય નારી પ્રયત્નશીલ રહી છે અને એ માટે અનેક પ્રકારનાં તેલ, ઔષધો અને નુસખા અજમાવતી રહી છે. આમળાં, શિકાકાઈ, મોથ, આંબાની ગોટલી, મેંદી વગેરે અનેકાનેક પદાર્થોની સાથેસાથે અરીઠાંનો પણ આવા પ્રયોગમાં ઉપયોગ થતો આવ્યો છે.

વાળ માટે આજકાલ બજારમાં ઉભરાતાં સાબુ-શૅમ્પુથી વાળ પર તત્કાલ સારી અસર પણ જોવા મળતી હશે જ; પરંતુ દીર્ઘકાળ સુધી તેના સતત વપરાશથી વાળ રુક્ષ, સત્ત્વહીન અને અકાળે શ્વેત થઈ જતા હોવાનાં પ્રમાણો પણ મળે છે. આથી વાળની સફાઈ તથા તંદુરસ્તી માટે ખ્યાત એવા પરંપરાગત ઔષધીય ગુણોવાળાં લીંબુ, લીંબોળી, રતાંજળી વગેરે દેશી પદાર્થો વાપરીને બનાવેલાં 'હર્બલ શૅમ્પુ' પણ હવે બજારમાં મુકાયાં છે. આવા વાળને હિતકર એવાં અરીઠાં વિષે થોડી માહિતી જોઈએ.

ભારતમાં લગભગ સર્વત્ર અને ખાસ કરીને પથરાળ ભૂમિમાં અરીઠો - એટલે કે અરીઠાંનું વૃક્ષ થાય છે. વટાદિ વર્ગમાં અરિષ્ટાદિ કુળનું આ વૃક્ષ પચ્ચીસેક ફૂટ ઊંચે સુધી વધે છે. ચોતરફ ફેલાતી તેની શાખાઓ ઉપર ફેલાએલી સળી ઉપર પુખ્ત થતાં આઠેક આંગળ લાંબાં અને ત્રણ-ચાર આંગળ પહોળાં, છેડેથી સાંકડાં ને અગ્રભાગે પહોળાં લગભગ લંબગોળાકાર અને એકાંતરે પુષ્કળ પાન હોય છે. આસો-કારતક માસમાં અરીઠાને ફિક્કા રંગનાં ફૂલ આવે છે. અને તે પછી પોષ-માહ માસમાં તેનાં ફૂલ - અરીઠાં તૈયાર થાય છે. કદમાં મોટી લખોટી જેવડાં આ અરીઠાં ત્રણ ખાંચાવાળાં હોય છે. સૂકાં અરીઠાની ગર સાથેની છાલ જ મુખ્યત્વે વપરાય છે અને વાળને હિતકર હોવા સાથે બીજાં ઔષધીય ગુણો પણ ધરાવે છે. ફળની અંદર ચણીબોર જેવડું કાળા સખત કોચલાવાળું બી હોય છે.

અરીઠાનાં પાનના રસમાં પારો ઘૂંટવાથી તે બંધાય છે ને તેની ગોળી વળે તેવો ઘટ્ટ થાય છે. સ્વસ્છ કરેલા વાસણ ઉપર આ પારો ચોળવાથી વાસણ ઉપર તેનો ઓપ ચડે છે. સોનીઓ સોનારૂપાની જણસને સ્વચ્છ અને ઊજળી કરવા માટે અરીઠાંનું પાણી વાપરે છે. અરીઠાં પલાળી બનાવેલા પાણીથી વાળ ધોવાથી એ સ્વચ્છ-નિર્મલ બને છે. અરીઠાંના પાણીમાં કપડાં પણ ધોઈને સ્વચ્છ કરી શકાય છે.

આયુર્વેદના મતે અરીઠાં રસે તીખાં, કડવા અને તીક્ષ્ણ છે. ગુણમાં તે ગરમ, લેખનકર્તા એટલે કે દોષ ઉપાડનાર, ઉષ્ણવીર્ય, વિપાકમાં કટુ, હળવાં, ત્રિદોષનાશક, સ્નિગ્ધ તથા વિષનાશક છે, એટલે ત્રિદોષ, દાહ, શૂળ, વિષ, સમેતવાત, વાળો, અપસ્માર, રક્તગુલ્મ, દૂઝતા હરસ, વાઈ-મૂર્છા, માસિક ધર્મની અટકાયત, શ્વાસ-ખાંસી અને ઝેરી ડંખ વગેરે ઉપર વપરાય છે.

ઓછી માત્રામાં ખાવાથી અરીઠાં દીપન અને વાતાનુલોપન ગુણ બતાવે છે, જ્યારે એની વધુ માત્રાથી વમન-વિરેચન થાય છે. અને વધુકી માત્રાથી હોજરી અને આંતરડાં સંક્ષોભ (સોજો) પામે છે. અરીઠાં દ્વારા કરેલું વમન હોજરીમાંના ઝેરને બહાર કાઢી નાખે છે.

આધાશીશી, શ્વાસ, મૂર્ચ્છા, હિસ્ટીરીઆ જેવી સ્થિતિમાં અરીઠાની છાલ પલાળી બનાવેલું પાણી નાકનાં બંને નસકોરાંમાં ચાર-પાંચ ટીપાં નાખવાથી અથવા તેના ચૂર્ણનું નસ્ય એટલે કે સૂંઘવાથી યા તેની છાલની ધુમાડી લેવાથી લાભ થાય છે. આ છાલું ચૂર્ણ બેથી ત્રણ રતિ જેટલું લઈ નવશેકા પાણી સાથે પીવાથી ઊલટી કે પીડામાં આરામ થાય છે. સગર્ભા સ્ત્રીને માટે અરીઠાનું ચૂર્ણ નુકસાનકારક છે.

ઝેરી જીવજંતુના ડંખ ઉપર અરીઠાની છાલ પાણીમાં ઘસીને લગાડવી, અથવા અરીઠાનો સો ગ્રામ જેટલો ઉકાળો પીવાથી હોજરીમાંનું ઝેર ઊલટી કે ઝાડા દ્વારા નીકળી જાય છે. અફીણ, વછનાગ કે સોમલ જેવા ઝેર ઉપર પણ આ ઉપાય થઈ શકે છે. આ ઉપરાંત, અરીઠાના પાણીનું આંખમાં પણ અંજન કરવું. વિષ ઉતારવા અરીઠાનું પાણી પાતાં કે આંખમાં અંજન કરવાથી જો દાહ થાય તો દાહ ઉપર શુદ્ધ ઘીનું માલીસ કરવું.

નળવાયુ પર અરીઠાનું પાણી રોજ સવારે વીસ-પચીસ ગ્રામ પીવાથી તથા આ પાણી વલોવતાં જે ફીણ થાય તે પેટે ચોળવાથી રાહત થાય છે. આ ફીણ તાપમાં ફરવાથી અંગમાં થતી બળતરા ઉપર લગાડવાથી પણ રાહત મળે છે.

વાળા ઉપર અરીઠાનાં બીજ તોડી કાઢેલો મગજ અને હિંગ ગરમ કરીને લગાડી દઈ પાટો બાંધવો.

વાઈ-ફેફરામાં અરીઠાના ફળને લીંબુના રસમાં ઘસી તેનાં ત્રણ-ચાર ટીપાં નસકોરાંમાં પાડવાથી લાભ થાય છે.

મૂત્રદાહ તેમજ મૂત્રની અટકાયતમાં અરીઠા પાણીમાં ચોળી તેનું જે ફીણ થાય તે દર્દીના પગે, પેટે અને પેડુ ઉપર ચોળવું અને અરીઠાજળ પણ સહેજ પાવું.

ઢોરને સર્પદંશ થયો હોય તો અરીઠાનાં ફીણનું ઢોરની આંખે અંજન કરવું અને એકાદ શેર અરીઠાંનું પાણી પાવું.

અરીઠાંના ફોતરાંનું ચૂર્ણ કે છાલની ભસ્મ તથા સફેદ ટીકડી-કાથો સમભાગે મેળવી તેમાંથી બે રતી લઈ વીસ ગ્રામ માખણ અથવા દૂધની મલાઈમાં મેળવી એક અઠવાડિયા સુધી સવાર-સાંજ લેવાથી દૂઝતા હરસમાં ખવરાવવું. આ પ્રયોગ વખતે દર્દીએ મીઠું, ખટાશ, ગોળ, મરચાં અને તેલ બિલકુલ લેવાં નહીં. દર છ મહિને આ પ્રયોગ ત્રણ વાર કરવો.

અરીઠાંની છાલના પાણીનું ફીણ એકઠું કરી શીશીમાં ભરી રાખવું. આધાશીશીમાં જે બાજુમાં માથું દુઃખતું હોય તેની ઊલટી બાજુના નસકોરામાં તેનાં ત્રણ-ચાર ટીપાં પાડવાં. ત્રણેક દિવસમાં દર્દ શાંત થઈ જશે.

અરીઠાંનાં બીજ બાળીને તેના કોલસા પાડી તેના ભૂકાને ચાળી લેવો અને તેમાં ફુલાવેલી ફટકડીનું બારીક ચૂર્ણ ભેળવી દેવું. હાલતાં દાંત અને પેઢાંમાંથી થતા રક્તસ્રાવમાં આ મંજન વાપરવાથી લાભ થાય છે.

વાળને સ્વચ્છ સુંવાળા કરવામાં વાપરવા ઉપરાંત અરીઠાંના આવા અનેક ઔષધીય પ્રયોગો છે. શક્ય હોય ત્યાં આવા ઔષધીય વૃક્ષનો ઉછેર આમ અનેક રીતે ઉપયોગી બની રહેશે.

સાબુ જેવા ગુણને કારણે અંગ્રેજીમાં અરીઠાને સોપનટ ટ્રી કે સોપ બેરી કહે છે. સંસ્કૃતમાં તે અરિષ્ટક, ફેનિલ ને ગર્ભપાતન તરીકે તેની ઓળખ મળે છે. હિંદીમાં તે રીઠા, બંગાળીમાં રિટેગાછ કે બડારીઠા, રાજસ્થાનીમાં આરેઠા, તેલુગુમાં કુકડ, તામિલમાં પોન્નાન, મલયાલમમાં ચવકાયી મરમ, કન્નડમાં કૂકાટ કાથી, અરબી-ફારસીમાં ફુંદુકે, પરશિ અને રાઠોહ અને લેટિનમાં સેપિંડેસ ટ્રાઈફોલિયેટ્સ લીન નામે ઓળખાય છે. ❑



પંચકેદાર

એક ચિરસ્મરણીય પ્રવાસ-અનુભવ

અરવિંદ એમ. શાહ

સદીઓથી ભારતીય જનહૃદયમાં હિમાલયનું અનેક રીતે માહાત્મ્યભર્યું એક અદકેરું સ્થાન રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારના વિકાસના પ્રત્યેક પાસા પર તેનો પ્રભાવ રહ્યો છે. અનેક ઋષિમુનિઓ અને સંતમહાત્માઓએ અહીં વસી પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધવા સાથે ભારતીયતાને દોરવણી આપી છે. અનેક ભારતીય દેવદેવીઓ અને ખાસ તો ભગવાન શંકરનું એ નિવાસસ્થાન મનાય છે, અને અહીં અનેક તીર્થસ્થાનો સ્થપાયાં છે. લાખો લોકો સદીઓથી આ તીર્થોની યાત્રાએ આવતા રહ્યા છે. આસ્તિક યાત્રાળુઓ જ નહીં, સાહસિક પ્રવાસીઓ અને સહેલાણીઓનો પણ આ પ્રિય પ્રદેશ રહ્યો છે. અહીંના મહિમાવંતાં તીર્થસ્થાનોમાં ભગવાન શંકરના જ્યોતિર્લિંગવાળા કેદારનાથની યાત્રાનું આગવું આકર્ષણ છે. વધતી જતી સગવડોના આજના કાળમાં તો આ યાત્રા હવે પહેલાં જેટલી કઠીન ન ગણાય, પણ તો યે એ એટલી સરળ પણ નથી જ.

આ કેદારનાથ એ શંકરનું એક સ્વરૂપ છે. કહે છે કે, કુરુક્ષેત્રના મહાયુદ્ધ પછી પાંડવો અહીં હિમાલયમાં આવ્યા ત્યારે જેમનાથી ગોપિત રહેવા ભગવાન શિવ પાડાનું રૂપ ધારણ કરીને નાઠા અને ભૂમિમાં પેસી જવા પ્રયત્ન કર્યો. આમ કરતાં એમના એ મહિષસ્વરૂપનો પૃષ્ઠભાગ ભૂમિ બહાર જ રહ્યો જે આજે શિલા સ્વરૂપે જ પૂજાય છે. કહેવાય છે કે ભૂમિમાં પેસતાં એમનું દેહસ્વરૂપ જુદી જુદી પાંચ દિશામાં વિસ્તર્યું. કેદારમાં એમનો પૃષ્ઠભાગ રહ્યો. બાહુ તુંગનાથમાં, મુખ રુદ્રનાથમાં, ઉદરનો ભાગ મધ્યમહેશ્વરમાં અને જટા કલ્પેશ્વર(કલ્પનાથ)માં રહી. આ પાંચેય અંગનું પૂજનઅર્ચન જે તે સ્થાનમાં થાય છે. હિમાલયની ગિરિમાળામાં આ પાંચેય તીર્થો 'પંચકેદાર' નામે ઓળખાય છે અને તેની યાત્રાનું આગવું માહાત્મ્ય છે.


બીજી પણ એક કથા છે. શ્રી હરિના અવતારરૂપ બે ઋષિઓ નર અને નારાયણ એક વેળા બદરીકાશ્રમમાં તપ કરતા હતા ત્યારે શિવનું પાર્થિવ લિંગ રચીને તેની પૂજા-ભક્તિ કરતા હતા. દીર્ઘકાળે શિવે પ્રસન્ન થઈ તેમને વરદાન માગવા કહ્યું ત્યારે બંનેએ એમને માનવજાતના કલ્યાણ અને દર્શનાર્થે જ્યોતિર્લિંગ સ્વરૂપે ત્યાં કાયમી વસવાટ કરવા વિનંતી કરી. આ જ્યોતિર્લિંગ તે કેદારનાથ.


આ પંચકેદારની એક યાત્રા અમે ગોઠવી. અમારામાંના ચિમનભાઈ ગાંધી અને ડાહ્યાભાઈ પંડિતે હિમાલયમાં આ કઠીન ગણાતી યાત્રા માટે જરૂરી એવી બધી જ વ્યવસ્થા કરી દીધી. સરાસરી ચોપન વર્ષની વયનાં, ચાર મહિલાઓ સહિત અમે કુલ પંદર યાત્રીઓ હતાં. મુંબઈથી દિલ્હી જઈ ત્યાંથી ૨૦ સપ્ટેમ્બરે (૧૯૯૧) અમે યાત્રારંભ કર્યો, અને ૫ ઑક્ટોબરે તેની પૂર્ણાહુતિ કરેલી.

દેખાવમાં તો આ પાંચે મંદિરોમાં બહુ વિશેષ તફાવત ન લાગે પણ એ દરેકનું આગવું આકર્ષણ રહ્યું છે. હિમાલયની ફૂલીફાલી હરિયાળીથી આચ્છાદિત ખીણોમાં એ સ્થિત છે. અહીંનાં લોકો પણ અમને મિલનસાર અને ભલાં લાગ્યાં. આ દરેક મંદિરની આસપાસનો ગઢવાલ હિમાલયનો હરિયાળો પર્વતીય પરિસર પોતાના સ્વર્ગીય સૌંદર્ય અને પોતાની પ્રશાંત ભવ્યતાથી દિઙ્મૂઢ કરી દે તેવો મનહર છે.

પંચકેદારની યાત્રા કેદારનાથ અને તુંગનાથને બાદ કરતાં ભિન્નભિન્ન ભૂમિપ્રદેશમાં વિસ્તરતી હોઈ તથા અહીં વસતિ પણ આછી-પાતળી હોઈ અને જરૂરી ચીજવસ્તુઓ પણ સહજ પ્રાપ્ય ન હોઈ યોગ્ય પૂર્વઆયોજન અને સ્થાનિક ભોમિયાને સાથે રાખ્યા વિના કરવી ઘણી કઠી છે. વળી, અહીં ચોક્કસ માર્ગો કે પગદંડીઓ પણ ઓછાં તથા ક્યાંક ક્યાંક તો લપસણાં હોય છે. આથી અહીં લોકોની અવરજવર પણ ઓછી હોય છે.

૨૦મી તારીખે અમારી આ સાહસભરી યાત્રાના કુતૂહલભર્યા થનગનાટ સાથે અમે દિલ્હીથી રાત્રે બસમાં ઋષિકેશ જવા નીકળ્યાં. ત્યાં હોટેલમાં રાત ગાળી બીજી સવારે બસમાં ૨૨૦ કિ.મી. દૂર પિપલકોટી ગયાં. ત્યાં હોટલ બદરીનાથમાં રાત રોકાઈ ૨૨ તારીખે સવારે બસમાં હેલંગ અને ત્યાંથી ૧૨ કિ.મી. દૂર ઉરગામ ખીણનાં જંગલોમાં થઈને ઘોડા પર યાત્રા કરી. પર્વતના ઢાળ ઉપર સોપાન સમાં ખેતરો અને વાડીઓ તથા બે જળધોધ જોતાં મન પ્રસન્ન થઈ ગયું. પાંચ કલાકે અમે કલ્પનાથ પહોંચ્યાં. કલ્પનાથ કે કલ્પેશ્વર સમુદ્રની સપાટીથી ૨૧૩૪ મીટર ઊંચે આવેલું છે. અહીં શિવજીની જટા પૂજાય છે. એક ગુફામાં થઈને આ મંદિરમાં દર્શનાર્થે જવાય છે. હેલંગ નદીનો કલનાદ





મધ્યમહેશ્વરનું મંદિર. વન-આચ્છાદિત પહાડીપ્રદેશની પરમ શાંતિની અનુભૂતિ કરાવતું એકાંત સુંદર સ્થાન. (જમણી બાજુ) કેદારનાથનું વિખ્યાત મંદિર. ચિત્રમાં જમણી બાજુ 'કાક ભુષંડી' પર્વત અને મંદિરની પાછળ હિમ-આચ્છાદિત સુમેરુ પર્વત.

માણતાં અહીં ભોજન લઈને અમે પિપલકોટી પાછા ફર્યાં.

૨૩મીએ સવારે અમે પિપલકોટીથી ગોપેશ્વર થઈને સાગર જતી બસમાં ઊપડ્યાં. અમારી સાથેની મહિલાઓ માર્ગની અડચણોથી બચવા અમારી સાથે રુદ્રનાથ ન આવતાં ગોપેશ્વરમાં જ રોકાઈ ગઈ. ગોપેશ્વરથી આગળનો વીસેક કિ.મી. લાંબો માર્ગ બહુ આકરો હોવાનું અમને પીઠ પર ઊંચકી જનારા કંડીવાળાઓએ કહેલું. અને ખરે જ એવો જ હતો એ માર્ગ. કંડીમાં બેસવાને બદલે મેં એ કઠીન માર્ગના ચઢાણ પર ચાલતા જ જવાનું પસંદ કર્યું, પણ પછી હાંફ ચડવા માંડતાં મેં પણ કંડીની સવારી સ્વીકારી લીધી. આ રીતે મજૂરની પીઠ પર કંડીમાં ઊંચકાઈને જતાં મનમાં રંજ તો થતો હતો, પણ મારા માટે બીજો ઉપાય પણ ક્યાં હતો ? ચારેક કલાકે અમે પૂંજ પહોંચ્યા. જંગલોથી ઘેરાએલી અને ઘાસથી આચ્છાદિત ભૂમિ પર પૂંજ આવેલું છે. જંગલની વચ્ચે તૃણાચ્છાદિત એક મેદાનમાં અમારે રાતવાસો કરવાનો હતો. અમારી પાસે આ માટે નાના તંબૂ હતા, એ ખોડી દીધા. આછીઆછી વરસાદી ઝરમરે વરસીને જાણે અમને આવકાર આપ્યો.

બીજે દિવસે ૨૪મીની વહેલી સવારે નાહવાનું તો શક્ય નહોતું. હાથ-મોં પખાળી નાસ્તો કરી હિમાલયના પ્રગાઢ શાંત સૌંદર્યને માણતા ઊપડ્યા. પ્રાકૃતિક સૌંદર્યથી પ્રચૂર આ પર્વતપ્રદેશ જ તો આવી યાત્રાઓનું ખરું આકર્ષણ છે. દૂરદૂર પાછળ રહી જતાં ગામકસબાઓ અને માનવ સંસ્કૃતિ ભુલાઈ જઈને અહીંની સ્વસ્થ પર્વતીય સુંદરતા હૃદયને અનંતતાના ગાંભીર્યથી ભરી દેવા સાથે મનને એક અદ્ભુત પ્રસન્નકર અનુભૂતિ કરાવે છે. પર્વતખીણની વહેલી સવારની તાજગીભરી હવા દેહમાં એક અનોખો રોમાંચ પ્રકટાવે છે. આસ્તિકોને અહીં ભગવાન શિવનું સ્મરણ થાય જ.

એક પછી એક ચઢાણ પાર કરતાં અને અહીંના પલટાતા જતા વાતાવરણ અને સૌંદર્યને માણતાં અમે ઊંચાણની સાથે વધતી જતી ઠંડીમાં આગળ વધી રહ્યા હતા. અહીં લગભગ દર ૨૭૦ મીટરની ઊંચાઈએ એક અંશ જેટલું ઉષ્ણતામાન ઘટતું જાય છે. ૧૫૦૦ મીટરની ઊંચાઈ પછી તો ઠંડકનો આ વધારો વધુ વધતો જાય છે. અવનવી રંગભભકવાળાં વિધવિધ પક્ષીઓ અહીંનો ઓક, ફર, ચરપાઈન વગેરેનાં ઊંચાંઊંચાં વૃક્ષો વચ્ચે મધુર કલબલાટ કરતાં મુક્તપણે ઊડતાં જોયાં તો નીચે ધરતી પરની રંગબેરંગી વનફૂલોની બિછાત આંખ અને મનને કોઈ અનેરી તૃપ્તિ આપતી હતી. કહે છે કે અહીં જંગલમાં કસ્તૂરીમૃગ, જંગલી સૂવર, રીંછ વગેરે પણ જોવા મળે છે. એમને જોવાની અમને પણ અપેક્ષા હતી જ, પરંતુ એ ફળી નહીં. ખેર ! આ સુંદર હરિયાળા પહાડી મેદાનો - બુગિયાલો અને ઢાળ-ચઢાણો ચડતાં વચ્ચે એક વાર તો અમે છેક ૪૦૦૦ મીટર ઊંચે પહોંચી ગયેલા. અંતે બપોરે સાડા ત્રણ વાગતાં અમે પનાર પહોંચ્યા. એક ગુફામાં ધૂણી ધખાવી બેઠેલા એક નેપાલી બૌદ્ધ સાધુનાં દર્શન થયાં. એ જગ્યાએ અમે થોડો કોરો નાસ્તો લીધો અને થોડો આરામ કરી પાછા ઊપડ્યા. સાંજે છ વાગ્યે રુદ્રનાથ પહોંચી ગયા. અહીંથી અમને હાથીપતિ, નંદાદેવી, નંદાઘૂંટી, ત્રિશૂલ વગેરે ભવ્ય શિખરોનાં દર્શન થતાં મન પુલકિત બની ગયું.

સમગ્ર વિસ્તાર અદ્વિતીય અને ચિત્તહર પ્રાકૃતિક સૌંદર્યથી મંડિત હતો, પણ અમે આજની મજલથી હવે થાક્યા પણ હતા અને સાંજ પડી ગઈ હોઈ સમય પણ બહુ રહ્યો નહોતો એટલે અમે નજીક જ છતાં ન તો સૂર્યકુંડ, ચંદ્રકુંડ અને તારાકુંડ જઈ શક્યા કે ન તો પાસે જ વહેતી વૈતરણી નદીમાં સ્નાન કર્યું. પણ એટલામાં તો પૂર્ણ ચંદ્ર ઉદિત થયો અને હિમથી આચ્છાદિત ધવલ પર્વત શિખરોએ ચાંદનીની રૂપેરી ચાદર ઓઢી લીધી. અદ્ભુત આહ્લાદક એ દૃશ્યે હૃદયમાં ચિરંજીવ સ્મૃતિ જડી દીધી.

જમી-પરવારી અમે ઘાસ ભરેલા તબેલા જેવા ખંડમાં અમારી પથારીઓ (સ્લીપિંગ બેડ્સ)માં લંબાવ્યું. એ પ્રશાંત એકાંત મધુર શીત વાતાવરણમાં અત્યાર સુધીની અમારા આ યાત્રાપ્રવાસની સ્મૃતિઓ અને હજી સુધીની નિર્વિઘ્ન સફરના અનુભવો મનમાં ઊભરી આવ્યા. સહેજે મન આ બદલ ઈશ્વર પ્રતિની કૃતજ્ઞતા અનુભવવા લાગ્યું. અહીંના મધુર વાતાવરણે બીજા દિવસની યાત્રા માટે મારામાં નવું જ ચેતન પ્રસારી દીધું.

સવારે ૨૫મીએ પડી રહેલી આકરી ઠંડીએ તો દાતણ-પાણી ને સ્નાન કરવાની અમારી હિંમતને પણ ઠારી દીધી. મંદિરના પૂજારીએ આશ્વાસન આપતાં કહ્યું કે, અહીં હિમાલયમાં એ ક્ષમ્ય ગણાય. હવા-સ્નાન જ પૂરતું છે. સવારે લગભગ સાડા આઠ વાગ્યે અમે પહાડ પાછળ આવેલા અનસૂયાદેવીના મંદિરવાળા રસ્તે મંડલ જવા નીકળ્યા. એક બુગિયાલ પસાર કર્યા પછી આકરો ઢાળ શરૂ થયો. કેડી પણ સાંકડી અને વાંકીચૂંકી, અને ક્યાંક ક્યાંક તો લપસણી પણ ખરી - યાત્રીઓ અને કંડીવાળાની કસોટી કરે તેવી. એમાં ઉતાવળ તો પોસાય જ નહીં. ગીચ જંગલ વચ્ચેના આ માર્ગ પર અવરજવર પણ ઓછી. સાત કલાક પછી અમે અનસૂયાદેવીના પ્રાચીન મંદિરે પહોંચ્યા. મંદિર બહાર કેટલીક નગ્ન પ્રતિમાઓ પણ પડી હતી. જરા વાર રોકાઈ અને ચાનો કપ ચડાવી ફરી તાજા થઈ અમે આગળ વધ્યા. અંતે સાંજે છ વાગ્યે મંડલ પહોંચ્યા. અગાઉથી વિચારેલી યોજના પ્રમાણે અહીં અમારી સાથેની મહિલાઓ અમારી રાહ જોતી મળી. અહીંથી બસમાં અમે પહોંચી ગયાં અને ત્યાં ગઢવાલ નિગમના ગેસ્ટ હાઉસમાં રાત ગાળી.

૨૬મીએ સવારે ત્રણ કિલોમીટર દૂર ચાલતાં અમે તુંગનાથ આવ્યાં. પંચકેદારનાં મંદિરોમાં આ સૌથી વધુ ઊંચાઈએ આવેલું શિવમંદિર છે. પણ તુલનામાં તેનો માર્ગ સરળ ગણાય છે, છતાં અમને અહીં પહોંચતા ત્રણ કલાક લાગેલા.

અહીંથી બીજે દિવસે ૨૭મીએ સવારે અમે ઉખીમઠના માર્ગે દોગલબિટા જવા નીકળ્યાં. ચોપ્ટાથી આઠ કિ.મી. દૂર વનરાજિના સુંદર પરિસર વચ્ચે આ એક અત્યંત રમણીય સ્થાન છે. દોગલબિટા, ચોપ્ટા અને તુંગનાથથી ત્યાંની જુદીજુદી ઊંચાઈએ બંદરપુછ, શિવલિંગ, સુમેરુ, ભગિરથ, ચોખંબા, નીલકંઠ અને કામત શિખરોનાં દર્શન થાય છે. અમે ચોપ્ટા પાછા ફરી ત્યાં જમી-પરવારી ઉખીમઠ જવા નીકળ્યાં ને રાત પણ ત્યાં જ ગાળી.

૨૮મીએ સવારે નાસ્તો પતાવી અને મધ્યમહેશ્વર જવા ઘોડા પર સવારી કરી નીકળ્યાં. ચારેક કલાક પછી રાંસી આવ્યું. ત્યાં રાકેશ્વરી માતાના મંદિરે જમીને થોડો આરામ લઈ ગુણાધાર ગયાં અને રાત પણ ત્યાં જ રોકાયાં.

સવારે ૨૯મીએ ગુણાધારથી મધ્યમહેશ્વર અને માર્કંડગંગા જવા નીકળ્યાં. આ તરફ અહીંથી આગળ માનવવસ્તી નથી. આ માર્ગ પરથી ચૌખંબાનું પૂર્ણ દર્શન થાય છે. ચાર કલાકની યાત્રા પછી મધ્યમહેશ્વર આવ્યું. આ ભવ્ય સુંદર મંદિરનો પરિસર પણ વિશાળ છે અને અહીંની ધર્મશાળા પણ સગવડભરી ને વ્યવસ્થિત છે.

સાંજની આરતી અને પ્રાર્થનામાં ભાગ લઈ રાતની વધતી જતી ઠંડીમાં જમી પરવારી અમે ધર્મશાળાના પહેલા માળે અમને મળેલ પોતપોતાની રૂમમાં સૂઈ ગયાં.

૩૦મીની સવારે ભગવાન શંકરને પ્રણિપાત કરી અમે અમારી વળતી સફર આરંભી. માર્ગમાં ગર્જના કરતા એક ભવ્ય જલપ્રપાતને જોયો. તેનું પાણી એક ગોળાકાર પોલા ખડકમાં ઠલવાઈને ત્યાં આબુના 'ટ્રેવર તાલ' જેવો વિશાળ સુંદર પ્રાકૃતિક સ્નાનકુંડ રચાયો હતો. આ રવતાલ નામક સ્થાનમાં જ અમે રાત ગાળી.

સવારે રવતાલથી અમે કાલીમઠ અને ગુપ્તકશી થઈને સોનપ્રયાગ જવા નીકળ્યાં. ત્યાં બિરલાના ગેસ્ટહાઉસમાં રાત ગાળી. બીજે દિવસે સવારે ગૌરીકુંડ અને ત્યાંથી ઘોડા ઉપર કેદારનાથ ગયાં. માર્ગમાં પાસે જ વહેતી મંદાકિનીનો કલરવ અને વચ્ચેવચ્ચે આવતા જલધોધના પડતાં પાણીનો ગંભીર નાદ માણતાં અમે સામાં મળતાં ને કેદારનાથથી પાછા ફરતાં યાત્રીઓ સાથે કેદારનાથની જય બોલાવતાં સાંજે અમે ઉદારનાથ પહોંચી ગયાં ને ત્યાંના મંદિર પાસેના એક ગેસ્ટહાઉસમાં ઉતારો કર્યો.

સવારના પહોરમાં જ હું દર્શનાર્થે મંદિરે પહોંચી ગયો. પર્વત-શિખરની તળેટીમાં આવેલા આ પ્રાચીન મંદિરની લાક્ષણિક બાંધણી તો અનેક ફોટોચિત્રો દ્વારા હવે બહુ પરિચિત બની ગઈ છે. તેના પ્રવેશની ભીંત ઉપર જ શ્રીકૃષ્ણ અને ગણેશજીની પ્રતિમાઓ કંડારેલી છે. મંદિરની અંદર પાંચ પાંડવો, દ્રૌપદી અને કુંતા માતા, ઉષા, અનિરુદ્ધ અને હનુમાનજીને પણ કંડારેલાં છે. આ મંદિરમાં નાતજાતના કોઈપણ ભેદભાવ વિના પ્રવેશી શકે છે એટલું જ નહીં, ગર્ભગૃહમાં પ્રવેશી શિવજીને ભેટી પણ શકે છે. અંદર જઈ ભગવાનના દર્શન કરતાં અમારી આ પંચકેદારની યાત્રા નિર્વિઘ્ને પાર પડવા બદલ કૃતજ્ઞતાપૂર્વક હું તેમની સમક્ષ નમી પડ્યો, ત્યારે જીવનની એક અદ્ભુત અનુભૂતિની તૃપ્તિ મારા ચહેરા પર ઝળહળી રહી હતી.

બસ,પછી તો ૩જી ઑક્ટોબરે કેદારનાથથી હરદ્વાર પહોંચી ગયાં. એક દિવસ ત્યાં આરામમાં ગાળી પાંચમીએ દિલ્હી થઈને મુંબઈ જવા અમે ત્યાંથી નીકળી ગયાં. પંચકેદારની આ યાત્રા, તેમાં જોએલા હિમાલયના હરિયાળાં પ્રાકૃતિક સૌંદર્યની અનુભૂતિ અને અનુભવો તો હવે જીવનભરની ચિરંજીવ સ્મૃતિ બની રહેશે. ❑

જીવાકાકા સુખી છે

મણિલાલ હ. પટેલ

આમ જોવા જઈએ તો જીવાકાકાને કોઈ વાતે કશું દુઃખ ન મળે. મલક આખાના મારગ માથે મકતું ઘર, પેઢીઓની આબરૂ એવી કે આજેય પાટીદારની ન્યાતમાં એ વાડીના ધણી, ગામમાં મોભી માણસ ને પંચમાં પહેલા. જ્યાં જાય ત્યાં લોકો આગ્રહ કરીને ઓશીકે બેસાડે, તાણ કરીને જમાડે. આગ્રહ કરીને હોકો સૌ પહેલાં પીવા ધરે. જીવાકાકા પણ સૌનું સાંભળે, સાચાનો પક્ષ લે છતાં વાંકવાળાની દયા ખાય ને એનેય બેઠો રહે એવી સોઈ કરી આલે. ન્યાયને નામે નબળાને નમાવે પણ છેક નીચો ના પાડી દે, એ માનભેર ઊભો રહે એવી જગા રાખે. ખરાખોટાનું ભાન કરાવે પણ ભોંયભેગો ન કરી દે.

'વ્યવહારમાં વગ નહીં ને તહેવારમાં તક નહીં' એમ કહેતા જીવાકાકા 'ભાંજઘડ તો ભોજાઈ જેવી ગણાય, એ કોઈ એકની જ થાય' આમ વખાણે 'પણ વીફરે તો વાઘણ જેવી. સારું કર્યું તે મેં કર્યું. ફાવ્યું ત્યાં લગી ઠીક છે, મારા ભાઈ ! બાકી તો તું કોણ ને હું કોણ !' એવું ઉમેરતા.

ભાંજઘડિયાને વહુની જેમ જશ નહીં. એટલે તો જીવાકાકાને મોટી વહુ હંમેશાં આ વાતે લડતી રહેતી. 'ઘરનું ખાવું, પોતાનું કામ ખોટી કરવું ને ઉપરથી લોકોની ગાળો ખાવાની. મહીસાગરમાં જાય તમારી એ ભાંજઘડ.' ભાંજઘડથી નારાજ થયેલો એક પક્ષ ને બીજા વચ્ચે પૈયાં ટેરનારાં તો હોય. એટલે જીવાકાકાને દીકરા કે વહુઓનું ઘણી વાર સાંભળવું પડતું. દીકરા તો જાણતા, સમજતા કે આવું તો થવાનું. ભાંજઘડમાં બંને પક્ષોને રાજી રાખનારા ને વચ્ચે રહીને નારદવેડા કરી પૈસા વીણી ખાનારાને લોક ખાંધિયા કહેતું. પણ એ વાતે જીવાકાકા નર્યા ને નકરા હતા. એટલે તો ભાંજઘડનું કહેણ ગમે ત્યાંથી આવે, દીકરા ના નહોતા પાડતા; બલકે દૂરનું ગામ હોય ને વખતે બસ ના હોય તો નાનો સ્કૂલમાં અડધી રજા મૂકીનેય જીવાકાકાને મૂકી આવતો ને લેવાય જતો.

પંચમાં પુછાતા થવા ને ન્યાતમાં વાડી પકડવા અંદરોઅંદર સ્પર્ધા થતી. પણ બે ગોળીના ચવડા કે બેઠક વગરના લોટા જેવા અદકપાંસળા લોકો એમાં ફાવતા નહોતા. ગામમાં આવાઓ 'રોગ' તરીકે ઓળખાતા. એ રોગ લડાવે-ઝઘડાવે, કૂતાં ખોળે ને સમી-સરખી વાતને રંટાવે, એમાંથી ક્યારેક ગામમાં બે પાટી (પાર્ટી) થઈ જાય. વાત વટેવળે ચઢે. આવા ટાણે જીવાકાકાનો જીવ સોરાય. ક્યાંક એમની હેડીનો ને મિત્ર જેવો માણસ સામા પક્ષે રહી કાવતરે ચઢે ત્યારે જીવાકાકાને ભારે કઢાપો થાય; પોતે મમત મૂકીને સૌને મનાવી ગામને એકતંત કરવા ચાહે. રાંટાઓ એમ થવા ન દે. ટાણે-પ્રસંગે કોઈ ખાવા જાય-ન જાય, આડી-અવળી વાતો થાય. આમ વિવાહમાં વરસીનો ઘાટ થાય ત્યારે સૌની નજર એક જીવાકાકા પર ઠરે. એ મહીમાતા માથે રાખીને બોલે. લોક સાંભળી રહે :

'ગામની કાકરી હું કામ કરવા બેઠા છો ? હવારથ હારુ હાચા હામે ધૂળ ઉરાડવાનું મેલી ઘો. આ ગાદીના ગામની પત્તર ના રગડો, તડમાં તપતું ને પરગણામાં ખપતું આ ગામ ! આવું ગામ તો ભાયગશાળીને મળે, ભૈ ! ભૂંડો ભૂંડાનો ભાગ ભજવે, પણ આપણે તો બે ઘડી વચાર કરવો પડે કે વાટમાં પડેલો પથરો ઢકેલા માંડવા ને રોડુંય ઢેકો લૂછવા કામ લાગે છે ભલાદમી ! હારું હૂઝે તો આગળ આવો નઈ તો હૌ હૌનાં ઘરોમાં ધાતે એ કરો, પણ ગામને માથે જો કે'ત આબ્બા દીધી છે તો મારા જેવો કોઈ ભૂંડો નથી, હા...' જીવાકાકા તપી જતા.

મોટી વહુ આગળ કોઈ જીવાકાકાની રાવ ખાઈને વહાલી વળવા આવતી તો મોટી વહુ સસરાનું સહેજેય ખરાબ સાંભળી લેવાને બદલે એને સંભળાવી દેતી :

'ભાંજઘડ કાંઈ વગર મફતની નથી થતી, મારી બૈ ! બાર મહિને બાર મણ ખાંડ-ચા વાપરીએ છીએ; બીડી-તમાકુનો તો હિસાબ જ નઈ. ખાટલા-ગાદલાં તૂટે એ નફામાં, એક માણસે ખડે પગે મહેમાનની સેવામાં રહેવું પડે છે - પછી ભલે માથે ચોમાહુ ગાજતું હોય. આ પડસાળની ઓકળીઓ બાર મહિનામાં બે વાર ઘસાતી તે લીંપી લીંપીને હાથ રહી જતા, પથરા કાંઈ અમથા નથી જડાયા. એ તો ઘસાય એ ઊજળું દેખાય, બુન ! દન્યોમાં ફોગટમાં તો ફૂમતુંય નથી મળતું. બબ્બે ભેંસો દોઉં છું પણ મહેમાનોમાં ઘી-દૂધ વપરાઈ જાય, પૈનુંય વેચાણ દૂધ-ઘીનું ના મળે, ને લોકો ડેરીઓ છલકાવે, ઘીના ડબ્બા ભરે છે. ખરચ કરવો નઈ ને મોટાભા થવું ? તે એમ કાંઈ આબરૂદાર થોડું થવાય છે !...'

સાંભળનારી બાઈ સમસમીને ચાલી જતી. જતાં જતાં મનમાં બબડાટ કરતી, 'મૂળે કારેલી કડવી ને પાછી લેંબડે ચડી... ના જોઈ ઓય મોટી આબરૂદાર ?'

જીવાકાકા પંચોતેરે પહોંચ્યા હતા. કંઈ કહેતાં કંઈ કસર નહોતી. દીકરીઓ આબરૂદારના ઘરોમાં પરણાવેલી તે એમનેય લીલી વાડી છે. ત્રણે દીકરાઓ પણ સારા કામધંધે વળગ્યા છે. સૌ પોતપોતાનાં ઘર ગોઠવીને જુદા રહે છે. એમને ટાઈમે ખાવાપીવાનું મળી રહે છે. દીકરાનાં સંતાનો એમનાં ધોતી-ઝભ્ભા-ટોપી-બંડી ધોઈને ગળી કરી આપે છે; ક્યારેક તો ઇસ્ત્રી પણ ફેરવી આપે છે... ને જીવાકાકા જ્યાં જવું હોય ત્યાં નિરાંત જીવે જઈ શકે છે.

આમ જોવા જઈએ તો જીવાકાકા ઘણા સુખી છે. પોતે ખાટલા ઢાળી પડસાળે બેસે છે. ગામલોકો ને મહેમાનો આવતાં-જતાં રહે છે. બસસ્ટૅન્ડ પાસે છે. પાણીવાળાને પાણી ને બીડીવાળાને બીડી. જીવાકાકા વાટે જતા પરગામીને હાથ ઝાલી ઘેર લાવે છે;

ચા પીવડાવે છે. જમવા જોગાને જમાડે છે. પરોણા તેડે છે. કેરીની સીઝનમાં રસ-પૂરી ને ડોડાના ગાળામાં છૂંદો. સગાં ને ગામ; જીવાકાકાને ત્યાં વર્ષમાં બે વાર તો જમ્યાં જ હોય.

જીવાકાકા સવાર-સાંજ ખેતરે આંટો મારે છે. બપોરે ખાઈને ખાટલે આડા પડખે થાય છે ત્યારે જીવાકાકાને થાય છે કે હવે પોતાનું ડિલ ડડવ્યું છે. ચહેરાની ને હાથપગની ચામડી લબડી પડી છે. ક્યારેક પગ તૂટે છે; હાથમાં કળતર થાય છે; ઘૂંટણમાં વા કરે છે; ચાલવામાં હવે તકલીફ થવા માંડી છે. સહેજ ઘઉંનો ખોરાક કે છાંટો ઘી વધારે ખવાઈ જાય તો પેટમાં અપચો વર્તાય છે. કઢી ભાવતી નથી. 'વહુઓ દૂધ ખાવા આપે છે પણ હવે એમનાં છોકરાં દૂધ ખાય એવા છે ત્યાં હું દૂધની આશા કરું એ કેમ ચાલે ?' આવા વિચારે ચઢેલા જીવાકાકા જાગીને તમાકુ મસળતા બેસી રહે છે.

પોતે તો જન્મારો આખો નળિયાંવાળા પિંઢેરી ઘરમાં કાઢ્યો, પણ દીકરાઓએ હવે પાકાં ધાબાવાળાં મકાનો કર્યાં છે. પંખા છે - લાઈટો છે, 'જાજરૂ ને બાથરૂમ'ની સગવડ છે. રેડિયાને બદલે હવે ટેપ-ટી.વી. આવી ગયાં છે. જીવાકાકા પણ ટી.વી. જુએ છે. દેશ-દેશાવરના મલક ટી.વી.માં જોતાં જોતાં જીવાકાકાને થાય છે કે પોતે પણ ચાર ધામની જાત્રા કરી છે. કાશી-મથુરા, બદરીનાથ-કેદારનાથ, પુરી-ગયા, રામેશ્વર, નાસિક-ત્રંબક, ગોદાવરી. આ દ્વારકા-ડાકોર તો ઘરઆંગણું છે. અંબાજી, શામળાજી કે શ્રીનાથજીની પણ કશી નવાઈ નથી. ઘરમાં કાશીથી આણેલો ગંગાજળનો લોટો છે. જીવાકાકાને થાય છે કે, દીકરા હવે મારી હયાતીમાં ગંગાપૂજન કરી દે તો સારું. ખર્ચ મોટો છે. પણ ન્યાતને જમાડવાનો ખર્ચ તે કાંઈ ખર્ચ કહેવાય? એ તો પુણ્યનું કામ છે. ન્યાતનો એઠવાડ આંગણે પડે તો આંગણું પાવન થાય. કોઈને એઠો હાથ કરાવવાનું પુણ્ય તો શાસ્ત્રમાંય લખ્યું છે. પોતે રામાયણ-મહાભારત વાંચેલાં, પડસાળે બેસી રાતે રાતે સૌને સંભળાવેલાં. હવે એક આ ગંગાપૂજનનું થઈ જાય તો - ગંગા નાહ્યા ! જગ જીત્યા ! પછી જખ મારે છે ઝાંપાવાળી !

મોટો ને નાનો તો મારું વેણ આજેય ઉથાપે એવા નથી. પણ પેલો વચેટ, શહેરમાં રહીને બદલાઈ ગયો છે; એ નામક્કર જાય તો ? તો ભલે જાય. ના, ના. ત્રણેય સંપીને સાથે ન્યાત કરે તો પોતાનો ડંકો વાગી જાય ને ! એ હોમહવનના યજ્ઞકુંડ ને આહુતિ આપતા બ્રાહ્મણોને મનોમન જોઈ રહ્યા... ન્યાત - આખું પરગણું ખુલ્લાં ખેતરોમાં જમવા બેઠું છે, મોડ-મોડિયાં માથે મૂકીને હાથમાં કંકુ-ચોખાના થાળ લઈ ન્યાતની પછવાડે ફરતી ને સત્કાર કરતી કુટુંબની સ્ત્રીઓ ગાઈ રહી છે :

'ગંગા પધાર્યાં આપણે ઘેર રે શામળિયા વ્હાલા..'

આમ જોવા જઈએ તો જીવાકાકાને કશો અફસોસ નથી. જીવતરમાં એમના આયોજન પ્રમાણે બધું ચાલેલું. જાત ઘસી નાખીને કમાયા, પેટે પાટા બાંધી સંતાનો ઉછેર્યાં, એમનાં સારાં સગાં માટે ખર્ચા કર્યા, વાણિયાનાં દેવાં થયાં તો વ્યાજ ભર્યાં, વચેટને ભણાવ્યો, ને એ એની આપસૂઝે સારું ભણ્યો. ખોટું નહીં કહેવાય. એણે ઘરનું દેવું ધોવામાં ને સૌના ખરચા કાઢવામાં અપાય એટલું આપ્યું હતું. હવે આજે જરા અતડો થઈ ગયો છે; અરે ! બોલતાંય પૈસા પડતા હોય એવું કરે છે ! ખરી વાત છે. પોતે એની લાગણીને કદી ન્યાય આપ્યો નહોતો. એને વાપરવા કાંઈ ન આપતા, જીવ કકળાવતા ને સૌને ટટળાવતા. લેવાનું થયું તો એને આંબો વેડતા હોય એમ વેડ્યે રાખેલો, કદીય ન કહ્યું કે, 'હવે તારા માટે થોડું રાખ !' જીવાકાકાનો સ્વભાવ જરા આકરો. જિદ્દી. પણ પોતે જે કર્યું તે સૌને માટે કર્યું છે. પોતે કાંઈ ગાદીતકિયે બેસી રહ્યા નથી - જીવને જંપવા દીધો નહોતો.

સવારે અંધારા અંધારામાં ઊઠી જવાનું. ઢોર છોડી નીરણ કરવાનું. કૂવેથી પાણી ભરી લાવવાનું. બીમાર પત્ની ને નાનાં બાળકોને જાતે ચા-પાણી કરી આપી અજવાળું થતાં થતાં તો ખેતરે પહોંચી જવાનું – હળ-લાકડું લઈને. સૌને ખેતરે ભાત આવે. પોતે રોટલા ખાવા ઘરે આવવાનું. ક્યારેક ભાંજઘડ આવી પડે તો રાત વેઠીને જવાનું, ને બદલામાં ખરા બપોરે તડકામાં ખેડવાનાં ખેતરો. નીંદામણ જાતે ને વાઢણાં પોતાને માથે.

જીવાકાકાએ વેઠવામાં પાછું વાળીને ભાળ્યું નથી. કાળે ઉનાળે ખાતરનાં ગાડાં જોડવાનાં. છાણિયા ઉકરડા ખેતરે ઠાલવવાના. વળતાં તળાવના કાંપવાળાં ખેતરાઉ ઢેફાં નાખવાનાં બીજી ક્યારીમાં. થોડાં ઘરના કોઢિયે લાવવાનાં. ચોમાસે ખાડા પૂરવા. શેઢા વાળવાના જેઠના તાપમાં. આંબળિયામાં ચૈણ જોડી સરખી કરવાની મોસમ. પૈંપળિયામાં વાડ કરવાની. બાંમણિયામાં છીંડાં પૂરવાનાં, મોવડિયામાં પથ્થર વીણવાના, માળની દાંતી ગોડાવવાની, ભટિયામાં કાંટા ઝીંટવાના, ભાઠોડમાં ઊછરતાં ઝાડ જોવાં-કરવાનાં. આંબાવાળીમાં ઘરવાડિયું કરવાનું ને ઝરામાં વરાપની વાટ જોવાની. ત્યારે ક્યાં નેહરો હતી !

આજેય ખેતરશેઢે જવાનું. ઊછરતાં ઝાડ-પાન સાચવવાનાં. વાડેથી કંકોડાં વીણી લાવવાનાં, વાડામાં કોળી-કંટાળી-નૈયાના વેલા ઊછેરવાના. બીજાં શાક સારુ વાલોળ-ગિલોડીનાં કળિયાં રોપવાનાં, મરચી-રીંગણીમાં ગોડ મારવાનો. પણ થાકી જવાય છે હવે ! હળ-સમાળ ઊંચકાતાં નથી. અરે ! હુકો ભરતાંય હાથ ધ્રુજે છે, ભાઈ ! ફેલાં આમળી પરસંગ થતા નથી, રાશ-દામણાં મેળાતાં નથી. પણ બેઠે બેઠે ટાઈમ જતો નથી, કામ કરે તો તાવ ચડી જાય છે. બોલે તો વહુને વાંકું પડે છે, સૌ કહે છે' 'છાનામાના રામરામ કરો. તમારે શું ચિંતા છે હવે ?'

(અનુસંધાન પૃ. ૩૨૨ પર)

જંગલ

કૃષ્ણ આલનહલ્લી અનુ. પ્રફુલ્લ રાવલ

ચંદ્રગૌડા રોજ રાતની જેમ ઘરમાં ન સૂતાં ચપ્પલ પહેરીને, બૅટરી લઈને બહાર નીકળી ગયા તો કમલમ્મા ઉદાસ થઈ ગઈ. હંમેશાં ઉદાસ રહેનાર મામી આજે સવારથી હસી રહી હતી. કિટ્ટીએ ઇચ્છ્યું કે મામી હંમેશાં આ રીતે રહે. પરંતુ મામાના ગયા પછી મામી ડેલીને અડકીને ઊભી રહી. સાફ કાચના ફાનસમાં જરાય નહીં હલતી નિશ્ચલ ઝાળ તરફ કિટ્ટી જોવા લાગ્યો. તેની મંદ રોશની મામીના મોંને પ્રકાશિત કરી રહી હતી. મામીની આંખમાં ઉભરાયેલાં આંસુને જોઈને કિટ્ટીને પીડા થઈ. પલંગમાં બેઠાં બેઠાં પલાખા લખવાનું છોડીને તે એ રંગીન પુસ્તકમાં છપાયેલાં ભરતીના ચિત્રની નકલ કરી રહ્યો હતો. બધું જ એક બાજુ ફેંકીને તે પલંગ પરથી નીચે ઊતરી ગયો.

કિટ્ટી મામીની પાસે આવીને ઊભો રહી ગયો. પરંતુ કમલમ્માનું ધ્યાન તેની તરફ ન ગયું. તે ઊભી ઊભી ક્યાંક દૂર જોઈ રહી હતી. કિટ્ટીને યાદ હતું કે આ રીતે અનેકવાર આંખમાં આંસુ સાથે તે પથ્થરની પ્રતિમાની જેમ ઊભી રહી હતી. કિટ્ટીએ સાડી પકડીને ખેંચતા કહ્યું : 'મામી !' મામી ચૂપ રહી. પછી એમણે પાલવ ખેંચ્યો. તેમણે નજર નીચી કરી. આંખોની પાંપણ પર જામેલાં બિંદુઓ ટપટપ કરીને કિટ્ટીના ચહેરા પર પડ્યાં. ગરમ બિંદુઓ પડવાથી કિટ્ટી પોતાને સંભાળી ન શક્યો. મામીની સાડીમાં મોં છુપાવીને રડવા લાગ્યો. કિટ્ટીને પોતાની તરફ ખેંચીને અને ચહેરાને છાતીએ લગાવીને કમલમ્માને લાગ્યું કે જાણે કોઈ કિનારો મળી ગયો છે ! તેમણે એક ઊંડો શ્વાસ લીધો. કિટ્ટી સિવાય તેનું પોતાનું કોઈ બીજું નથી, એવું વિચારીને તેને વારંવાર ગળે વળગાડીને ચૂમવા લાગી.

કિટ્ટીને ખૂબ વિચિત્ર લાગ્યું. આજે મામી એવું કેમ રહી રહ્યાં છે ? કશું જ ન સમજતાં છાતીમાંથી મોં બહાર કાઢીને આંખો લૂછતાં તેણે પૂછ્યું : 'કેમ રડી રહ્યાં છો, મામી ?' પછી પોતે જ રડવા લાગ્યો. કિટ્ટીની વાત ન સાંભળીને કમલમ્માએ પોતાની જાતને કહ્યું : 'ન જાણે કયા જનમનું પાપ છે ! હજી એનો પ્રભાવ ખતમ નથી થયો.' કિટ્ટીની સમજમાં કશું ન આવ્યું. તે મામીની તરફ એકીટસે જોઈ રહ્યો હતો. કિટ્ટીને જૂની યાદો સતાવવા લાગી. મામા રોજ રાત્રે હોસૂર કેમ જાય છે ? મામીને પૂછીએ તો એ કેમ રડે છે ? લોંપી કહે છે : 'આ બધું જાણીને તું શું કરીશ ? નાના છોકરાએ આવી વાતો ન સાંભળવી જોઈએ.' આવું કહીને એ હસે છે કેમ ? અચાનક તેને યાદ આવ્યું કે સાંજે સ્કૂલેથી પાછા ફરતી વખતે હોસૂરના મોટા દેવાલયની સામે શિવગંગા,, ચન્નોરુ અને પાંચ-છ માણસો એ તરફ આંખો ફાડીને જોઈ રહ્યા હતા. બસક્કાના ઘરની પાસે આવતાં જ તે કિટ્ટીને ખેંચીને પોતાના ઘરની અંદર લઈ ગયો હતો અને 'કોડબેલે' આવીને રાતે જે કંઈ થયું હતું તેના વિશે પૂછ્યું હતું. તેણે કશુંક કહ્યું હતું. મામીએ ત્યાં જવાની મનાઈ કરી હતી, છતાં ય તે ગયો હતો. કિટ્ટીને લાગ્યું કે તેણે આવું કરીને ભૂલ કરી છે.

આંખો લૂછતાં કમલમ્માએ કહ્યું - 'ઊઠ, કિટ્ટી !' તેણે વરંડામાં પથારી પાથરી. લોંપી પહેરો ભરવા ગયો હતો. સિલને ચબૂતરા પર સૂવાનું હતું. મામીએ તેને અંદર બોલાવ્યો. સિલે ગૌશાળામાંથી ચટાઈ લાવીને વરંડામાં છેડેથી ગૌશાળાની અંદર સુધી પાથરી દીધી. ધીરે ધીરે ઠંડી ફેલાતી હતી. એવું વિચાર્યું કે હાડકાં સુધી પહોંચી જતી ઠંડીની સામે આ નાની એવી રજાઈ શું કામની. તેણે કહ્યું : 'મા, એક ધૂંસો હોય તો દો'.

'ચબૂતરા પર તો વધુ ઠંડી લાગશે, સિલ'. મામી કહ્યું.

'હા, માજી !' કહીને સિલે પાથરણાના કિનારે બેઠેલા મોત્નની તરફ જોયું અને કહ્યું :

'પછી આ પણ સોડમાં આવીને બેસી જાય છે.'

'અરે ! હા, કૂતરાને ખાવાનું આપવાનું જ ભૂલી ગઈ.' કહીને કમલમ્માએ છાશમાં ભાત અને લોટ ઘોળીને આંગણાંમાં પડેલા એક મોટા પથ્થર પર મૂકી દીધું. સિલને નવાઈ લાગી કે ખાવાનું નીચે મૂક્યા પહેલાં જ ઝડપથી ચાટવાવાળો મોત્ન આજે કેમ થોડું જ ખાઈને સિલની ચટાઈના એ ખૂણે પગ લંબાવી સૂઈ ગયો. તેણે વિચાર્યું, કદાચ એણે પહેલાં કશુંક ખાઈ લીધું હશે. કબાટમાંથી એક જૂની ચાદર અને એક જૂનો કામળો કાઢીને સિલને આપતાં કમલમ્મા બોલી : 'લોંપીને પણ દેજે.' કામળો પોતાના માટે રાખી સિલે લોંપીને ચાદર દેવાનો નિર્ણય કર્યો.

વરંડામાં રાખેલા લૅમ્પને ધીમો કરીને પછી એણે કિટ્ટીને નજીક ખેંચીને સુવડાવી દીધો. પરંતુ ઊંઘ ન્હોતી આવતી. એને નવાઈ લાગતી હતી. રાતે જે કંઈ થયું હતું તેની યાદ ઊભરાઈ આવી. રાત્રે એકલા હોસૂરથી પાછા આવતાં જો એ બધાં મળીને કશુંક કરે તો ? એની છાતી ધક્ ધક્ થવા લાગી. કશુંક યાદ આવ્યું તો ઊભી થઈને વચ્ચેના ખંડમાં ચાલી ગઈ. કિટ્ટીને પણ ઊંઘ ન્હોતી આવતી. એ પણ ઊભો થઈને મામીની પાછળ જ ચાલી નીકળ્યો. મામીએ વચ્ચેના ખંડમાં ટીંગાડેલી દેવી-દેવતાઓની તસવીરોની સામે તેમનો દીવો સળગાવ્યો. હાથ જોડીને તે બહુ વાર સુધી એમ

જ ઊભી રહી. કિટ્ટી પણ હાથ જોડીને ચૂપચાપ મામીની પાછળ ઊભો રહ્યો. મામીએ પાછું વાળીને જોયું તો તેને કિટ્ટી દેખાયો. તેનો કંઠ ભરાઈ ગયો. વાત્સલ્યથી તેણે એની પોતાની તરફ ખેંચી લીધો. સૂતાં પછી પણ મામી વચ્ચે વચ્ચે હીબકાઈ જતી હતી. કિટ્ટીને લાગ્યું કે અંદર ને અંદર એને કોઈ કાંટો ભોંકાઈ રહ્યો છે. મામી વ્યર્થ જ આમ કેમ રોવે છે? પૂછવાથી ક્યાંક ફરી ન રોવા લાગે, એ ભયથી કિટ્ટી ચૂપચાપ સૂઈ ગયો.

સવારે ઊઠીને તેણે જોયું કે ઘરની સામે ગુપચુપ વાતો થઈ રહી હતી. અવાજ સાંભળીને બહાર આવી ગયો. ખેતરમાં ચોકી કરવા ગયેલા નોકર ઢોરની કોઢ પાસે ભેગા થાય હતા. મામી પણ ત્યાં જ હતી. અનેક વાર સાંઢ ને બારશિંગાને મારીને ગૌશાળામાં લાવીને રાખવાની વાત તેને યાદ આવી ગઈ. કિટ્ટી એવું વિચારીને એવું જ કંઈક થશે એમ માનીને પાસે આવી ગયો. બધાં ગૌરીને વીંટળાઈને ઊભા રહ્યાં. કિટ્ટીએ જોયું કે ગૌરી - વાછરડીના જડબાંઓ નીચેનો ભાગ ફાટીને અલગ પડી ગયો છે. નીચેનું જડબું, જીભ, દાઢી - બધું મળીને માંસનો પિંડ બનીને લબડી રહ્યો હતો. લોહી ટપકી રહ્યું હતું. તેની આંખમાં આંસુ હતાં. ઘેરીને ઊભેલાં લોકો દુઃખથી કહી રહ્યાં હતાં : 'અત્યારે કોણે બારૂત મૂક્યો હશે ?' બુંદેમાદે કહ્યું : 'એ જ મંદિરની બાજુવાળી હશે'

'મગફળી વાવતી વખતે બારૂત મૂકવો જોઈએ. હવે તો ઠંડી આવી ગઈ છે. હવે ક્યાંય બારૂત મૂકવામાં આવ છે ?' બધાં લોકો સ્વામી ગૌડાને મનોમન ગાળો દેતાં હતાં.

ગૌરી મરી ગઈ હોત તો સારું હતું. બારૂત ફાટવાથી તેના મોંની નીચેનો ભાગ અલગ થઈને લટકી રહ્યો હતો. મરતી પણ ન્હોતી, જીવતી પણ ન્હોતી ! મામી દસ-બાર વાર એની સામે જઈને રોઈ હતી. ગામનાં લોકો આવી આવીને જોઈ ગયાં હતાં. તેની સામે જોતાં કિટ્ટીની આંખોમાં પાણી આવી જતાં હતાં. કઢાઈમાં પાણી ભરીને તેની સામે રાખવામાં આવ્યું. તરસી વાછરડી કઢાઈમાં મોં જ નાખી શકી. એની પીડા જોઈને કિટ્ટીને બહુ દુઃખ થયું. તે એની સામે બેસીને રોવા માંડ્યો. લોંપી તેને ધીરે ધીરે ગૌશાળામાં લઈ આવ્યો. સિલની ધ્રુજારી હજુ ઓછી થઈ ન્હોતી. કાલે સાંજે વાછરડી ખૂંટો તોડીને ભાગી ગઈ હતી. સિલે વિચારેલું કે ચરીને પાછી આવશે. તેથી તે ચૂપ હતો. કોઈને એણે કશું કહ્યું ન્હોતું. પરંતુ હવે ગૌડ પૂછશે તો શું કહેશે, એવું વિચારીને એ એની નજરથી બચી રહ્યો હતો. આખો દિવસ કિટ્ટીની આંખો અને મન પર વાછરડીનું ચિત્ર વસી રહ્યું. સાંજે સ્કૂલથી આવતાં જ એ ગૌશાળા તરફ દોડ્યો. વાછરડી સવારની જેમ હતી. એમ જ હજુ પણ ઊભી હતી. તેની તરફ જોતી વાછરડીની આંખોમાં પાણી હતું. કિટ્ટી અંદર જઈને એક મોટા વાસણમાં પાણી ભરવા માંડ્યો ત્યારે કમલમ્માએ પૂછ્યું : 'કેમ પાણી જોઈએ, કિટ્ટી ?' કિટ્ટીએ કહ્યું : 'ગૌરીને પીવડાવવા માટે.' કમલમ્માએ કહ્યું : 'એ કેવી રીતે પીશે, કિટ્ટી ? જીભ હોય તો પીવે ને !' કિટ્ટીએ એની પરવા ન કરી. પાણી છલકાવાથી એનાં કપડાં ભીનાં થઈ ગયાં હતાં. તો પણ તેણે પાણી લાવીને ગૌરીની સામે મૂકી દીધું. તે પાણી પીવા પહેલાંની જેમ તડપવા લાગી. એ પાણી ન પી શકી. થોડીક વાર વૃક્ષની નીચે થડ પર હાથ રાખીને તે ઊભો ઊભો વિચારતો રહ્યો. પછી અંદર જઈને દૂધનો લોટો લઈ આવ્યો.તેમાં દૂધ ભરીને ગૌરીનું મોં ઊંચું કરીને એમાં રેડવા માંડ્યો. સૂકા ગળામાંથી ઘર્ ઘર્...ર્ અવાજ નીકળ્યો. કિટ્ટીને ખૂબ આનંદ થયો. એણે એ રીતે વાસણનું બધું પાણી પૂરું કરી નાખ્યું. પછી એ એને ઘાસ ખવડાવવાનું વિચારવા લાગ્યો. બહુ વિચારવા છતાં પણ ઘાસ ખવડાવવાનો કોઈ ઉપાય ન સૂઝ્યો. કિટ્ટીને આખી રાત ગૌરીની ચિંતા સતાવતી રહી.

બિચારીએ આખો દિવસ કશું ન ખાધું. તેને બહુ ભૂખ લાગી હશે? કરે પણ શું? તેને કેટલી પીડા થતી હશે? રાતે મરી ગઈ હોત તો? કિટ્ટીને બરાબર એની બીક લાગતી રહી. સવારે ઊઠતાં જ એ ગૌશાળા તરફ ગયો. જોયું તો સાત-આઠ માણસો અને મામા ભેગા થઈને તેના પગ લાકડીથી બાંધી રહ્યા હતા. કિટ્ટી પાસે આવ્યો. કિટ્ટીની આંખમાં પાણી જોઈને લોંપીએ મજાક કરી. તેઓ ગૌરીને પીપળાવાળા ખેતર સુધી ઊંધાં માથે લઈ ગયા. લોંપીએ આનંદથી કહ્યું : 'આજે સાંજે તો માંસ મળશે'. પછી તેણે કિટ્ટી તરફ જોયું. કિટ્ટીના મનમાં દુઃખ અને રોષ બંને એકસાથે ઊભરાઈ આવ્યાં. તે પેલા વૃક્ષ પાસે આંખોમાં આંસુ ભરી પથ્થરની જેમ બેસી ગયો.

સ્કૂલે જવાનું મન જ ન્હોતું. મામીએ કહ્યું : 'આજે શનિવાર છે. જલદી છૂટી જઈશ. સ્કૂલ જઈ આવ. સાંજે બજારમાં જવું છે.' બજારનું નામ સાંભળીને કૂદતો કિટ્ટી ખામોશ ઊભો રહ્યો. તે ચૂપચાપ સ્કૂલે જતો રહ્યો. કાલથી શોકગ્રસ્ત કિટ્ટીને સમજાવતાં-સમજાવતાં મામી હારી ગઈ હતી. તે સમજતી હતી કે કિટ્ટીના કોમળ મનને કેટલી પીડા પહોંચી છે. ખીજવવાની ઇચ્છાથી બોલી : 'જો કિટ્ટી, હું પણ ગૌરીની જેમ મરી જાઉં તો... શું કરીશ?' કિટ્ટી શું કહે ? કશું સમજમાં ન આવ્યું. તેને લાગ્યું કે જાણે કોઈએ એના કાનમાં કાંટા ભરી દીધા છે ! એની આંખો ધૂંધળી થઈ ગઈ. કમલમ્મા આ જોઈને બહુ જ દ્રવિત થઈ ગઈ અને બોલી - 'ના, કિટ્ટી, હું મરીશ નહીં.' તે એના શરીર પર હાથ પસારવા માંડી.

કિટ્ટીએ ચબૂતરા પર ઊભા થઈને જોયું કે પીપળાવાળા ખેતરમાં કાળાં કાળાં ભયાનક ગીધ-કાગડાઓ ઊડી રહ્યાં છે. વૃક્ષની નીચે બહુ સ્ત્રીઓ-બાળકો બેઠાં હતાં. કિટ્ટીએ વિચાર્યું કે એ બધાં ગૌરીના માંસને કાપીને અંદરોઅંદર વહેંચી રહ્યાં હશે. પહેલાં પણ તે કેટલીક વાર જોઈ ચૂક્યો હતો કે વૃદ્ધ થઈને મરનાર ઘરના ઢોરને લોકો ત્યાં લઈ જઈને ફેંકી આવે છે. અને વૃક્ષની નીચે માંસની વહેંચણી થાય છે. ત્યારે જોવામાં તેને આ બધું તમાશા જેવું લાગતું હતું. પરંતુ હવે ગૌરીના માંસની વહેંચણીની વાત વિચારીને તેને

રોવાનું મન થયું. એ અંદર જઈને પલંગ પર સૂઈ ગયો. તેના મનમાં ગૌરીના મોતનું ભયંકર ચિત્ર નાચી રહ્યું હતું.

મામી બજાર જવા નીકળી રહી હતી. રોકાઈને બોલી : 'ચાલ, કિટ્ટી'. કિટ્ટી કમને સાથે ગયો. નાગી પણ પોતાની નાનીમા સાથે બજાર આવી હતી. તળાવની પાસે પહોંચીને કિટ્ટીએ જોયું કે આંબલીના વૃક્ષ નીચે, પથ્થર પર ગાંસડી મૂકીને પૂજારીના ઘરની સાવિત્રીમ્મા બેઠી છે. તેને જોઈને કિટ્ટીને ગુસ્સો પણ આવ્યો અને હસવું પણ. કિટ્ટીને એને જોવાનું જરાય ગમતું નહીં. જ્યારે પણ એ આવતી તો 'શુદ્ર, રાંડનું સંતાન' કહીને ગાળ દેતી હતી. ભલે એ ગમે તેટલી દૂર હોય, એને ખ્યાલ આવી જતો હતો. એના ઘરે અનંતને રમવા બોલાવવા જતો તો 'અનંત' એવા પુકારથી ગાળ દઈને બોલતી - 'અનંતય્યા કહે ને !'

પૂજારીના ઘરવાળાને જોતાં તરત જ એક ઘટના યાદ આવી જતી હતી. ગમે તેટલું દૂર ચાલીએ તો પણ 'શુદ્ર, રાંડની સંતાન, દૂર ખસ' કહેનાર એ સ્ત્રીને રસ્તે લાવવાનો એક ઉપાય રાજુએ કિટ્ટીને બતાવ્યો હતો. તે કિટ્ટીથી પણ મોટો હતો, પરંતુ એને પણ ગાળ દેતી હતી. તેની વાર્તા સાંભળવા છતાં પણ સમજમાં આવતી ન્હોતી, તેમ છતાં સાંભળવાની ઉત્સુકતા બરાબર રહેતી. દાદ્દ-ગૌડાના નવા ઘરમાં લાકડાનું કામ કરવા માટે આવેલ પાલઘાટના ભાસ્કરની સાથે ન જાણે શું શું ચાલે છે, રાજુ સંભળાવતો હતો. સાંભળીને બહુ મજા આવતી હતી.

'આજે સાવિત્રીમ્માને પાઠ ભણાવીશું, ચાલ, કિટ્ટી !' રાજુએ કહ્યું. કિટ્ટી બદલો લેવા તૈયાર થઈને નીકળ્યો. બપોરે કપડાં ધોવા માટે સાવિત્રીમ્મા તળાવ પર આવે છે. બંને એની પ્રતીક્ષામાં બેસી ગયા. તે એક પગથિયું ઊતરીને ધોયેલી એક એક સાડીને ખીલા પર સૂકવવા માટે મૂકી રહી હતી. તેઓ ઝાડીની આડમાંથી જ એને જોતા હતા. જ્યારે લાલ સાડી લઈને સૂકવવા માટે પહોળી કરીને પછી પગથિયા પર ચાલી ગઈ ત્યારે બંનેએ પૂર્વયોજના અનુસાર સાડી પર અહીંથી ત્યાં સુધી પેશાબ કરીને તેને ભીની કરી નાખી અને ત્યાંથી ભાગી ગયા. સવારે જ્યારે તે એ જ સાડી પહેરીને મંદિર જઈ રહી હતી તો તે જોઈને કિટ્ટીને ખૂબ હસવું આવ્યું. હસીહસીને તેના પેટમાં આંટી પડી ગઈ.

કાલે સવારે ગુમસુમ કિટ્ટીને અચાનક હસતો જોઈને કમલમ્માને આશ્ચર્ય થયું. પૂછ્યું : 'કેમ રે, કિટ્ટી, આટલું બધું કેમ હસી રહ્યો છે ?' તેને સમજાયું નહીં કે તે શું કહે. તેણે બીજી બાજુ મોં ફેરવી લીધું. પછી એણે જે કંઈ કહ્યું હતું, મામીને કહી સંભળાવ્યું. મામીએ કહ્યું : 'કિટ્ટી, એવું ન કરવું જોઈએ. એવું કરીશ તો પાપ લાગશે.' ત્યારે તેને એ વાત યાદ આવી ગઈ. સાવિત્રીમ્મા, મામી, કલ્યાણી બધાં એ દિવસે કેંચ-દેવીના ન્યાયના વિશે જ વાતચીત કરી રહ્યાં હતાં. સન્તેમાલની પાસે આવવાથી ધીમેધીમે કિટ્ટી બદલાઈ ગયો હતો. સાવિત્રીમ્માને જોઈને ગૌરીના મૃત્યુને તે જરાક ભૂલી ગયો હતો.

મામીની સાથે બજારથી પાછા આવતા તેણે જોયું કે મામા સિદ્ધલિંગપ્પાની હોટલમાં બેઠા છે. તેમણે તેને બોલાવીને દાળ-સેવ અપાવ્યાં. સામાનથી ભરેલી મામીની છાબડીમાં તેણે દાળ-સેવ મૂકી દીધાં. બજારથી આટલી જલદી પાછા આવવાની ઇચ્છા ન્હોતી, તેથી તે આગળ-પાછળ જોતો આવવા લાગ્યો. નાગીની નાનીમા મામીની સાથે વાતો કરતી ચાલી રહી હતી. સાવિત્રીમ્મા હજુ સુધી પૂરો સામાન ખરીદી શકી ન્હોતી. કિટ્ટીએ મામીને કહ્યું : 'મામી, એ કહી રહી હતી કે બસક્કા ખાવા દેશે. હું ન ગયો. કેમ નાગી ?' નાગીએ 'હં' કહ્યું. કમલમ્માએ હસીને કહ્યું : 'કારેલાં અને તે પણ મીઠું ચડાવેલાં !' પછી કલ્યાણીની સાથે વાતો કરવા લાગી.

કિટ્ટીએ નાગીને કહ્યું : 'નાગી, મુંબઈ-કલકત્તા જોયું છે ? જાણે છે, તેમાં ધર્મરાજા યમનું નગર કેવું હતું ?' નાગીએ કહ્યું : 'જોયું હતું, કેવી શિક્ષા દે છે ?' કિટ્ટીએ કહ્યું - 'બીજું નહીં તો શું ? પાપ કરશે, તો શું એમ જ છોડી દેશે. ! માટે જ પાપ ન કરવું જોઈએ.' નાગીને 'પાપ' સમજમાં ન આવ્યું. 'પાપનો અર્થ શું, કિટ્ટી ?' નાગીએ પૂછ્યું. 'હત્તેરી. તું જાણતી નથી.' કહીને કિટ્ટી વિચારવા લાગ્યો કે શું કહેવું જોઈએ. કશું સમજમાં ન આવ્યું તો બોલ્યો : 'પછી બતાવીશ.'

રાતે સૂતી વખતે કિટ્ટીને તે દિવસે મરનારી ગૌરીની યાદ આવી ગઈ. કેટલું ય ભૂલવા ઇચ્છે પણ - એનું અડધું દાઝેલું, હસતું મોં, લટકી જનારો હિસ્સો, આંખમાંથી વહેતાં પાણી, પાણી પીવા માટે તડપવું, છેલ્લે લોકોનું તેને ખેંચીને લઈ જવું, ભયંકર ગીધ કાગડા ઊડવા, બજારમાં મુંબઈ-કલકત્તાવાળાની જોયેલી યમનગરી, સાવિત્રીમ્માની સાડી પર પેશાબ કરવો, લાલ-પીળા શરબતોથી ભરેલા શીશા, આંખો બંધ કરવાથી જ આંખોની સામે નાચવા લાગે છે. મામી સૂતી હતી. ઊઠીને પલંગ સરકાવીને બોલી : 'મોભની નીચે સૂવાથી આખી રાત ખરાબ સપનાં જ આવતાં રહેશે.' (ક્રમશઃ)

નવું લવાજમ

આ અંક સાથે ઘણાખરા ગ્રાહકોનું લવાજમ પૂરું થાય છે. સપ્ટેમ્બરનો અંક ૮૦૦મા અંક તરીકે પ્રકટ થશે. આ અંક પ્રાપ્ત કરવા જેમનું લવાજમ આ જુલાઈ કે ઑગસ્ટમાં પૂરું થાય છે તેમણે પોતાનું નવા વર્ષનું લવાજમ રૂ. ૧૦૦ ઑગસ્ટની ૧૫મી સુધીમાં મોકલી આપવા વિનંતી છે. ત્યાર પછીથી જેમનું લવાજમ મળશે તેમને ૮૦૦મો અંક સિલકમાં હશે તો જ મોકલાશે તેની ગ્રાહકો તથા એજન્ટોએ નોંધ લેવી.

નવા થનાર ગ્રાહકોએ ૮૦૦મો અંક પ્રાપ્ત કરવા લવાજમ રૂ. ૧૨૫ મોકલવાનું રહેશે. જે નવા ગ્રાહકનું લવાજમ રૂ. ૧૦૦ મળશે તેમને ૮૦૦મો અંક મોકલી શકાશે નહિ.

૮૦૦મા અંકની છૂટક કિંમત રૂ. ૫૦ રહેશે; પરન્તુ ૩૧મી ઑગસ્ટ પહેલાં આગોતરી વરદી નોંધાવનારને તે માત્ર રૂ. ૪૦ માં જ મળશે. ટ. ખ. કાર્યાલય ભોગવશે.

તઝર

પ્રીતિ સેનગુપ્તા

દક્ષિણ ટ્યુનિશિયાને આવરીને રહેલા રેતાળ, શુષ્ક રણની વચમાં કુદરતી રીતે વહી નીકળેલા પાણીના વિપુલ વહેણની આસપાસ ગીચ ઊગેલાં તાલ-વૃક્ષોની સાથેસાથે એક ગામ વસી ગયું છે. તે જ તઝર. અરબી ઉચ્ચાર કેવો સહેલો લાગે છે. અંગ્રેજી કક્કા પ્રમાણે લખતા અઘરું બને છે : Tozeur, અને ફ્રેન્ચ ઉચ્ચાર તો વળી એથી પણ અઘરો.

તઝરમાં પ્રવાસીઓને માટે રણદ્વીપ સિવાય પણ બીજી કેટલીક જગ્યાઓ છે. એક તો 'સહરામાંનું પ્રાણીગૃહ', બીજી તે 'સ્વર્ગીય ઉદ્યાન' અને ત્રીજું ત્યાંનું સંગ્રહાલય. પ્રાણીગૃહ જોઈને મને તો દયા આવી ગઈ – પ્રાણી ને પંખીઓની જ તો! થોડાં હરણ, નાનાં પ્રાણી, ને થોડાં 'રેપ્ટાઈલ' હતાં. કોઈ પાંજરાનાં ઠેકાણાં નહીં. ક્યાંય કશી 'જીવંતતા' નહીં. એક ઊંટ હતું, તે અમને જણાવવામાં આવ્યું એ મુજબ, કોકો-કોલાની લતે ચડી ગયું હતું. પંખીઓ માટેના એક મોટા જેવા પાંજરામાં સાવ એકલું એક વાંદરું હતું. તદ્દન શાંત બેઠેલું, ને મને તો ઉદાસ જ લાગ્યું. વચમાં એક જગ્યાએ ઢગલો કરીને ખડકાયેલાં ઘણાં બધાં હાડકાં હતાં – ત્યાં મરી ગયેલાં પ્રાણીઓનાં જ હશે.

હું તરત નીકળવાના દરવાજા પાસે, બહાર જવા માટે બાકીનાંની રાહ જોતી ઊભી રહી ગઈ. જ્યારે જીવોને સાચવવાના પણ પૈસા ના હોય ત્યારે 'ઝૂ' બનાવવાનો વિચાર પણ કોઈને કઈ રીતે આવતો હશે ? બાજુમાં જ ઉદ્યાન હતું. એ તો ઘણું વખણાય છે, ને સારું હતું. જુદી જ જાતનાં ફૂલો જોવાં મળ્યાં. ચાલવાના પથોની બે તરફ ફળોથી લચેલાં થોડાં ઝાડ હતાં. પણ સુકાઈને સાવ મરી ગયેલી એક નાનકડી કેળ કશીક ઉપેક્ષાના સૂચન જેવી લાગી.

બાગમાં એક થોડી ખુલ્લી જગ્યામાં કંઈક પીણાં વેચાતાં હતાં. ભલે અમે રણદ્વીપમાં હોઈએ, તડકો તો રણનો જ ને, તેથી તરસ વારંવાર લાગતી રહેતી. મને શરબત કે ઍરેટેડ સોડા પીવાનું બહુ મન થાય નહીં. જોઈએ તો પાણી જ. પણ બાગના એ ફેરિયા પાસે એવા સરસ રંગનાં પીણાં હતાં-લીલો, ગુલાબી, ભૂરો, જાંબલી. દરેકને પાછાં રંગ પ્રમાણેનાં સ્વાદ-સુગંધના નામ વરાવવામાં આવેલાં. એટલે હું લલચાઈ, ને લીલું પીણું ખરીદ્યું. ગળ્યું પાણી, કે એવું જ કંઈક, ને પીસ્તાંનો સ્વાદ તો લાગ્યો પણ નહીં. રોઝ ફ્લેવર લીધી હોત તો સારું થાત !

દાર શેરત (cheraiet) નામનું જે સંગ્રહાલય હતું તે ખરેખર બહુ જ સરસ હતું. નવું જ બંધાયેલું એનું મકાન જોઈને જ ખુશ થઈ જવાય. અરબી સ્થાપત્ય – એટલે કે થાંભલા, કમાન, ઝરૂખા, ગુંબજ; અને આખું સફેદ રંગેલું. કામ તો હજી ચાલુ જ હતું. બાંધકામને લગતો ઘણો સામાન મકાનના જુદાજુદા ભાગોમાં હજી દેખાતો હતો. પ્રવેશ કર્યા પછી આવતા ચૉકમાં, નાના પાંજરામાં પુરાયેલાં પ્રાણીની જેમ, પવન અકળાતો હતો. દીવાલો પર બધે જ સુંદર, રંગબેરંગી, લાક્ષણિક ટાઈલ્સનું પ્રાચુર્ય હતું. જેટલી સુશોભિત ઈમારત હતી તેટલું જ જોવાલાયક એમાં સંગૃહીત કળા-ધન હતું. મોટે ભાગે ૧૯મી સદીમાંના ટ્યુનિશિયન જીવનનાં સાંસ્કૃતિક અને સામાજિક પાસાં એમાં પ્રદર્શિત કરાયાં હતાં. એક કક્ષમાં કાચ પર ચિતરાયેલાં વર્ષો-જૂનાં ચિત્ર હતાં, તો બીજામાં આધુનિક ચિત્રો હતાં. એક ચૉકને ફરતે બનાવેલા નાના કેટલાક ઓરડાઓમાં પરંપરાગત પોષાકો, આભૂષણો ને સામગ્રીઓ ગોઠવેલી હતી. એમાંની કેટલીક ચીજવસ્તુઓના અણસાર અરબ સંસ્કૃતિ ને ઇસ્લામની સાથે આપણી ઘણીયે ચીજ-વસ્તુઓમાં આવી વસેલા છે તે યાદ આવ્યા વગર રહે નહીં.

એકાદ કળા-કક્ષમાં હું જોતી ફરતી હતી ત્યાં એક યુવાન ટ્યુનિશિયન કશુંક 'ગાવા' મંડી ગયો. મારી સામે જોઈને હસ્યો, ને ગાવાનું ચાલુ રાખ્યું. હું ભારતીય છું તે એ સમજી ગયો હતો, ને એના મનમાં તો એમ જ કે એ હિન્દી ફિલ્મી ગીત ગાઈ રહ્યો હતો. મને એવું કાંઈ લાગ્યું નહતું. ઊલટું, મેં તો એને બીજા આવું કરનારા જેવો મૂરખ જ માન્યો. આવાઓથી બહુ કંટાળો આવતો હોય છે. બધી ભારતીય સ્ત્રીઓ હિન્દી ફિલ્મોની હિરોઈનો જેવી નથી હોતી, ને વાત કરવા આવનારા રસ પડે તેવા, બુદ્ધિવાળા હોય તો વધારે જ ગમેને?

તઝર ગામ મને યાદ રહી ગયું એની એક અનન્ય સ્થાપત્ય–શૈલીને કારણે. એને આપણે ઇંટ-કળા કહી શકીએ. સાધારણ રીતે હોય છે તેનાથી અડધા જેટલી ઊંચી, એટલે કે ખૂબ પાતળી ઇંટોની ગોઠવણી કરીને સુંદર, ભૌમિતિક શોભાકૃતિઓ ઉપસાવી હોય. મસ્જિદના મિનાર, દીવાલો, પ્રવેશદ્વાર, બારીઓ–બધે જ આ કળાનું નિરૂપણ જોવા મળે. ઇંટોનો રંગ લગભગ હંમેશાં બદામી, કે ઊંટના જેવા રંગોનો, જ હોય – રણને અનુરૂપ, પણ દર્શન વિશિષ્ટ. આ કળા દક્ષિણ-પશ્ચિમના આ રણપ્રદેશની જ ખાસિયત છે, એમ જાણવા મળ્યું. બીજે ક્યાંયે ફરી એ જોવા ન મળી, પણ તઝરમાં ખૂબ જોઈ, ને ઘણા ફોટા પણ લીધા.

શાકભાજીની માર્કેટના દરવાજા પર આવી સરસ આકૃતિઓ જોવા મળી. મસ્જિદનો મિનાર વધારે પડતો ઊંચો હોઈ કઢંગો હતો, પણ આ ઇંટકળાથી પૂરેપૂરો શણગારાયેલો હોઈ લાગતો હતો ખૂબ સુંદર. ગામના પુરાણા ભાગમાંની સાંકડી ગલીઓમાં, કમાનો નીચે થઈને, ઇંટ-કળા-ખચિત દીવાલોને વખાણતાં અમે ઘણું ફર્યાં. વચમાં થોડી ખુલ્લી જગ્યા આવે તો પાડોશીના છોકરાઓ ત્યાં રમતા દેખાતા. સ્ત્રીઓને બારણાંના પડછાયાના અંધારામાં, અંદર તરફ,

બેઠેલી જોઈ. એવા એક પ્રવેશદ્વારમાં ડોકિયું કર્યું, તો જોયું કે સાફસૂફી કર્યા વગરના, પથરાથી અસ્તવ્યસ્ત રખાયેલા એ ભાગ પછી આંગણું આવતું હતું, ને એની આસપાસ રહેવાના ઓરડાઓ બંધાયેલા હતા. જુદી જ રચના હતી એ બધાં ઘરોની. હવે કદાચ એવાં ઘર બંધાતાં પણ નહીં હોય. ધૂળિયા રસ્તાઓવાળા એ બધા મહોલ્લામાં ખૂબ ઓછી અવરજવર હતી. એકવાર એમાંની શાંતિ ભાંગી હતી – જ્યારે કોઈ અંધારા ઓરડામાં એક માણસ એક છોકરીને, બે-તરહ મારી રહ્યો હતો, અને એ છોકરી જોરથી ચીસો પાડી રહી હતી. શું ગુનો થયો હશે એનો ? શું ભૂલ કરી હશે એણે ?

તઝરના મુખ્ય રસ્તાઓ પર જાતજાતના કફતાન, સલવાર ને શિર-વસ્ત્રોવાળા પુરુષોની અવરજવરની વચ્ચે દેખાઈ જતી સ્ત્રીઓ એવાં આચ્છાદનમાં ઢંકાએલી હતી જે પહેલાં ક્યાંયે જોયાં નહતાં. રંગીન કે ચોકઠાંવાળાં કાપડ તો ગયાં જ. ક્યારેક સફેદ જોવા મળી જાય, પણ તઝર ગામની વિશેષતા હતી સંપૂર્ણ કાળાં આચ્છાદન. પછી તો મેં ધ્યાનપૂર્વક એમની તરફ જોવા માંડ્યું. કેટલીક સ્ત્રીઓ તો સદંતર ઢંકાયેલી હોય–પગનાં મોજાં, હાથનાં મોજાં; ને માથાથી પગની પાની સુધી, ભુજાઓ, અને મોઢાં પણ એ જ કાળી ચાદરમાં છુપાવી દીધાં હોય. એ સુતરાઉ પડદામાં થઈને એ ગામની દુનિયાને જુએ. કોઈ ઓળખીતી મળી જાય તો એકમેકની સાથે વાત કરવા ઊભી પણ રહી જાય. કઈ રીતે કોઈને ઓળખી પણ શકતી હશે, એ જ નવાઈ લાગે આપણને. ખરીદી કરીને જતી હશે, એમ પણ એમની ગડીઓની અંદરથી સ્પષ્ટ થતા આકારોથી લાગે. ચાલે તો એવી ઝડપથી કે જોતાં જ રહીએ. આગળ-પાછળથી સરખી જ ઢંકાયેલી હોય, પણ તોયે કેમેરા તાકીએ તો ઊંધી ફરી જાય ! ખાસ્તો કૌતુકભરેલો પોપાક, ખાસ્સું કૌતુકભરેલું વર્તન !

ટ્યુનિશિયાનાં ગામડાંની સ્ત્રીઓ પર છૂંદણાં પણ ઘણીવાર જોયાં. હાથે, બરાબર કપાળની વચ્ચે, હોઠ પર થઈને ચિબૂક પર. એ પણ જુદી જ રીતો. ને બુરખાની જેમ સીવેલાં ઢાંકણ નહીં, પણ ચાદર જેવા ખુલ્લા-પહોળા કાપડથી પોતાને ઢાંકતી આ સ્ત્રીઓ છેડા પણ ઘણી જુદી જુદી રીતે સંભાળતી રહેતી હતી. હાથમાં છુટ્ટો હોય, ખભા પર નાખેલો હોય, કે હોઠમાં દબાવેલો રાખ્યો હોય. દાંત વચ્ચે ભરાવેલા છેડા તો ઘણીવાર જોયા. અંગે અંગ ઢંકાયેલું રહે, ને અંદર હાથ છુટ્ટા, કે ચીજો પકડતા રહે. ભારે કૌતુક, ભાઈ !

બધું જોઈ–કરીને હોટેલ પર પાછાં ફરીએ ત્યારે તાપથી હાંફી-થાકી ગયાં હોઈએ. આખા દિવસની ગરમી ખંખેરવા માટે હું હોટેલના સ્વિમિંગ પૂલમાં પડી. આહ, કેવી ઠંડક ! રણના તાપને અને ધૂળને દૂર રાખતું આધુનિક સગવડોવાળું જીવન હતું એ. અમારું જીવન. ગ્રામજનોનાં ઘરોથી ક્ષણોને જ અંતરે. એ શું ઓછું વિસ્મયપ્રદ હતું ? ❑

લઘુકથા

ઉઘાડ

—રમેશ ત્રિવેદી—

અશ્વિનભાઈએ ઘડિયાળ સામે જોયું. દુકાને જવાનો સમય થઈ ગયો હતો. ખંડની બહાર નીકળી એકાએક એ ઊભા રહી ગયા. ફરી ખંડમાં પ્રવેશ્યા. ખુરશી પર બેસી પડ્યા. કપાળ પરનો પરસેવો લૂછી નાખ્યો. બારી બહાર નજર લંબાવી. ગઈકાલ સાંજથી વાતાવરણમાં એકાએક જ પલટો આવી ગયો હતો. વાવાઝોડું, વાદળો, વીજળના ચમકારા અને કમોસમી વરસાદ.

...રાત્રે એ દવાની દુકાનેથી મોડા આવ્યા. કબાટ ખોલીને કૅશ મૂકી રહ્યા હતા ત્યાં એમની પત્નીએ ધીમેથી કહ્યું, ‘તમને મળવા ભાનુભૈ બેવાર આવી ગયા...’ કશું જ સાંભળ્યું ન હોય તેમ કબાટ બંધ કરીને એ સીધા બાથરૂમમાં ચાલ્યા ગયા. પત્નીએ સૂતવેળાએ ફરી ભાનુભાઈના આવ્યાની વાત કરી : ‘એમનો ટીનકુડો બારીએથી પડી ગયો છે, બેય પગે ફ્રેક્ચર થયું છે... થોડા મહિનાઓ પહેલાં એમના મોટા દીકરાની કિડની ફેલ થઈ ગઈ... ને ઉપાધિ ઉપર ઉપાધિ... ટૂંકમાં એમનો હાથ ભીડમાં હતો.’ પત્નીની વાતને સાંભળી ન-સાંભળી કરીને એ પડખું ફરી ગયા.

...હા, વરસો પહેલાં ભાનુભૈના બાપે પાડોશીધર્મની તો ઐસી કે તૈસી ગણીને એમના બાની લાચારીનો લાભ ઉઠાવીને પૂજાનાં ચાંદીનાં વાસણ ગિરવી મૂકાવ્યાં’તા... બાપુજીના બબ્બે લાંબા મંદવાડમાં સોનાના બે દાગીના બા પાસે હતા તેય દવા પાછળ... જીવ્યાં ત્યાં સુધી બા આ કડવી સ્મૃતિને ભૂલ્યાં નહોતાં, કહેતાં : ભૈ, સમય સમયનો ખેલ છે બધો !...

અશ્વિનભાઈ બારી બહાર તાકતા બેઠા હતા. પંખો ઘુમરાઈ રહ્યો હતો. એમણે ઊંડો શ્વાસ ખેંચ્યો. ઘડિયાળ સામે જોયું. જોઈ રહ્યા -

એમની પત્ની કદાચ એમના મૌન પાછળનું કારણ જાણી ગઈ હતી. જો કે ભાનુભૈ તો સાવ ભલો માણસ છે, એના બાપ કરતાં સાવ જુદી માટીનો... કોઈનેય મુશ્કેલીમાં જુએ કે તરત દોડી જાય... થોડાક મહિના પહેલાં એમને હળવો હાર્ટઍટેક આવેલો ત્યારે એ માણસે ઘરના માણસો કરતાંય વધુ દોડાદોડી... તો પછી ? હા, તો પછી પોતાના આવા વિચિત્ર વર્તનનું કોઈ કારણ ?... એમની પત્નીએ એમને માટે શું ધારી લીધું હશે ?

અશ્વિનભાઈ એકાએક ઝબકી ઊઠ્યા. પત્ની ખંડના બારણામાં પ્રવેશી હતી. એ ચૂપચાપ ખાલી પડેલાં કપ-રકાબી લઈને ચાલી ગઈ અને... અશ્વિનભાઈએ ઊંડો શ્વાસ ખેંચ્યો. થોડીક વાર પછી પંખા સામે જોઇ ધીમેથી બૂમ મારી : ‘સાંભળો છો કે !... અહીં આવો ને જરા !’ ❑

॥ કથાસરિત્સાગર ॥

લંબક ૩ : તરંગ ૨ : શ્લોક ૧ થી ૧૨૩

વત્સ-પદ્માવતી-વિવાહ

કનુભાઈ જાની

[નોંધ : જૂના જમાનામાં બનતું : રાજ્ય સ્થિર કરવા પડખેના રાજાને સંબંધી બનાવી દેવાતો. એ જ ચાલ યૌગન્ધરાયણ-રુમણ્વત એ બે મંત્રીઓની, વિલાસી રાજા વત્સેશ માટે હતી : રાણી વાસવદત્તા સાથે લાવાણક લઈ જઈ, શિકારે મોકલી, રાણી વાસવદત્તાને પદ્માવતીને ત્યાં જ છુપાવી, એના રાણીવાસને આગ લગાડી, રાણી બળી ગયાનું ઠસાવી, વસ્તેશને આખરે, પદ્માવતી વરાવી દેવી.' માર્ચ ૧૯૯૪ના 'કુમાર'માં આટલું આવી ગયા પછી તરત આપણે તો આ લગ્ન ઉકેલી લેવું હતું; પણ 'દૈવી વિચિત્રાં ગતિઃ' ! દૈવની એક જ ચાલ ઘણીવાર માનવીની અનેક ચાલોને એક સાથે ઉડાડી મૂકે છે !]

પછી તો, પૂર્વોક્ત યોજનાનુસાર યૌગન્ધરાયણ વગેરે, રાણીસહિત રાજાને લાવાણક લઈ ગયા. રાજા ત્યાં પહોંચ્યો. સૈન્યના ત્યાં ફેલાયેલા અવાજોથી જ એ સ્થાન જાણે મંત્રીઓની સફળતા ઉદ્‌ઘોષિત કરતું હતું. મગધેશ્વરે જાણ્યું કે મોટી સેના સાથે વત્સેશ ત્યાં આવી પહોંચ્યો છે ત્યારે આક્રમણના ભયથી એ કંપી ઊઠ્યો. પણ એ હતો બુદ્ધિશાળી. એણે એના એક મંત્રીને યૌગન્ધરાયણ પાસે મોકલ્યો. યૌગન્ધરાયણ તો પૂરો કુશળ ને વિચક્ષણ. એણે એને સત્કાર્યો. અને વત્સેશ્વર તો દૂરદૂર સુધી રોજરોજ શિકારાર્થે એ અટવિમાં ભમવા લાગ્યો.

એક દિવસ રાજા વનમાં શિકારે ગયેલો. ત્યારે વિચક્ષણ યૌગન્ધારયણે બધું ગોઠવ્યું. ગોપાલક, રુમણ્વત અને વસન્તકને લઈને એ દેવી વાસવદત્તા પાસે એને નિવાસે પહોંચી ગયો. રાણીને એના ભાઈએ તો પહેલેથી બધી જાણકારી આપી હતી; છતાં આ રાજકાર્યમાં સહાય કરવા જુદી જુદી રીતે એને સમજાવી. જોકે એને માટે તો આ યોજના, રાજાથી એને વિખૂટી પાડીને વિરહ-ક્લેશ આપનારી, હતી; છતાં એમાં એ સંમત થઈ.

'શું શું ના સહતી જે છે ભર્તૃભક્તા કુલાંગના ?' પછી તો યૌગન્ધરાયણે વાસવદત્તાને આબેહૂબ બ્રાહ્મણીનું રૂપ આપ્યું, વસન્તકને બાડા બટુકનું રૂપ આપ્યું, ને પોતે બુઢ્ઢો બ્રાહ્મણ બન્યો. આવા વેશવાળી દેવી અને વસન્તકને સાથે લઈને પ્રખરબુદ્ધિ મંત્રી તો મગધ તરફ ઊપડી ગયો.

પતિથી ચરણો છૌને જતાં'તાં દૂરને પથે,
ચિત્ત તો પતિને પંથે અચળ્યું ચાલતું હતું.

ત્યારે જ (બરાબર) એના (લાવાણકમાંના) રાણીવાસને રુમણ્વતે પેટાવ્યો; અને 'અરેરે! વસન્તક સાથે રાણીમા સળગી ગયા 'નો ઘોષ બધે ફેલાવ્યો. ત્યાં બધું આગ(ની જ્વાળાઓ) અને ક્રન્દનથી છવાઈ ગયું. ધીમેધીમે આગ તો બુઝાઈ ગઈ પણ રુદનના અવાજો ચાલુ રહ્યા.

(આ તરફ) યૌગન્ધરાયણ વસન્તકની સાથે વાસવદત્તાને લઈને મગધના રાજાને ત્યાં પહોંચી ગયો. ત્યાં બગીચામાં રાજકુમારી પદ્માવતીને જોતાં જ, રક્ષકોએ ઘણું યે વાર્યો છતાં, આ તો, પેલાં બેયને લઈને, એની પાસે પહોંચી ગયો. બ્રાહ્મણરૂપધારિણી વાસવદત્તાને જોતાં જ પદ્માવતીને પણ એના પ્રત્યે સહજ પ્રેમ જાગ્યો. (એમને રોકતા) રક્ષકોને એ વઢી. બ્રાહ્મણરૂપધારી યૌગન્ધરાયણને એણે પાસે બોલાવ્યો. પૂછ્યું, 'હે બ્રહ્મરાજ ! આ બાળા કોણ છે ? અહીં કેમ આપનું આવવું થયું ?' એણે જવાબ આપ્યો : 'કુંવરી બા ! આ છે મારી દીકરી અવન્તિકા. એનો પતિ છે પૂરો વ્યસની;[१] તે એને છોડીને ક્યાંક ચાલ્યો ગયો છે. એટલે, હે યશસ્વિની, હું આના પતિને શોધવા જાઉં છું, અને એને બને એટલી જલદીથી લઈને પાછો આવીશ; પણ ના આવું ત્યાં સુધી આને તમને ભળાવીને જાઉં છું. આ એના કાણિયા ભાઈને પણ એની પાસે અહીં જ મૂકતો જાઉં છું. એ બિમારી એકલી સહેવાય નહીં ને ?' આમ કહી, એ રાજકુમારીએ એનું વેણ રાખ્યું એટલે એની તરત રજા લઈ,[२] આ મંત્રીશ્વર પાછો તરત જ લાવાણક પહોંચી ગયો.

પછી અવન્તિકા નામે ત્યાં રહી ગયેલી વાસવદત્તા અને 'કાણબટુ'ના રૂપમાં એને અનુસરતો વસન્તક, બંનેને આદર સાથે સ્નેહશીલ પદ્માવતી પોતાના અદ્‌ભુત ભવને લઈ આવી. ત્યાં ભીંત પરના રામચરિતના ચિત્રમાં સીતાને જોઈને વાસવદત્તાને પોતાની વિરહવ્યથા પણ સહ્ય બની. એવો ઘાટીલો દેહ, સૌષ્ઠવભર્યું ઊઠવું-બેસવું, સુરુચિભર્યું ખાવું-પીવું, જાણે નીલોત્પલની હોય એવી આછી શરીરસૌરભ વગેરેથી જ એને ઉત્તમ કુળની માનીને, પદ્માવતી એની સાથે સમાનભાવે વ્યવહાર કરવા લાગી. એને લાગ્યું કે, આ તો અહીં છુપાઈ રહેલી કોઈ વિભૂતિ જ લાગે છે. વિરાટરાજાને ત્યાં દ્રૌપદી છુપાઈને ક્યાં નહોતી રહી? વાસવદત્તા પણ પ્રસંગોપાત્ત પદ્માવતીને, પોતે પહેલાં વત્સરાજ પાસેથી શીખેલાં એવાં ન કરમાતાં માલા-તિલક બનાવી દેતી. ત્યારે (એકવાર) પદ્માવતીની માતાએ એને આનાથી શોભતી જોઈને એકાન્તે પૂછ્યું : 'આ માલા-તિલક[३] કોણે કર્યાં ?' ત્યારે પદ્માવતી કહે : 'મારે ત્યાં કોઈક અવન્તિકા નામે છે એણે આ મારે માટે કર્યાં.' સાંભળીને માતા બોલી, 'દીકરી ! ત્યારે તો નક્કી એ માનુપી નથી, કોઈક દેવી જ છે; નહીં તો આવું વિ-જ્ઞાન[४] હોય નહીં. ક્યારેક ક્યારેક સજ્જનોને ત્યાં કોઈ મુનિઓ કે દેવતાઓ

આવીને વસતા હોય છે, ને એમને છેતરતા હોય છે. આ બાબતમાં, દીકરી, એક વાત કરું. સાંભળ :

'કુન્તિભોજ નામે એક રાજા થઈ ગયો. એને ઘેર એકવાર દુર્વાસા આવી ચડ્યા. દુર્વાસા મુનિને તો એક જ રસ – છેતરવાનો! (આવીને) રહ્યા. રાજાએ તો એમની સેવા કરવાનું કામ સોંપ્યું પોતાની કુન્તી નામે કુંવરીને, ને એણે પૂરી નિષ્ઠાથી એ ઉપાડ્યું. એકવાર એ મુનિએ કુન્તીની પરીક્ષા લેવા કહ્યું : 'હું નાહીને આવું ત્યાં સુધીમાં તું ઝટ ખીર[૬] રાંધી નાંખ.' પછી મુનિ તો ઝટપટ સ્નાન પતાવતાંક ને ખાવા આવી ચડ્યા ! કુન્તીએ પણ ખીર ભરેલી દોણી[૭] એમની સક્ષ ધરી દીધી.[૮] એ ઊકળતી ફળફળતી ખીર જોઈને પામી ગયા કે હાથે ધરવા જેવી એ નથી ! એટલે કન્યાની પીઠ તરફ તાકી રહ્યા. મુનિનું મન કળી જઈને પેલીએ પણ દોણીને પોતાની પીઠે મૂકી. મુનિ તો મન ભરીને ઝાપટવા લાગ્યા, જ્યારે કુન્તીની પીઠ તો બરાબર દાઝતી હતી; અને પીઠ બરાબરની બળતી હતી છતાં આ તો જાણે એથી અલિપ્ત બનીને અચળ બેઠી રહી ! એથી મુનિએ તો જમીને પ્રસન્ન થઈ વરદાન દીધું. એ મુનિ જેમ ત્યાં હતા તેમ અહીં આ કોઈ અવન્તિકા તારે ત્યાં આવીને રહી છે. એને સારી પેઠે સાચવ.' માતાને મોંએ આવું સાંભળ્યા પછી તો પદ્માવતી, અન્યના રૂપમાં ત્યાં રહેલી વાસવદત્તાનું સારી પેઠે સન્માનપૂર્વક ધ્યાન રાખવા માંડી. પોતાના નાથથી વિખૂટી પડેલી એ વાસવદત્તા પણ જાણે કોઈ નિશીથનિસ્તેજ-પદ્મિની ન હોય તેમ[૯] ત્યાં રહેવા લાગી. પણ વસન્તકના વારંવાર બાલોચિત ચાળા એ વિયોગિનીના મોં પર સ્મિતના ઘણા પ્રસંગો પૂરા પાડતા.

આ તરફ દૂરદૂર સુધી શિકારે નીકળી ગયેલો વત્સરાજ મોડેમોડે રાત્રે લાવાણક પાછો ફર્યો ત્યારે રાણીવાસને ભસ્મીભૂત થયેલો જોયો, ને મંત્રીઓએ જણાવ્યું કે વસન્તક સાથે દેવું પણ બળી મર્યાં છે. સાંભળ્યું એવું જ, પ્રેમને કારણે, ચેતન ઊડી ગયું, ને રાજા મૂર્છા ખાઈ ભોંયે પડ્યો. મૂર્છાએ જાણે એના દુઃખાનુભવના ક્લેશને થોડો દૂર કરવા ધાર્યું હશે ! થોડી વારે કળ વળી. હૃદય બળવા લાગ્યું. વિલાપ કરતો એ દુઃખાર્ત રાજા દેવીને બાળી મૂકનાર એ અગ્નિમાં જ પડીને બળી મરવાની સજા જાતે ભોગવવા તૈયાર થયો. વળી, ક્ષણ બાદ કાંઈક યાદ આવ્યું, વિચાર આવ્યો કે નારદનું વચન છે કે આ દેવીને ખોળે તો એવો પુત્ર થશે જે વિદ્યાધરોનો રાજા બનશે. નારદનું વેણ કંઈ ફરે નહીં. વળી, એ જ મુનિએ ભાખેલું કે તમારે થોડો કાળ દુઃખ ભોગવવાનું છે. વળી, આ રાણીનો ભાઈ પણ કાંઈ ઝાઝો દુઃખી દેખાતો નથી! એટલે લાગે છે કે, ગમે તેમ કરીને પણ જાણે રાણી તો જીવી જશે જ. અરે, આ મંત્રીઓની કોઈ યોજના હોય એમ પણ બને. એટલે, ગમે તે રીતે પણ એ દેવી સાથે મારો મેળાપ તો થશે જ. એવો આ ઘટનાનો અંત લાગે છે.[૧૦] એમ વિચારીને રાજાએ ધીરજ ધરી અને મંત્રીઓએ પણ રાજાને સારી પેઠે સમજાવ્યા. ગોપાલકે પણ તરત જ, કોઈને ખબર ન પડે એમ, પોતાની બહેનને આશ્વાસન મળે એ ખાતર અહીંની બધી બાબતો એક ગુપ્તચર દ્વારા ત્યાં પહોંચાડી દીધી. (ને) લાવાણકમાંના મગધના ગુપ્તચરોએ પણ મગધ પહોંચી જઈને લાવાણકમાં જે કાંઈ બન્યું તેના સમાચાર મગધરાજને પહોંચાડી દીધા. મગધરાજે સમય બરાબર પારખી જઈને, વત્સના મંત્રીઓએ જેનું માગું પહેલેથી જ નાંખેલું એ, પોતાની પુત્રી પદ્માવતી ઉદયનને આપવાની પોતાની ઇચ્છા, સાદર ને વિધિપૂર્વક, વત્સરાજને તથા, મંત્રી યૌગન્ધરાયણને દૂત દ્વારા પહોંચાડી. યૌગન્ધરાયણે આ પ્રસ્તાવ રાજા (વત્સેશ) આગળ મૂક્યો, એટલે ઉદયને એ સ્વીકાર્યો. કદાચ આ જ કારણે દેવી સંતાડ્યાં હોય એમ પણ રાજાને લાગ્યું.

ત્યારે, યૌગન્ધરાયણે તો તરતોતરત લગ્ન કઢાવીને મગધરાજને ત્યાં દૂતને રવાના કરી, સંદેશો મોકલ્યો કે, 'આપની ઇચ્છા માથે ચડાવીને વત્સેશ અહીંથી બરાબર સાતમે દિવસે પદ્માવતી વિવાહાર્થે આપને ત્યાં પધારશે જેથી રાજા વાસવદત્તાને સહેલાઈથી વીસરી શકે.' મંત્રી યૌગન્ધરાયણે મગધરાજને આ સંદેશો મોકલ્યો. દૂતે એ ત્યાં પહોંચાડ્યો કે મગધરાજે એ સાભિનંદન સ્વીકાર્યો. ને પોતાનો પુત્રીપ્રેમ, પોતાના મનની ઇચ્છાઓ, પોતાનો રાજવૈભવ - આ બધાને ઉચિત વિવાહોત્સવ થાય એની તૈયારીમાં પડ્યા. પોતાને મનનો માનેલો વર મળ્યો એનો આનંદ પદ્માવતીને થયો, તો વાસવદત્તા એ સાંભળતાં જ દુઃખે ડૂબી. એ વાત એને કાને પડતાં જ એનો વાન ઊડી ગયો પણ એના પ્રચ્છન્નવાસમાં તો એ બાબત સહાયક થઈ પડી. વસન્તકને કહ્યું, 'આમાં તો, ઊલટું, શત્રુને જ મિત્ર મિત્ર બનાવી દેવાયા છે! ને આપના પતિ કંઈ થોડા આપના મટી જવાના છે ?' એથી રાણીને સારી હિંમત મળી.

પછી તો, વિવાહ આવ્યા ઢૂંકડા ! ને એ મનસ્વિનીએ તો પદ્માવતી માટે દિવ્ય એવાં અમ્લાન (ન કરમાય, ન સુકાય એવાં) માલા-તિલક ફરીથી બનાવ્યાં. (પેલો નિયત થયેલો) સાતમો દિવસ આવ્યો. ત્યારે મંત્રી અને સૈન્યના સાજનમાજન સહિત ધામધૂમથી વત્સેશ્વર લગ્નાર્થે ત્યાં આવી પહોંચ્યા. દેવી વાસવદત્તા પુનઃ પ્રાપ્ત થશે જ એવી જો આશા ન હોત તો શું મનથી પણ આવી યોજનાનો એ વિરહી રાજા સ્પર્શ પણ કરત ખરા કે ? જેવો મગધની રાજધાનીમાં પ્રજાના નેત્રોને ઉત્સવ જેવા ચન્દ્રનો (ઉદયનનો) ઉદય થયો (પ્રવેશ થયો) કે મગધેશ્વરે તરત એને આનંદથી વધાવ્યો.[૧૧] મગધાધિપતિના પુરમાં વત્સેશે પ્રવેશ કર્યો એ સાથે જ પુરજનોના માનસમાં ચારેબાજુથી જાણે મહોત્સવે પ્રવેશ કર્યો. નગર-નારીઓએ જાણે રતિવિનાના કામદેવને જોયો-

વિરહે વિગલિત દેહ છતાંયે મનને મોહ પમાડે એવો ! પછી વત્સેશ મગધેશ્વરને મહેલે, સૌભાગ્યવતીઓથી ખીચોખીચ ભરેલા કૌતુકાગારે[12] (વિવાહમંડપે)) આવી પહોંચ્યો. ત્યાં એણે લગ્ન માટે સાજ સજીને બેઠેલી[13] (લગ્નોત્સુકા), પોતાના પૂર્ણ મુખચન્દ્રથી ગગનમંડલમાંના ચંદ્રમંડલને પણ હરાવતી પદ્માવતીનાં દર્શન કર્યાં. અને પોતાનાં દિવ્ય માલાતિલક (ત્યાં) જોતાં જ, 'એ વળી અહીં એનાં કેવી રીતે થયાં' એવા વિચારમાં રાજા પડી ગયો. પછી એણે વિવાહવેદી સમક્ષ બેસીને જ્યારે પદ્માવતીનો કર ગ્રહ્યો ત્યારે જાણે એણે સમસ્ત પૃથ્વી પાસેથી કર (ભાગ) લીધો હોય એમ લાગ્યું. વેદીના ધુમાડાથી એની બંને આંખો આંસુથી ઘેરાઈ ગઈ : જાણે પ્રિય વાસવદત્તા વિના આવું બીજું કશું જ જોવા એ તૈયાર નહોતી ! અગ્નિને ફેરા ફરતી પદ્માવતીનું મુખ, પતિનું મન જાણે જાણી લીધું હોઈને કોપાયમાન થઈ ન હોય એમ તામ્રવર્ણું થઈ ગયું.

લગ્નવિધિ પૂરો થયે વત્સેશ્વરે વધૂનો કર છોડ્યો પણ એક ક્ષણ માટેય તે વાસવદત્તાને મનથી ન છોડી. પછી, મગધરાજે એને એટલાં બધાં રત્નો ભેટ આપ્યાં કે પૃથ્વી રત્નોની બાબતમાં જાણે પૂરેપૂરી દોહવાઈ ગઈ! અગ્નિની સાક્ષીએ ત્યાં યૌગન્ધરાયણે જાણી લીધું કે મગધરાજ હવે ક્યારેય તે વત્સરાજનો દ્રોહ નહીં કરે. પછી વસ્ત્રો ને આભૂષણો આપવાનું ચાલ્યું; ચારણાદિનાં ગીતગાન ચાલ્યાં; નૃત્યાંગનાઓનાં નાચ ચાલ્યાં; એમ એ મહોત્સવ પછી આગળ ચાલ્યો ત્યારે, પતિના ઉદયમાં જ સદા રાજી એવી વાસવદત્તા, કોઈની નજરે ન ચડાય એમ, દિવસે ફિક્કી પડી ગયેલી ચન્દ્રની ચાંદનીની માફક જાણે, એકાંતે સૂતી હોય એમ લાગતું હતું.

ત્યાં તો રાજા વત્સેશ્વર અન્તઃપુરે પ્રવેશ્યો. એટલે યૌગન્ધરાયણને ફાળ પડી : રાજા હવે ક્યાંક દેવીને જોઈ જશે ! ને એને છુપાવ્યાની આખી યોજના અધવચ્ચે જ ખૂલી ન જાય એ માટે એણે મગધેશ્વરને જણાવ્યું : 'મહારાજ ! હવે આજે જ વત્સેશ આપને ત્યાંથી વિદાય લેશે.' 'ભલે' કહીને મગધેશ્વરે એ વાત સ્વીકારી, એટલે એ જ વાત એમણે વત્સેશ્વર આગળ મૂકી ને એમની અનુમતિ પણ મેળવી લીધી.

પછી સૌ સાજનમાજને ખાઈ-પી લીધું એટલે મંત્રીઓ વગેરેના સાથમાં પદ્માવતી સહિત વત્સરાજે ત્યાંથી પ્રયાણ કર્યું. પદ્માવતીએ વાસવદત્તા માટે એક સગવડભર્યું વાહન આપ્યું હતું, તેમાં બેસીને, પદ્માવતીએ મૂકેલા ઉત્તમ સેવકોની દેખભાળ સાથે[14], ચૂપચાપ સૈન્યના પાછળના ભાગમાં વાસવદત્તા ગઈ. ત્યાં એની આગળ હતો વેશપરિવર્તિત કરેલો (પેલો) વસન્તક. (એમ) છેવટે વત્સેશ પોતાના પ્રદેશ લાવાણકમાં નવવધૂ સહિત પ્રવેશ્યો - પણ ચિત્તે તો હતી વાસવદત્તા જ.

(ખવાસ વગેરે) મોટેરાઓને વેગળા મૂકીને વાસવદત્તા રાત્રે ગોપાલકને ત્યાં પહોંચી. ભાઈએ સત્કાર કર્યો. એની આંખો પણ ભરાઈ આવી. એ જોઈને એ પણ એને ગળે વળગીને છૂટે મોંએ રડી પડી. એ જ વખતે ત્યાં, પોતાના વચન મુજબ, રુમણ્વત સાથે યૌગન્ધરાયણ પણ આવી પહોંચ્યા. વાસવદત્તાએ સાદર આવકાર આપ્યો અને જ્યારે યૌગન્ધરાયણ વાસવદત્તાને એનું વિરહદુઃખ દૂર કરવા દિલાસો આપવામાં રોકાયેલો હતો ત્યારે પેલા મોટેરાઓ પદ્માવતી પાસે પહોંચી જઈ કહેવા લાગ્યા : 'દેવી ! અવન્તિકાજી તો અહીં પહોંચીને, અમને વહેતા મૂકી, રાજપુત્ર ગોપાલકને ઘેર સીધાં પહોંચી ગયાં છે !' વત્સેશની હાજરીમાં મોટેરાઓ પાસેથી આવું જાણતાં જ પદ્માવતીએ સાશંક એમને જવાબ વાળ્યો : 'જાઓ, ને અવન્તિકાને જણાવો કે તમે તો અમને ન્યાસ તરીકે સોંપાયા છો. તમારું વળી ત્યાં શું કામ છે ? એટલે ઝટ અહીં આવી જાવ.' આ સાંભળીને, પેલા ગયા પછી, રાજાએ પદ્માવતીને એકાન્તમાં પૂછ્યું, 'આ માલાતિલક તમને કોણે બનાવી આપ્યાં છે ?' એ કહે, 'મારે ઘેર એક બ્રાહ્મણ આવીને, કોઈ અવન્તિકા નામની સ્ત્રીને ન્યાસ તરીકે (પાછો એ લઈ જાય ત્યાં સુધી એને જાળવવાની શરતે) મૂકી ગયેલો; એની આ તો કળા[15] છે મોટી ?'

એ સાંભળતાં જ વત્સેશ ઊઠીને ગોપાલકને ઘેર આવ્યા - એવી ખાતરી સાથે કે આ તો વાસવદત્તા જ; એ ત્યાં હોવી જ જોઈએ. ત્યાં બારણે જ પેલા મહત્તરો! ને મહીં દેવી, ગોપાલક, બેઉ મંત્રીઓ અને વસન્તક! ને ત્યાં એણે જોઈ વિરહવળોટી વાસવદત્તા! જાણે ગ્રહણછૂટેલી ચાંદની ચંદ્રમાની ! જોતાં જ, શોકનું ઝેર જાણે ન ચડ્યું હોય એમ રાજા ચિત્તભ્રમ થઈ ભોંયે પડ્યો, ને વાસવદત્તાના હૈયે કંપ વછૂટ્યો. વિરહમાં ફિક્કાં પડી ગયેલાં ગાત્રવાળી એ પણ ધરતીએ ઢળી પડી, ને પોતાના ભાગ્યને દોષ દેતી, વિલાપ કરવા લાગી. એ બંને દમ્પતીને શોકથી દીન બની વિલાપ કરતાં જોઈને યૌગન્ધરાયણનું આખુંય મુખ પણ આંસુથી ધોવાવા માંડ્યું.

આ બધું જાણ્યું ને વલોપાત થતો સાંભળ્યો કે તરત જ પદ્માવતી પણ ત્યાં આકુળવ્યાકુળ થતી આવી પહોંચી. ને ધીમેધીમે રાજા અને વાસવદત્તા વિષે બધું જ્યારે જાણ્યું ત્યારે એની દશા પણ એવી જ થઈ! સન્નારી તો સ્વભાવે જ સ્નિગ્ધ ને મુગ્ધ હોય છે![16] એ 'પતિને પીડનારી હું! જીવ્યું મારું શું કામનું?' એમ રોતી-કકળતી વાસવદત્તા વિલાપ કરવા લાગી ત્યારે ધીર યૌગન્ધરાયણે વત્સેશને કહ્યું: 'આ બધું તો મેં કર્યું છે - મગધેશની કન્યા મળતાં તમને સામ્રાજ્યલાભ મળશે એવે ખ્યાલે. આમાં દેવીનો કાંઈ જ દોષ નથી. દેવીના શીલની સાક્ષી તો છે પદ્માવતી પોતે જ, એની સપત્ની, દેવી સાથે જ પ્રવાસમાં હતી તે.' ત્યાં પદ્માવતી વત્સેશને કહે, 'અરે! એની શુદ્ધિની પરીક્ષા માટે તો હું

પોતે અગ્નિપ્રવેશ કરવા તૈયાર છું.' 'ના રે! રાણીને આ બધો ક્લેશ વેઠવો પડ્યો છે તો મારે માટે જ ને? અપરાધી તો હું જ ગણાઉં!' એમ રાજા બોલી ઊઠ્યો. ત્યાં તો વાસવદત્તાએ પોતાનો દૃઢ નિશ્ચય જણાવ્યો : 'રાજા હ્રદયથી નિ:શંક બને માટે હું જ કરીશ અગ્નિપ્રવેશ !'

ત્યારે, સત્કાર્યે અગ્રેસર રહેનાર તીવ્રબુદ્ધિ યૌગન્ધરાયણ, પૂર્વદિશાભિમુખ થઈ, (હાથે જળ લઈ) આચમન કરતાં બોલ્યો : 'જો હું રાજાનો સાચો હિતકારી હોઉં, ને દેવી જો શુદ્ધિમતી હોય તો, હે લોકપાલો, તમે જ શાખ પૂરો! નહીં તો હું દેહ પાડું છું.'[૧૦] જેવો એ આમ કહી રહ્યો કે તરત જ આકાશેથી દિવ્યવાણી થઈ :

'ધન્ય રાજા તને, જેનો મંત્રી યૌગન્ધરાયણ !
રાણી વાસવદત્તા તો દેવી છે પૂર્વજન્મની !
નથી તેનો કશો દોષ !' વદી, ત્યાં વાણી થંભતી.

ચારે દિશાઓમાં આનંદઆનંદ પાથરી દેતી એ, લાંબા તાપ પછીની નવવર્ષાનાં વાદળોની ઘર્ઘરાટીની મધુરિમા જેવી આકાશવાણી જેણેજેણે સાંભળી તે સૌ જાણે ઊંચી ડોકવાળા મોરલા થઈ ગયા!

ગોપાલક સહિત રાજા વત્સરાજે યૌગન્ધરાયણના ચરિત્રની પ્રશંસા કરી અને વત્સરાજને તો સમસ્ત પૃથ્વી પોતાને હાથે જાણે પડી હોય એમ લાગ્યું. આનંદ અને શાંતિની બે મૂર્તિઓ જાણે પોતાની નિકટ દિવસ-રાત કાયમ સહવાસ કરતી હોય એવા અનુભવ સાથે રાજા પરમ-ઉત્સવનો અનુભવ કરવા લાગ્યો.

ઇતિ
મહાકવિશ્રી સોમદેવ ભટ્ટ વિરચિત
કથાસરિત્સાગરના લાવાણકલંબકનો
તરંગ બીજો !

પાદટીપ

૧. અહીં ભાસનું 'સ્વપ્નવાસવદત્તમ્' નાટક યાદ આવ્યા વિના ન જ રહે. આ જ વસ્તુ : એકવાર યાદ કરો : (૧) આવી જ યોજના સાથે મગધરાજને ત્યાં સન્યાસીવેશે યૌગન્ધરાયણ. 'અવન્તિકા'ને ન્યાસ તરીકે મૂકે છે; ને ત્યાં પણે લાવાણકમાં વાસવદત્તા-યૌગન્ધરાયણ સળગી મર્યાના ખબર પહોંચે છે. (૨) એટલે, ઉદયન જોડે પોતાની બહેન પદ્માવતીના વિવાહનું રાજા દર્શક ઠરાવે છે. (૩) લગ્ન લેવાયાં ને લગ્નમાળા ગૂંથવાનું અવન્તિકાને સોંપાયું. (૪) નવી રાણી આવી છતાં રાજા વાસવદત્તાને સહેજે નથી ભૂલી શકતો એની હરપળે ખાતરી પદ્માવતીને થયાં કરે છે. (૫) એકવાર રાજા પદ્માવતીના શયનાગારે એકલો સૂતો છે. ત્યાં રાણી હશે એમ માનીને અવન્તિકા આવે છે, ત્યારે જ સ્વપ્નમાં રાજા એને સંબોધતો હોય છે. એ અવન્તિકા સાંભળે છે ને રાગબદ્ધ થઈ રાજા એનો હાથ પણ પકડે છે - ત્યાં જાગી જતાં રાજાને વાસવદત્તા જીવતી હોવાની પાક્કી શંકા જાય છે. (૬) એ શંકા, લગ્ન સમયમાં ચિત્રો જોતાં, ને એમાં 'અવન્તિકા' જોતાં ખાતરીમાં પરિણમે છે; ને ત્યાં, ન્યાસરૂપ પોતાની બહેનને પાછી માગવા સન્યાસી રૂપમાં યૌગન્ધરાયણ આવતાં, બધું સ્પષ્ટ બને છે.

આ જ વસ્તુના ઘણા અંશો અત્રતત્ર વપરાયેલા યાદ આવશે. એક જ છાપરા નીચે પ્રેમીઓ! નવીનચંદ્ર-કુમુદ! એક જ છાપરાતળે છતાં મિલનેસે મજબૂર! ત્યાં વળી નવીનચંદ્ર સૂતો હોય ને અલક પહોંચી જાય ને ક્ષણભર રાગાવેગ! રાજાઓ એકાધિક રાણીઓ કરતા, ને પછી 'ચાહીશ તો ચાહીશ બેયને હું' તથા 'વિભાગો કીધાથી પ્રણય ન કદી ન્યૂન બનતો' જેવી દલીલોથી પોતાનાં પગલાંને સિદ્ધાન્તરૂપ આપતા એ છેક કલાપીના જમાના સુધી ચાલ્યું! પછી તો રાજા જ ગયા, ને રહી કેવળ વાતો! વાસવદત્તાની આ કથા કેટલી જૂની છે? ભાસ તો આપણો કદાચ પહેલો નાટ્યકાર! અલબત્ત, એની જાણ થઈ ૧૯૧૨માં. થેંક્સ ટુ ગણપતિશાસ્ત્રી. પછી એના પર અભ્યાસો થયા. પણ એક વાત નક્કી. ભાસ આપણા આ 'કથાસરિત્સાગર'વાળા સોમદેવથી તો ક્યાંયે પહેલાનો. આપણા વિદ્વાન અનુવાદક સ્વ. કેશવ હર્ષદ ધ્રુવ તો (જુઓ આ નાટકના એમના અનુવાદની બીજી આવૃત્તિ - 'સ્વપ્નની સુંદરી'ની ૧૯૨૩ની પ્રસ્તાવના) ભાસને પુષ્યમિત્ર શુંગનો રાજકવિ ઠરાવે છે. એ હિસાબે તો ભાસ ઈ.સ. પૂર્વે બીજી સદીનો. પણ કેટલાકો એને ઈ.સ. ની ચોથી સદીમાં પણ મૂકે છે. 'ભાસ' તો મૂળ ગોત્રસંજ્ઞા, 'ભાષ'નું અપભ્રષ્ટ રૂપ. પતંજલિ, કાત્યાયન, પાણિનિ, યાસ્ક એ બધાય તે એમને વિશેષ નામે ઓળખાવાને બદલે ગોત્રનામે જ જાણીતા છે. આ નાટક મિનેન્ડરની ચડાઈ વખતે, ઈ.સ. પૂર્વે ૧૫૮ના મધ્ય ભાગમાં રચાયાનું કે. હ. ધ્રુવ માને છે. વળી માને છે કે એ ઐતિહાસિક નાટક છે. વત્સદેશનો ઉદયન, અવન્તિનો પ્રદ્યોત અને મગધનો દર્શક એ રાજાઓ ઈ.સ. પૂર્વે પાંચમી સદીના પૂર્વાર્ધમાં થઈ ગયા. વત્સરાજનું ચરિત્ર, એક વખત, વિક્રમચરિત્રની માફક લોકપ્રિય હતું. ઈ.સ. પૂર્વે જ્યા સૈકામાં પ્રેમની લોકકથા તરીકે ઉદયનકથા અગ્રસ્થાને હતી. એનો ઉલ્લેખ 'અર્થશાસ્ત્ર'માં પણ છે. 'સ્વપ્નવાસવદત્તમ્' ભાસનું શ્રેષ્ઠ નાટક છે.

બુદ્ધના સમકાલીન રાજા ઉદયનની આસપાસ પછી અગણિત કથાઓ રચાઈ છે. બૌદ્ધ-જૈન સાહિત્યમાં ને ઈતર સાહિત્યમાં આ કથાઓ છે. આ કથાનાં જૂનાંમાં જૂનાં મૂળ ગુણાઢ્યની 'બડ્ડકહા' (સંસ્કૃતનામે કહેવું હોય તો 'બૃહત્કથા')માં હશે. તે પરથી રચાયેલ 'બૃહત્કથામંજરી'ના લંબક ૧, ૨, ૩માં તથા અહીં લંબક ૨-૩માં આ કથા છે. આમ, આ કથા ઈ.સ. પૂર્વે બીજી-ત્રીજી સદીથી તો પ્રચલિત છે જ. એ હિસાબે આ કથા અઢી હજાર વર્ષ પહેલાંની ઠરે.

શિકાર પણ 'વ્યસન' જ ગણાય, અને એ અર્થમાં ઉદયનં વત્સરાજ પણ ગણાય 'વ્યસન' જ. લોકો શિકારને 'વ્યસન' કહેતા-ત્યારે શિકારી એને 'વિનોદ' કહેતા. એક સુભાષિતનું છેલ્લું ચરણ છે :

'મિથ્યૈવ વ્યસનં વદન્તિ મૃગયામ્
ઈદૃગ્વિનોદ: કુત:?'

'રજા લઈને' માટે છે 'તામ્ આમન્ત્ર્ય.' 'આમન્ત્રણ' એટલે વિદાય, છૂટા પડતાં કહેવાય તેવું 'આવજો !' 'See you !' આપણે અર્થ સાવ બદલાવી નાખ્યો છે. મૂળ પ્રમાણે તો 'નોતરું' કે અંગ્રેજી 'ઇન્વિટેશન' માટેનો શબ્દ છે 'નિમંત્રણ.'

માલાતિલક પર પૅન્ઝરે વિસ્તૃત નોંધ કરી છે. આપણા આવા કેટલાય રિવાજો સમજાવતી આવી ઘણી નોંધો તો માત્ર બિનભારતીયો માટે જ છે. આપણને એમાંથી કશું નથી મળતું. પણ અહીં એક ચર્ચા ઉલ્લેખનીય છે : મૂળમાં 'રક્ત' (એટલે 'રાતો') ચાંલ્લો રક્તનો (એટલે કે લોહીનો) જ હશે; સમાજ બદલાતાં લોહીનું સ્થાન કંકુએ લીધું હશે. હજીયે કેટલાક આદિવાસી સમાજોમાં આ પ્રથા છે, એની વિગતો પેન્ઝરે આપી છે.

મૂળમાં છે 'ટાસ્યા વિજ્ઞાનમીદૃશમ્' ! 'જેનું આવું વિજ્ઞાન છે.' સંસ્કૃત પ્રમાણે 'વિજ્ઞાન' એટલે 'વિશેષ પ્રકારનું' પણ લોકોત્તર નહીં તેવું જ્ઞાન. ગીતાના સાતમા અધ્યાયનો બીજો શ્લોક 'જ્ઞાન' અને 'વિજ્ઞાન'ના ભેદને સ્પષ્ટ કરે છે. જ્ઞાન (અધ્યાત્મપ્રતીતિ) તે અંતરની ઉચ્ચોચ્ચ આધિભૌતિક અનુભૂતિ; અને 'વિજ્ઞાન' એટલે બહિર્જગત સાથેના વ્યક્તિના સંબંધની જાણકારી. ગીતાનુસાર બંને જાણવા જોઈએ. એ જાણવા થકી જ પછી આ સંસારમાં બીજું કશું જ જાણવા જેવું રહેતું નથી એમ કૃષ્ણ અર્જુનને કહે છે : 'યજ્જ્ઞાત્વા નેહ ભૂયોઽન્યજ્ જ્ઞાતવ્યમવશિષ્યતે.' (૭/૨) આપણે આજે 'સાયન્સ'ના પર્યાય તરીકે આ શબ્દને હવે રૂઢ કર્યો છે; નહીં તો 'જ્ઞાન' તે બ્રહ્મનું, ને તેથી ઊલટું પણ કાંઈક જે તે વિષય પરના પ્રભુત્વનું હોય તેવું તે 'વિજ્ઞાન. અહીં 'વિ' તે 'વિરોધી' ને 'વિશેષ' બંનેનું સૂચક છે. વિનોબા જેવા ચિંતકો પણ ગીતાની જેમ જ, અધ્યાત્મ અને વિજ્ઞાન બંનેની સમન્વિત દૃષ્ટિનો આગ્રહ સેવે છે. જે 'ઇહ' (અહીંનું) સમજાવે જ નહીં, ઊલટું અવગણે, એવી 'પર'ની દૃષ્ટિ શા કામની ? આપણે ત્યાં તો ભર્યુંભર્યું જીવન એટલે ચારેચાર પુરુષાર્થો 'ધર્માર્થકામમોક્ષ.' ચારેયને સાથે રાખીને જ ચાલવાનો આદર્શ.

'ખીર' માટે 'પરમાન્ન' શબ્દ છે. આપ્ટે પ્રમાણે 'અન્ન' એટલે 'boiled rice', અને 'પરમાન્ન' તે 'rice boiled in milk.' ખીર એ હજારો વર્ષ જૂની વાનગી, પ્રાચીનતમ કાળની એક પ્રિયતર વાનગી. ભારતમાં ઘઉં-ચોખાના પ્રદેશોને સ્પષ્ટ કરવા હોય તો ભારતના નકશાને જનોઈ પહેરેલો કલ્પો. એના પશ્ચિમોત્તર પ્રદેશો ઘઉંના, ને દક્ષિણથી પૂર્વોત્તરના પ્રદેશો ચોખાના. છતાં ચોખો પૂજામાં અનિવાર્ય! ચોખાનું વિધિવિધાનોમાંનું માહાત્મ્ય દક્ષિણની દેણ.

બીજી વાત : ખીર અને દુર્વાસા અહીં એમ ને એમ, સ્વૈચ્છિક રીતે કથામાં આવી ગયાં નથી. દુર્વાસાને નામે ચડેલી કથાઓમાં આ ખીર અને આ રીતે 'સ્નાન કરીને આવું ત્યાં સુધીમાં જમણ તૈયાર જોઈએ'નો પરીક્ષા-પ્રસંગ અનેકવાર આવે છે. (૧) દ્વારકામાં કૃષ્ણ પાસે ગયા ત્યારે કૃષ્ણની પાસે ખીર તો કરાવી તે કરાવી જ, પણ પછી કૃષ્ણને ને રુક્મિણીને શરીરે ચોપડી ! (૨) દુર્યોધને પાંડવો સામેના શસ્ત્ર તરીકે એકવાર દુર્વાસાનો આ ભોજનપ્રેમ કામે લગાડ્યો છે. કહે : 'મધ્યરાત્રિ પછી જો તમને દ્રૌપદી ભોજન પીરસી શકે તો એનું આતિથ્ય ખરું. જાવ તો ખરા!' હવે, દુર્યોધનને ખબર હતી કે સૂર્યે દ્રૌપદીને એક થાળી આપી હતી, એમાં માગે તે ભોજન માગે ત્યારે મળતું; પણ દ્રૌપદી એ થાળીમાં જમી લે પછી ન મળે. મધરાત સુધીમાં એ જમી લેતી. એટલે જ મધરાત પછી ઋષિને ત્યાં જવા ઉશ્કેર્યા. ગયા. માગ્યું. દ્રૌપદીએ કૃષ્ણને સ્મર્યા. ને કૃષ્ણ પાસે તો ઉપાય હતો : પોતે જ એ થાળીમાં એવું જમ્યા કે એથી દુર્વાસા સહિત સૌ દેવો પરિતૃપ્ત થઈ ગયા! (વધુ માટે જુઓ 'પૌરાણિક કથાકોશ.') જહોન ગૅરેટની 'અ ક્લાસિકલ ડિક્શનરી ઑફ ઇન્ડિયા'માં દુર્વાસાને 'ધ ગ્રેટ હિન્દુ સિનિક' (Cynic) કહ્યા છે! ઈ.સ. પૂર્વે ચોથી સદીના ગ્રીક ફિલસૂફના સંયમનીતિવાદી સિદ્ધાન્તનો શુભાર્થ લેતાં પણ આવી ઓળખાણ, ભલે પશ્ચિમીઓ માટે અપાઈ હોય, આ ઋષિને અન્યાયકર્તા ને અનર્થકારી જ ગણાય, ને ચોક્કસ અર્થ આપનારી તો નથી જ.

૭. મૂળમાં શબ્દ છે 'પાત્રીમ્'. 'કડાઈ' પણ થાય, પણ એ જમાનાને અનુરૂપ મૃણ્મય પાત્ર જ લેખાય એટલે 'દોણી' કર્યું.

૮. શબ્દ છે 'અઢૌકયત્.' વાંચતાં જ વિચાર આવ્યો કે 'ઢ'વાળા શબ્દો સંસ્કૃતમાં કેટલા? આપ્ટેમાં તો સાતેક જ છે. એમાંનું એક ક્રિયાપદ આ 'ઢૌક' - પીરસવું. આ 'ઢ'- યુક્ત બધા જ શબ્દો મૂળે તો ત્યારની સંસ્કૃતેતર ભાષાના જ.

૯. રાત પડે કે પદ્મિની બિડાય !

૧૦. 'સ્વપ્નવાસવદત્તમ્'માં તો યૌગન્ધરાયણને પણ રાજા મરેલો જ માનીને ચાલે છે, એથી ત્યાં વસ્તુ વધારે સુગ્રથિત લાગે છે ને અહીં યૌગન્ધરાયણ પાછો લાવાણક આવી ગયો બતાવાયો હોઈ, વસ્તુબંધ જરા શિથિલ છે એવી પૅન્ઝરની ટીકા છે. પણ યૌગન્ધરાયણને મગધ અને લાવાણક બંને મોરચા એક જ હાથે સંભાળવાના છે, વળી રાજાને પ્રાણત્યાગ ન કરવાનું કારણ પણ પૂરું પાડવાનું છે - એ બધો ખ્યાલ કરીએ તો અહીં શિથિલતા લાગતી નથી; ઊલટું આ વધુ સયુક્તિક લાગે છે.

૧૧. વાર્તાકથનમાં આવાં અલંકરણો કઠે. વાર્તાપ્રવાહ સરળ ને રસળતો જ સારો. પણ મૂળમાં પદ્યબંધ છે; અને પદ્યબંધ અજાણતાં રમતે ચડાવી દે! પદ્યનો કેફ જ એવો છે. લય ક્યારેક લથડાવે પણ ખરો. વળી અહીં વત્સેશનું 'ઉદયન' નામ ચંદ્રોદયની કલ્પનાનું પ્રોત્સાહક બન્યું છે. એમાંના શ્લેષનો વાર્તાકારે લાભ લીધો છે.

૧૨. લગ્નમંડપ માટેનું આ નામ 'કૌતુકાગાર' ઘણું જ અર્થસભર ને કલ્પનાપ્રેરક છે. આ શબ્દ ફરીથી પ્રચાર કરવા જેવો નથી લાગતો? 'કૌતુક'નો અર્થ થાય 'હાથ પરનું મીંઢળ-બંધન' - 'The marriage thread worn on the wrist' (આપ્ટે). 'કૌતુક'નો એક અર્થ થાય 'આનંદ'. 'આગાર' એટલે 'ગૃહ', 'સ્થાન.' 'કૌતુક'નો લક્ષ્યાર્થ 'લગ્ન'.

૧૩. 'કૃતકૌતુકામ્'.

૧૪. એ 'સુખમય વાહન' એટલે 'રથ' હશે, એ મનમાં ઠસ્યા પછી 'મહત્તર' તે 'ઊંચી જાતના અશ્વો' - 'with its great horses' એમ ટૉનીએ કર્યું તેની પૅન્ઝર ટીકા કરે છે 'it seems unnecessary'. પણ 'તન્મહત્તરકૈઃ'માંના 'મહત્તર' તે ઘોડા નહીં પણ સેવકો - અધિકારીઓ, ખવાસો કે ઊંચા દરજ્જાના પરિચારકો એમ લેવું વધુ તર્કસંગત છે. આ 'મહત્તર' શબ્દ આ જ તરંગમાં અનેકવાર આવે છે. ૯૪મા શ્લોકમાં આવે છે ત્યાં ટૉની પોતે એનો 'the chamberlains' એવો અનુવાદ કરે છે ને ૧૦૪મા શ્લોકમાં આવે છે ત્યાં વળી 'હીજડા' (eunuchs) અર્થ કરે છે! એ 'સુખમય વાહન'ને ડોળી માનીએ તો 'મહત્તર' તે ઊંચકનારા ભોઈ. સીધાસાદા 'મહત્તર' શબ્દે અનુવાદકોને કેવો ચકરાવે ચડાવ્યા! બહુ મજા પડી! 'ઘોડા', 'ચાકર', 'ખવાસ', 'અમલદાર', ને 'હીજડા'! મને તો 'ભોઈ' પણ સૂઝે છે! એમને વહેતા મૂકીને અવન્તિકા ગોપાલકને ત્યાં ચાલી જાય તો એ પદ્માવતીને ફરિયાદ કરવા જાય જ, એ તર્કસંગત લાગે છે. વળી ઉપાડવાવાળા મજબૂત હોય, 'મહત્તર.'

૧૫. 'શિલ્પ' શબ્દ 'કળા'નો પર્યાય; 'કળા' શબ્દ કરતાં વધારે જૂનો.

૧૬. 'સ્નિગ્ધમુગ્ધા હિ સત્સ્ત્રિયઃ' (૧૧૦). જે સંસ્કૃતમાં અડધી પંક્તિમાં કહેવાય, એને માટે ગુજરાતી જેવી સંપ્રસારિત ('ઍનેલિટિકલ') ભાષામાં આખી પંક્તિ કરવી પડે ! એક તો ત્યાં ભાષાબંધ સઘન, ને વળી પાછી સમાસની સગવડ. ગુજરાતીમાં સમાસ એટલા સહજ ન લાગે.

૧૭. પૅન્ઝરે આને 'ઍક્ટ ઑફ ટ્રુથ' - મોટિફ, 'સાચની પરખ'નો મોટિફ કહ્યો છે ને એ પર આખું પરિશિષ્ટ ભર્યું છે. (II ૩૧-૩૩) આપણો આ ગ્રંથ એ જગતની જૂનામાં જૂની લોકકથાઓનો એક જૂનામાં જૂનો સંગ્રહ હોવાથી ચર્ચામાં 'મોટિફ' શબ્દ આવવાનો જ. દુનિયાભરની લોકકળામીમાંસામાં આ શબ્દ વપરાય છે. કથાના સંદર્ભમાં જ વિચારીએ તો, 'મોટિફ' એટલે લોકકથાનું એવું ઘટક જે નાનામાં નાનું, સ્વતંત્ર, ફરીફરીને વપરાતું, ફરીફરી વાપરવું ગમે એવું આકર્ષક ને હાથવગું હોય. દાખલા તરીકે વેશપરિવર્તન, સાવકી મા, જાદૂઈ પોપાક, પંખીઓ વચ્ચેના સંવાદમાં કોઈ માનવીના ભવિષ્યનું કથન, વગેરે વગેરે. એક કથામાં એકથી વધારે મોટિફ પણ હોઈ શકે. (આવાં મોટિફ્સને તારવીને એનો જ એક છ-ભાગોનો કોશ થયો છે 'મોટિફ-ઈન્ડેક્સ.')

અહીં મોટિફ છે સાચને સાબિત કરી બતાવવાનો. યૌગન્ધરાયણે એ માટે દેવતાઓને જ આવાહન આપ્યું. સીતાએ ધરતીને પોકાર પાડેલો ને ધરતીએ એમને મહીં સમાવી દીધેલાં.

'મોટિફ'નો ખ્યાલ એવો છે કે એનો પર્યાય મુશ્કેલ ને અનર્થકારી નીવડે. એટલે 'મોટિફ' શબ્દ જ વાપરવો સારો. ❑

અંગ્રેજી સાહિત્યનું આચમન

બાયરન



ડૉ. મધુસૂદન પારેખ

કવિ વર્ડ્ઝવર્થ, કોલરિજ, સ્કૉટ વગેરે રોમૅન્ટિક કવિઓની પ્રથમ પેઢી પછી શેલી, કીટ્સ, બાયરન એ બીજી પેઢીના રોમૅન્ટિક કવિઓમાં બાયરન કવિ તરીકે અને વ્યક્તિ તરીકે અંગ્રેજી વિવેચકોમાં વિવાદાસ્પદ અને ઊહાપોહ જગાવનારો રહ્યો છે.

૧૭૮૮માં લંડનમાં જન્મેલો જ્યૉર્જ બાયરન (George Byron - ૧૭૮૮-૧૮૨૪) માતાપિતા તરફથી ઉપેક્ષા પામેલો દુ:ખિયો જીવ હતો. રૂપકડો તો એ ખાસ્સો પણ પગે કાયમી ખોડવાળો હતો. એના પિતા એક સૈનિક, પત્નીની મિલકત ફનાફાતિયા કરી, બાયરનની ત્રણ વર્ષની વયે ફ્રાન્સમાં અવસાન પામેલા અને એ પછી માતાએ બાયરનને સાવ અણઘડ રીતે ઉછેરેલો. ક્યારેક પુત્ર પર એનું વહાલ વરસી વરસી જાય, નહીંતર એને બરાબર સપાટામાં લે અને એના લંગડા પગની કડવી ટીકા તો કરે જ કરે. એક તો આર્થિક દરિદ્રતા અને બીજું ઉપેક્ષા, અપમાન - આવા વાતાવરણમાં શરૂઆતના શિક્ષણમાં તો એનું ચિત્ત ખૂંપે જ ક્યાંથી? મા એના કાન આમળ્યા જ કરે. આવા સંજોગોમાં અચાનક બાયરનનું નસીબ ખૂલ્યું. એના મોટા-કાકા અવસાન પામ્યા (૧૭૯૮) અને એમનું ઉમરાવપદ બાયરનને વારસામાં મળ્યું. અલબત્ત, ઉમરાવપદ મોભાનું જ હતું, સંપત્તિ તો બધી જ મોટાકાકાએ વેડફી નાખી હતી.

૧૭૯૮ પછી મા સાથે કેમ્બ્રિજમાં આવ્યો અને ૧૮૦૫માં ત્યાંની ટ્રિનિટી કૉલેજમાં પ્રવેશ પામ્યો. કૉલેજમાં અભ્યાસમાં તો ચિત્ત ચોંટ્યું નહીં પણ વાચનનો એ ભારે રસિયો બની રહ્યો. એશિયાના દેશોના ઇતિહાસમાં એને જીવંત રસ હતો. એમ.એ.ની ડિગ્રી લઈને તેણે કૉલેજ છોડી અને ૧૮૦૯માં ઉમરાવોની સભામાં પોતાની બેઠક સંભાળી લીધી. આ બધાં વર્ષો દરમ્યાન એની છાપ એક ચક્રમ (madcap) અને નઠારા, બદનામ માણસ તરીકેની જ હતી. મિજાજી, અભિમાની, ઉચ્છેદક તરંગી, આખાબોલો, તોફાની - આ બધાં લક્ષણો એનામાં સભર હતાં. છતાં પ્રકૃતિનો રસિયો, સાહસિક, પ્રેમી, કટાક્ષકાર, સંવેદનશીલ એ પણ બાયરન જ હતો. એક વિચિત્ર ખોપરી અને સાથે રોમૅન્ટિક કવિ - એવી બાયરનની પ્રતિભા હતી, અને વિવેચકોમાંથી કેટલાકે એની કવિતા કરતાં એના વિલક્ષણ વ્યક્તિત્વનો વિશેષ મહિમા કર્યો છે. ઉમરાવોની સભામાં એણે નોટિંગહામના કેટલાક 'ફ્રેઈમ બ્રેકર્સ'ને ફાંસીની સજા સામે એણે જ ભાષણ આપ્યું તેમાં તેના ઉત્તમ વિચારોની પ્રતીતિ થાય છે. ગરીબોના મસીહા થવાની દિશામાં એ પ્રવૃત્ત રહ્યો હોત તો રાષ્ટ્રિય નેતા બની શક્યો હોત. પણ એની તો પ્રકૃતિ જ વિલક્ષણ, વિચિત્ર હતી. બીજા કોઈ પણ રોમૅન્ટિક કવિ કરતાં એણે પોતાની પ્રતિમાને વધારે મહત્ત્વ આપ્યું હતું. પોતાની નામનાનો, હોદ્દાનો એને ગર્વ હતો. સમાજની ઉપેક્ષા કરીને, સમાજની ઉપેક્ષિત થઈને એ પોતાની જિંદગી સ્વૈરપણે જીવવા માગતો હતો. જે જ્યૉર્જિયન સમાજમાં એ જીવ્યો ત્યાં એના મનનો મેળ જામ્યો નહીં. એ સમાજ એના મગજને ભારરૂપ બની રહ્યો. એના જુસ્સાને પ્રકટ થવા માટેની મોકળાશ મળી નહીં. બાકી જિંદગીનો અંત નજીક હતો ત્યારે ગ્રીસની સ્વતંત્રતા માટે એ કૂદી પડ્યો હતો અને ગ્રીસમાં જ, ગ્રીસ તેની પૂર્વકાલીન આબાદી, પ્રાચીન ગૌરવ પ્રાપ્ત કરે એવી ભાવના સાથે તે મૃત્યુ પામ્યો હતો. બાયરનનું લગ્નજીવન પણ એને આઘાત આપનારું, એના ચિત્તને છિન્ન કરનારું બની રહ્યું. એણે એકવાર પોતાના જર્નલમાં લખ્યું હતું - A wife would be the salvation of me'

ઈ.સ. ૧૮૧૫માં તેણે લગ્ન કર્યાં, પણ દંપતી વચ્ચે સતત સંઘર્ષ જ ચાલતો રહ્યો અને આર્થિક વિટંબણા તો ખરી જ. અને એકવાર માતાપિતાને મળવાને બહાને લેડી બાયરન ગઈ તે ગઈ જ. તલ્લાકપત્ર ત્યાંથી જ તેણે બાયરનની સહી માટે મોકલી દીધો અને એના લગ્નજીવનની ત્યાં જ સમાપ્તિ થઈ ગઈ.

બાયરનને પગની ખોડ છતાં એની મુખમુદ્રાના સૌંદર્યે એને અનેક સન્નારીઓને આકર્ષી હતી; અને હિંસક પ્રકૃતિ ધરાવનારો બાયરન સૌંદર્ય આગળ ઉન્નત બની રહેતો. સ્કૉટે એના સુંદર ચહેરા વિશે લખેલું : Byron's countenance is a thing to dream of.'

બાયરનમાં સ્નેહ હતો, મમતા હતી પણ એને પોતાના સમયના સમાજ સામે ન જાણે કેમ આક્રોશ જ રહ્યો. સ્કૉટે એ

સંદર્ભમાં નોંધ્યું છે : "Being a man of real goodness of heart and the kindest and best feelings, miserably thrown away by his foolish contempt of public opinion. Instead of being warned or checked by public opposition, it roused him to go on in a worse strain, as it he said, 'Ay, you don't like it; well, you shall have something worse for your pains."

એક નિભ્રાન્ત સ્વૈરાચારી અને પોતાના અંગ્રેજી સમાજમાં પ્રેમીઓની મહેફિલોની વચ્ચે, હિણાયેલો, દુણાયેલો ભગ્નાંશ પ્રેમી બાયરન નીચેની પંક્તિઓમાં પોતાને જ જાણે પ્રકટ કરી રહ્યો છે –

For he through sin's long labyrinth had run,
Nor made atonement when he did amiss,
Had sigh'd to many though he loved but one,
And that loved one, alas ! could never be his-

આરંભનાં કાવ્યો

પોતાના જ વતન સાથે જાણે છેડો ફાડવાની પૂર્વભૂમિકારૂપે એ ૧૮૦૯માં સ્પેન, માલ્ટા, આલ્બેનિયા અને ગ્રીસના પ્રવાસે ઊપડી ગયો. એમાં ગ્રીસના થોડાક વસવાટે જાણે 'આત્માએ આત્માને ઓળખ્યો' એવી પ્રતીતિ તેને થઈ. ઇટાલી પણ તેને - તેની પ્રકૃતિને બહુ અનુકૂળ નીવડ્યું.

બે વર્ષના પ્રવાસે તેને કાવ્યસર્જન માટે તો વિપુલ સામગ્રી પૂરી પાડી જ, પણ સ્વેચ્છાએ દેશવટો પામેલા એક સંવેદનશીલ બૌદ્ધિક રખડુનું પાત્ર સર્જવા માટેની પ્રેરણા પણ આપી. આ પ્રવાસ અગાઉ એ કાવ્યો રચવાનો થોડોક વ્યાયામ કરી ચૂક્યો હતો. એનો પહેલો કાવ્યસંગ્રહ 'અવર્સ ઑફ આઈડલનેસ' ઈ.સ. ૧૮૦૭માં પ્રકટ થયો. એમાં પ્રેમ, પ્રાયશ્ચિત્ત, વિયોગ, આદિનાં કેટલાંક, ઊર્મિકો સંઘરાયાં છે. અલબત્ત, એ સામાન્યતાથી ઊંચે ઊઠતાં નથી. એના ઉન્માદી, તોફાની વ્યક્તિત્વમાંથી જે અવનવાં કાવ્યો હવે પછી મળવાનાં હતાં તેનો આ સંગ્રહમાં ભાગ્યે જ અણસાર મળે છે. બાયરનનાં કાવ્યોની એડિનબર્ગ નામના એક સામયિકમાં બ્રોહામ (Brougham) દ્વારા થયેલી ટીકાથી છંછેડાયેલા બાયરને 'ઇંગ્લિશ બાર્ડ્ઝ ઍન્ડ સ્કોચ રિવ્યૂઅર્સ' ઈ.સ. ૧૮૦૯માં પોપની કટાક્ષકવિતાના નમૂના પર રચેલી કવિતા દ્વારા જોરદાર પ્રહાર કરીને સમકાલીન કવિઓને અને વિવેચકોને વેતરી નાખવાનો પ્રયાસ કર્યો. અલબત્ત, એમાં પણ બાયરનનું હીર ઝળકતું નથી.

બાયરનની નોંધપાત્ર કૃતિઓ

બાયરનને પૂરતો યશ અપાવનારી કાવ્યકૃતિઓ તો એના પ્રવાસ પછી પ્રકટ થવા માંડી. એમાં ઈ.સ. ૧૮૧૨માં પ્રકાશિત થયેલી 'ચાઈલ્ડ હેરલ્ડ'ઝ પિલ્ગ્રિમેજ' એની પ્રતિષ્ઠા સારી પેઠે પ્રસારવામાં નિમિત્ત બની. સ્પેન્સરની કડીઓના નમૂના પર રચાયેલી આ કૃતિમાં બાયરને પોતે જ સ્થળોની મુલાકાત લીધી, જ્યાં મનભર પ્રવાસ કર્યો તેવાં આબેહૂબ અને વાચકોને પ્રસન્ન કરી મૂકે તેમાં વર્ણનો તો છે જ, પણ તે સાથે ઇતિહાસ, રાજનીતિ, નીતિ વગેરે વિશેના તેના વણાયેલા વિચારો અને વચમાં વચમાં વેરાયેલાં ઊર્મિકો અનોખું આકર્ષણ બની રહે છે. 'ચાઈલ્ડ હેરલ્ડ'ના પહેલા હપ્તામાં બાયરનની શક્તિ અને એનું વિષય-વિચાર વૈવિધ્ય જોવા મળે છે. આલ્બેનિયાના (પ્ર)દેશથી તો અંગ્રેજી સમાજ લગભગ અપરિચિત - બાયરન દ્વારા જ એ સમાજ તેનું સૌંદર્ય માણી શકે છે; અને ગ્રીસ એટલે બાયરનનું લાડકું નગર. એની અવનતી છતાં જળવાઈ રહેલી વિશિષ્ટતા પર કવિ મુગ્ધ છે - એની સમૃદ્ધ પ્રકૃતિને, એનાં દેવદેવલાંને એ ભીના હૈયે વર્ણવે છે :

Yet are thy skies as blue thy crags as wild;
Sweet are thy groves, and verdant are thy fields,
Thine olive ripe as when Minerva smiled,
And still his honey'd wealth Hymettus yields;
There the blithe bee his fragrant fortess builds,
The free born wanderer of the mount-ain air;
Apollo still thy long, long summer gilds,
Siill in his beam Mendeli's marbles glare;
Art, Glory, Freedom fail but nature is still fair.

(ક્રમશઃ)

અમને જણાવતાં અત્યંત દુઃખ થાય છે કે 'કુમાર'ની ખૂબ જ લોકપ્રિય બનેલી લેખમાળાઓ - કાયાની કરામત, માંદગીનાં મૂળ, આહાર અને આરોગ્ય, તારુણ્યની તાસીર વગેરે તથા અવનવા માહિતીપૂર્ણ બીજા અનેક લેખોના લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીનું ગઈ તા. ૯ જૂનના રોજ અવસાન થયું છે. 'કુમાર'ના સ્વજન રૂપ બની રહેલા ડૉ. શિવપ્રસાદના જવાથી એક લાગણીપ્રધાન વિદ્વાન લેખક ગુમાવ્યાની અમે દુઃખદ ખોટ અનુભવીએ છીએ. ઈશ્વર એમના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

ફલાકાટાં



કલાકાર ઈશ્વર સાગરા


અમદાવાદના કલાવર્તુળમાં ઈશ્વર સાગરાનું નામ અજાણ નથી. પોતાના મોટાભાઈ અને ખ્યાત કલાકાર પિરાજી સાગરાના કલાકાર્યમાંથી પ્રેરણા પામી એમણે પોતાનો કલાવિકાસ સાધ્યો એ ખરું, પણ એ પ્રતિની એમની ગતિ આગવી જ રહી છે. આમ તો એમનો પરિવાર એક યા બીજી રીતે કલા સાથે સંકળાયેલો જ રહ્યો છે. પિરાજી સાગરાના કલા તરફના





વણઝારણ. રેખાંકન અને (ડાબી બાજુ) ચિત્રાલેખન.
નીચે પૅરિસમાં રજૂ થએલું એક પ્રતીકાત્મક ચિત્ર.

આધુનિક વલણથી અલગ ઈશ્વર સાગરાએ પોતાની કલાભિવ્યક્તિ ચિત્રાંકનો અને આલેખનો દ્વારા આગવી રીતે વ્યક્ત કરવા પ્રતિ અભિગમ રાખ્યો છે, અને એમાં એમણે રાષ્ટ્રિય તેમજ આંતરરાષ્ટ્રિય સ્તરે આદર-આવકાર પામવા જેટલી સિદ્ધિ પણ મેળવી છે.








કલાકાર ઈશ્વર સાગરાનાં બે લાક્ષણિક રેખાંકનો જેમાં એમનો કલમ પરનો કાબૂ પ્રકટ થાય છે.

મૂળ તો રાજસ્થાનના એટલે સ્વાભાવિક જ ઈશ્વર સાગરાનાં પાત્રાલેખનોમાં રાજસ્થાની છાંટ દેખાય ખરી. એમણે આલેખેલાં પાત્રોમાં, ખાસ કરીને નારીસૌંદર્યની વિભાવનામાં મૂળ વતનનાં પાત્રદર્શનનો પ્રભાવ દેખાય. પશ્ચિમી સ્ત્રીસૌંદર્ય કે ભારતીય લઘુચિત્રોનાં નારીપાત્રોથી એ તદ્દન ભિન્ન લાગે છે. માનવ-આકૃતિઓનાં આલેખનમાં ભાવવાહક ચહેરા અને પાત્રના હાથની વૈવિધ્યભરી સ્થિતિ પર તેઓ વિશેષ ભાર મૂકતા લાગે છે. આમ કરતાં પાત્રોની કે દેહાકૃતિની બાકીની વિગતો છોડી દેતાંયે ચિત્રમાં જે અવકાશ દેખાય એ પણ કૃતિના એક અંગ સમ બની પાત્રના ઉઠાવમાં પૂરક બની રહેતો લાગે. આ સાથે પાત્રાલેખનમાં એમણે જે વિગતો આલેખી હોય તે સભર અને અર્થગંભીર જણાય. એમની કલાસૂઝ અને આલેખ-કૌશલની સિદ્ધહસ્તતા તેમાં અચૂક પ્રકટ થતી હોય.

ભારતમાં કલાનું વિશ્વપ્રદર્શન-ટ્રાએનલ યોજાયું હતું ત્યારે એમાં એમને સુવર્ણપદક મળેલો. દિલ્હીથી વિમાનમાર્ગે લંડન અને પૅરિસની કલાયાત્રાની પણ તક મળી અને લંડનની ટૅટ ગૅલેરી તથા પૅરિસના જગખ્યાત લૂવ્ર સંગ્રહાલયમાંની વિશ્વવિખ્યાત કલાકૃતિઓ પ્રત્યક્ષ જોવાનો લ્હાવો અને લાભ મળ્યો અને માણ્યો. પૅરિસમાં બાએનલમાં પણ એમને આમંત્રણ મળેલું. ૧૯૭૦માં ભારતના રાષ્ટ્રિય પુરસ્કારથી પણ એમને નવાજવામાં આવેલા, અને ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના તો એમણે બાર જેટલા પુરસ્કારો મેળવ્યા છે. બૉમ્બે આર્ટ સોસાયટીના પદક તથા કલકત્તા અકાદમીના ઍવૉર્ડથી પણ તેઓ સમ્માનિત છે.

સ્વભાવે ઋજુ આ કલાકારે પોતાનો કલાવિકાસ લગભગ સ્વપ્રયત્ને જ સાધીને જે સિદ્ધિ મેળવી છે તે ગુજરાત માટે ગૌરવપ્રદ અને નવોદિતો માટે પ્રેરક છે. આ સાથે એમની થોડીશી કૃતિઓ આપી છે, પણ એ એમની કલાસિદ્ધિનો જરાશો ખ્યાલ જ આપી શકે. કલાકારનાં તો જેટલાં વધુ સર્જનો જોવા મળે તેટલાં ઓછાં જ પડે, અને એમના સર્જનનું ઉપરછલ્લું દર્શન સર્જકની શક્તિ-સિદ્ધિનો ખરો ખ્યાલ પણ કેવી રીતે આપી શકે ?

બંસીલાલ દલાલ





સોમનાથપુરમ્, દક્ષિણ ભારતનું એક વિખ્યાત મંદિર. ભૌમિતિક રચનાનું વિશેષ મહત્ત્વ ધરાવતી પ્રાચીન ભારતીય સ્થાપત્ય શૈલીનું ઉદાહરણ. જમણી બાજુ એ જ મંદિરનું એક શોભન-અંકિત શિલ્પ. એ સમયના સ્થપતિ માટે આ બંને પ્રકારનું જ્ઞાન જરૂરી હતું. સ્થપતિ અને શિલ્પકાર એકબીજાના પર્યાય હતા.

ઈશાન


સ્થપિત : એક જવાબદાર વ્યવસાયિક

હેમંત વાળા

સહદેવાધિકાર નામે એક પૌરાણિક આખ્યાનમાં સ્થાપત્યની શરૂઆત કેવી રીતે થઈ તે દર્શાવાયું છે. કોઈ એક સમયે દેવો અને માનવો સાથે રહેતા હતા અને બન્નેનાં લક્ષણો સમાન હતાં. ત્યારે પુણ્યશાળી વિશુદ્ધ આત્મા-સ્વરૂપે હતા, જેમને ઘડપણ કે મૃત્યુનો ભય ન હતો. પોતાની પ્રત્યેક ઇચ્છા સ્વાભાવિક રીતે જ સંતોષાતી હોવાથી કાળક્રમે માનવ-સમુદાયના મનમાંથી દેવો પ્રત્યેની આદરભાવના લુપ્ત થતી ગઈ. પરિણામે તેઓ જેટલા ભોગો ભોગવતા તેટલા પ્રમાણમાં તેમનું પુણ્ય ખૂટતું ચાલ્યું અને એક સમય એવો આવ્યો કે જ્યારે તેઓ પુણ્યશાળી આત્મા મટી સામાન્ય માનવી જેવા બની રહ્યા. હવે ભોગ ભોગવવા તેમને શારીરિક શ્રમમાં જોડાવું પડે તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ. હવે કલ્પવૃક્ષ તેમની ઇચ્છા પૂરી ન કરતું, જેને કારણે તેઓને ભૂખ અને તરસ ઉપરાંત અન્ય દૈહિક કષ્ટ ભોગવવાનો વારો આવ્યો. હવે તેઓ રોગગ્રસ્ત પણ થતા ગયા. અન્ન તથા જળ મેળવવા તેમને હવે મહેનત-મજૂરી કરવી પડતી અને આવા શ્રમને પરિણામે મળતાં અન્નને અન્યથી છુપાવવાનો વિચાર તેમના મનમાં આવતો થયો. સમાનતાની ભાવના તેમના મનમાંથી લુપ્ત થતી ગઈ અને તે સ્વાર્થી બનતા ગયા. વળી, પુણ્યશાળી દેવો સાથેનો સંપર્ક તૂટી જવાથી તેમની સાત્ત્વિક પ્રકૃત્તિ મલિન થતી ગઈ અને કાળક્રમે તે રાજસી તેમજ તામસી પ્રકૃત્તિવાળા બન્યા. આને કારણે તેમની મૈથુનની ઇચ્છા ધીમધીમે પ્રબળ થતી ગઈ અને મૈથુન માટે જરૂરી વિજાતીય આકર્ષણ અનુભવવા લાગ્યા. મૈથુન હવે પ્રજોત્પત્તિનું માધ્યમ ન બની રહેતાં કામ-સંતોષનું માધ્યમ બની રહ્યું. વળી, દૈહિક મર્યાદાઓ આવવાથી તે વિવિધ પ્રકારના દ્વન્દ્વથી ગ્રસ્ત થયા. હવે તેમને એવાં સ્થાનની જરૂર પડી કે જ્યાં તેઓ એકત્રિત કરેલાં ધાનાદિનો સંગ્રહ કરી શકે, ગોપનીય રીતે મૈથુનક્રિયામાં રમમાણ થઈ શકે અને આબોહવાના શિત-ઉષ્ણ જેવાં દ્વન્દ્વ સામે રક્ષણ મેળવી શકે. આવાં સ્થાનની જરૂરિયાતે જ સ્થાપત્યની શરૂઆત કરી. આ દંતકથાને ઐતિહાસિક પુરાવાના ત્રાજવે તોળવાની જરૂર નથી. પરંતુ આનાથી સ્થાપત્યમાં શું શું જરૂરી છે તે શરૂઆતના તબક્કાના સંદર્ભમાં દર્શાવાય છે. વળી, અહીં એ પણ સ્પષ્ટ થાય છે કે સ્થાપત્યની શરૂઆત આવાસ-નિર્માણથી થઈ હતી.

વિવિધ સ્થળોએ વિવિધ સમયે વિકસેલી સ્થાપત્યશૈલીના મુખ્ય સંદર્ભ તરીકે બિન-આવાસી રચનાઓનો ઉલ્લેખ થાય છે. ભારતીય સ્થાપત્યના ઇતિહાસમાં પણ મંદિરો, મસ્જિદો, મહેલો, કિલ્લા તથા નગર-આયોજન અને તેની સંરચનાનો ઉલ્લેખ વધુ થાય છે, જ્યારે જે તે સ્થાનિક બળો તથા વ્યક્તિની વિચાર-ધારાને સ્પષ્ટપણે અભિવ્યક્ત કરતી આવાસ-રચના ગૌણ બની રહે છે. સાંપ્રત સમયમાં પણ સ્થપતિ-વર્ગ આવાસ-રચના કરતાં અન્ય પ્રકારના સ્થાપત્યમાં વધુ રસ દર્શાવે છે; જ્યારે હકીકત એ છે કે સ્થાપત્યની શરૂઆત આવાસ-રચનાથી જ થઈ હતી.

સ્થાપત્ય-કળા સંસ્કૃત સાહિત્યમાં મહદ્ અંશે વાસ્તુકળા તરીકે ઓળખાય છે. વાસ્તુ-કળા એ શિલ્પકળાથી પ્રાચીન હોય તેમ માનવું સહજ ગણાય. માનવીને આવાસની જરૂરિયાત પ્રથમ જણાઈ હશે અને તે માટે તેણે ગંભીરતાપૂર્વક વિચારવાની શરૂઆત પણ કરી હશે. શિલ્પકળા એ વિવિધ વિચારોને પ્રતીકાત્મક રીતે રજૂ કરતી અથવા સુશોભનાર્થે પ્રયોજાતી કળા હોવાથી માનવીએ



જૂનાગઢનો મકબરો. સ્થાપત્યને સુંદરતા આપવા અજમાવવી પડતી યુક્તિ-પ્રયુક્તિનું એક ઉદાહરણ. સ્થાપત્ય - કલાની સર્જનાત્મક સિદ્ધિનો આ પણ એક નમૂનો છે.

અનુકૂળ સંજોગો તથા પ્રાપ્ત સાધનોને અનુલક્ષીને પાછળથી તે કળા વિકસાવી હશે. સમય જતાં ભારતીય સ્થાપત્યમાં પ્રતીકાત્મક રજૂઆતનું મહત્ત્વ વધતાં સ્થાપત્ય સાથે શિલ્પ વણાઈ ગયું. પરિણામે વાસ્તુ-કળાનું કાર્યક્ષેત્ર માત્ર ઉપયોગિતાના સંદર્ભમાં સીમિત ન રહેતાં તેમાં મનોરમ્યતા - સુંદરતા - વણાઈ ગઈ.

વાસ્તુ શબ્દ ઋગ્વેદમાં ભવનના અર્થમાં જ વપરાયો છે. પરિણામે વાસ્તુ-શાસ્ત્રના સિદ્ધાંતો લાંબા ગાળા સુધી ભવન-આયોજન પૂરતાં જ મર્યાદિત હતા.. તેથી જ પ્રાચીન પરંપરા પ્રમાણે વાસ્તુ-કળા તથા સ્થાપત્યને અલગઅલગ ગણાય છે. પરંતુ વાસ્તુ-શાસ્ત્રમાં ભવન-આયોજન માટે સૂચવાયેલી બાબતો અન્ય પ્રકારના સ્થાપત્ય માટે પણ એટલી જ સાંદર્ભિક બની રહેતી હોવાથી આવાસ સિવાયના અન્ય સ્થાપત્ય માટે પણ વાસ્તુ-શાસ્ત્રનો અભ્યાસ જરૂરી થઈ પડ્યો. લાંબે ગાળે વાસ્તુ-શાસ્ત્ર અને સ્થાપત્ય-શાસ્ત્ર એમ બે ભાગ મટી માત્ર વાસ્તુ-શાસ્ત્ર તરીકે ઓળખાતી સાહિત્ય-શાખા જ અમલમાં રહી. પરંતુ વાસ્તુ-શાસ્ત્ર સાથે સંકલાયેલું હોવા છતાં શિલ્પ-શાસ્ત્ર ઘણે અંશે અલગ અસ્તિત્વ ટકાવી શક્યું.

પ્રાચીન પરંપરા અનુસાર વાસ્તુકળાનાં પાંચ પદ વર્ણવ્યાં છે. પ્રથમ વાસ્તુપદ-વિન્યાસ, બીજું પ્રાચી સાધના, ત્રીજું માન-લક્ષણ, ચોથું પટ્વર્ગ અને પાંચમું છન્દસ્. વાસ્તુપદ-વિન્યાસ દ્વારા સ્થાપત્યમાં વિવિધ ઉપયોગિતા માટેની જગ્યાઓ ક્યાંક્યાં આવશે તે સૂચિત જમીનના સંદર્ભમાં નક્કી થાય છે. હાલના સંદર્ભમાં આ પ્રક્રિયાને સાઈટ પ્લાનિંગ કહેવાય. પ્રાચીન પરંપરા પ્રમાણે વાસ્તુ-પદ-વિન્યાસ માટે વાસ્તુ-પુરુષ-મંડલાનો ઉપયોગ થતો. ત્યાર બાદ પ્રાચીન સાધનાથી સૂર્યના ઉદય-અસ્તની દિશાના સંદર્ભમાં સ્થાન પરની મુખ્ય દિશાઓ અંકાય છે. આ પ્રક્રિયાને પ્રાચી-સાધના એટલા માટે કહેવાય છે કે આનાથી પૂર્વ દિશા કે જ્યાંથી અરુણોદય થાય છે તે અંકિત કરાય છે. ભારતીય સંસ્કૃતિમાં ભાસ્કરનું ખાસ મહત્ત્વ હોવાથી આ પદને પ્રાચી-સાધના કહેવામાં આવતું. ત્યારબાદનું પદ માન-લક્ષણ છે. હવે સ્થાપત્ય માટેની સૂચિત જગ્યાને વિવિધ પ્રમાણમાપ વડે કાલ્પનિક રેખાઓથી વિભાજિત કરાય છે અને આમ, નક્કી થયેલ વિવિધ ભાગોમાં વાસ્તુ પુરુષ મંડલા અનુસાર જુદા જુદા કાર્યહેતુ માટેનાં સ્થાનો રચવામાં આવે છે. પ્રાચીન-પરંપરા પ્રમાણે પ્રમાણ-માપ મેળવવા અંગૂઠા તથા હાથનો ઉપયોગ થતો હોવાથી આ પદને હસ્ત-લક્ષણ પણ કહેવાય છે. ત્યારબાદ આય, વ્યય, અંશ, ઋક્ષ, યોનિ તથા વાર-તિથિ આ છ અંગોને સ્થાપત્યમાં કઈ રીતે આયોજી શકાય તે બાબતે નિર્ણયો લેવાય. આ બધા જ્યોતિપશાસ્ત્રના પણ વિપયો હોવાથી ગણિત, સ્થાપત્ય તથા જ્યોતિપશાસ્ત્રના સંદર્ભમાં આ બાબતો નક્કી કરાતી. અહીં સ્થાપત્યના ભૌતિક અંગોની પરિભાષા નિર્ણિત થતી હોવાથી તેની પસંદગી બાબતે ચીવટ રાખવી જરૂરી બને. છંદ એ પદ્યને શણગારવાનું માધ્યમ છે તેવી જ રીતે છ પ્રકારના છંદ વડે સ્થાપત્યને મનોરમ બનાવવાની ક્રિયા તે આખરી પદ. આ છંદ છે મેરૂ, ખંડમેરૂ, પતાકા, સુચિ, ઉદ્દષ્ટ તથા નષ્ટ.

રાજા ભોજકૃત સમરાંગણ સૂત્રધારમાં વાસ્તુ-કળાનાં આઠ અંગ દર્શાવાયાં છે; વાસ્તુ-પુરુપ-વિકલ્પન અર્થાત્ સાઈટ પ્લાનિંગ, પુર વિનિવેશ અર્થાત્ નગર-આયોજન, પ્રાસાદ-કર્મ અર્થાત્ મંદિર સ્થાપત્ય, ઈન્દ્રધ્વજ સ્થાપન અર્થાત્ કારીગર વર્ગ તથા સ્થાપત્યની રક્ષા માટે ધ્વજની સ્થાપના, નૃપતિ-વેશ્મ-વિધાન અર્થાત્ રાજમહેલ સ્થાપત્ય, ચાતુર્વર્ણ્ય વિભાગ અર્થાત્ વર્ણ અનુસાર આવાસ-રચના, યજમાન-શાલા-વિનિવેશ અર્થાત્ ધાર્મિક ક્રિયાકાંડ માટેનાં મકાનોનું સ્થાપત્ય તથા રાજશિબિર-નિવેશ અર્થાત્ સંરક્ષણના આયોજન સાથેના - દુર્ગ રચના સાથેના - રાજવી સંકુલનું સ્થાપત્ય. આમ, સ્થાપત્યની શરૂઆત જે આવાસ- રચનાથી થઈ હતી તેનું કાર્યક્ષેત્ર વધીને વિશાળ નગર-આયોજન સુધી વિસ્તર્યું. સાંપ્રત સમયમાં જો કે નગર-આયોજન અને સ્થાપત્ય બંને અલગ અલગ શાખા છે. સ્થપતિનું કાર્ય નગર-આયોજનની વિવિધ બાબતો નિર્ધારિત થઈ જાય પછી શરૂ થાય છે.

સ્થપતિ સામાન્ય રીતે એક મકાન કે મકાન-સંકુલની રચના નિર્ધારિત કરે છે. જ્યારે નગર-આયોજનનું કેનવાસ વિશાળ હોય છે. હાલમાં ભારતમાં સ્થાપત્ય શાળાઓમાં વિવિધ પ્રકારના ઉપયોગનાં મકાનોમાં નિપુણતાર્થે અભ્યાસક્રમ નથી. પરિણામે જે સ્થપતિ આવાસની રચના કરે તે જ સ્થપતિ હૉસ્પિટલ-હૉટેલ જેવાં મકાનોની પણ રચના કરે. આમ, આવાસ ઉપરાંત સમરાંગણ સૂત્રધારમાં દર્શાવેલ વિવિધ સામાજિક તથા રાજકીય મકાનોની રચના સ્થાપત્ય-શાખાનો સ્નાતક કરી શકે. નગર-આયોજક ભલે નગરની રચના તથા તેના વિકાસને લગતી બાબતો સૂચિત કરે. પણ

સ્થાપત્યની રચના વડે નગર ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠ પ્રકારનું છે તે નક્કી થાય છે. આમ, માનવ-નિર્મિત વાતાવરણની ગુણવત્તા પર સ્થપતિના કાર્યક્ષેત્રની અસર ઉલ્લેખનીય છે. માનવ-નિર્મિત વાતાવરણની રચનામાં અહમ્ ભૂમિકા ભજવનાર આ સ્થપતિ કોણ છે?

સ્થપતિ શબ્દના ચાર અર્થો સંસ્કૃત સાહિત્યમાં મળે છે : કંચુકી, યજ્ઞ કરનાર, કારીગર તથા ઉત્તમ પુરુષ. જો કે આ ચારમાંથી એક પણ અર્થ સ્થાપત્યના ક્ષેત્રના સંદર્ભમાં સંપૂર્ણ નથી. સ્થાપત્યનો અંગ્રેજી પર્યાય આર્કિટેક્ચર છે અને સ્થપતિ અર્થાત્ આર્કિટેક્ટ. અંગ્રેજી શબ્દસૂચિમાં તેનો અર્થ માસ્ટર ક્રાફ્ટ્સમેન અર્થાત્ નિપુણ કારીગર એમ કરાયો છે. સ્થપતિ અર્થાત્ એવી વ્યક્તિ કે જે પ્રાસાદ, મંદિર, કિલ્લા, જળાશયો, ભવન તથા નગરની રચના માટે જરૂરી સમજ, જ્ઞાન તથા આવડત ધરાવતો હોય. આશરે છઠ્ઠી સદીની આસપાસ રચાયેલા ગ્રંથ માનસાર પ્રમાણે બાંધકામયુક્ત કોઈપણ સ્થાનના નિર્માણ માટે - વાસ્તુરચના માટે - ચાર વ્યવસાયિકોનો ઉલ્લેખ કરાયો છે; સ્થપતિ, વર્ધકિ, સૂત્રગ્રાહી તથા તક્ષક. આ ચારના પારસ્પરિક સંબંધ તેમની યોગ્યતાના સંદર્ભમાં નક્કી કરાય છે, અને તેથી જ આ ચારેયમાં સ્થપતિ શ્રેષ્ઠ છે. તે સર્વનો ગુરુ છે, સર્વને નિર્દેશન આપનાર છે. તે સંલગ્ન બધી જ બાબતો ધ્યાનમાં રાખી યોગ્યને કરનાર છે. તેનું જ્ઞાન સંપૂર્ણ છે. તે વાસ્તુ-રચનામાં સંકળાયેલી બધી જ વ્યક્તિઓ તથા પ્રવૃત્તિઓનો નિયંતા છે. તે સ્થાનાધિપતિ છે. તે વાસ્તુની સ્થાપના કરી તેને નિયંત્રિત કરે છે તેથી તે સ્થાનનો પતિ. સાહિત્યમાં સ્થપિત શબ્દ તથા તેના વ્યવસાયની કરાયેલી છણાવટ તેને વધુ જવાબદારી સોંપે છે. આ જવાબદારી મોટેભાગે ભૌતિક બાબતો પૂરતી સીમિત ન રહેતાં અભૌતિક પરિસીમા સુધી વિસ્તરે છે.

સ્થપતિ સર્વજ્ઞ હોવો જોઈએ તેવો સંસ્કૃત સાહિત્યનો મત છે, જ્યારે શ્રુતજ્ઞ તથા વિચારક હોય તે જરૂરી છે. મોટે ભાગે તે સ્થપતિની મંજૂરી અનુસાર વાસ્તુ-સ્થાપનાની કેટલીક બાબતો માટેનો નિર્ણય લઈ શકે, તેણે વિવિધ સ્થાપત્ય-સાહિત્ય વાંચેલું જ ન હોવું જોઈએ પણ જે તે સાહિત્યમાં દર્શાવેલ સૂચનોને યોગ્ય સંદર્ભમાં હયાત પરિસ્થિતિ પ્રમાણે મૂલવવા વિચારશીલ પણ હોવો જોઈએ. હાલના સંદર્ભમાં સ્થપતિની રૂપરેખા અનુસાર કામ કરતાં ઇજનેરને કંઈક અંશે વર્ધકિ કહી શકાય. પરંતુ ઇજનેરનું કાર્યક્ષેત્ર તથા વર્ધકિનું કાર્યક્ષેત્ર સંપૂર્ણ રીતે એકરૂપ નથી. ઇજનેર મકાનની મજબૂતી તથા આવરદા બાબતે નિર્ણયો લે છે. પરંતુ સંસ્કૃત સાહિત્ય પ્રમાણે આ નિર્ણયો સ્થપતિએ જ લેવા પડે, જે અનુસાર વર્ધકિ કાર્યરત થાય. વર્ધકિ દશ્ય પ્રમાણમાપનો જાણકાર હોય તે પણ જરૂરી ગણાય.

સૂત્રગ્રાહ વાસ્તુ-કળા વિશે જાણકાર હોવા ઉપરાંત રેખાજ્ઞ અર્થાત્ ચિત્રકળામાં પણ નિપુણ હોય તે જરૂરી છે. સ્થપતિએ મૂર્તિમંત કરેલા વિચારો ભૌતિક સ્વરૂપ પામે તે માટે સૂત્રગ્રાહ તેને ચિત્ર સ્વરૂપે રજૂ કરે છે. આનાથી સ્થાપત્ય કેવું બનશે તે વિવિધ દષ્ટિકોણથી સમજી શકાય; અને જો તેમાં ફેરફાર-સુધારાવધારા જરૂરી હોય તો ડિઝાઈન વખતે જ તેનો સમાવેશ કરી શકાય. સ્થાપત્યના ક્ષેત્રમાં ઇજનેરી બાબતોનું જ્ઞાન જેમ જરૂરી હોય છે તેમ રેખાંકન બાબતે જ્ઞાન હોય તે પણ જરૂરી છે. સ્થપતિને પોતાના વિચારોની સ્પષ્ટતા માટે તથા તેને અસરકારક રીતે રજૂ કરવા રેખાંકન મહત્ત્વનું માધ્યમ છે.

તક્ષક અર્થાત્ ઘડવાની ક્રિયામાં કુશળ વ્યક્તિ. એમ કહેવાય કે સ્થપતિના વિચારોને ખરેખર ક્રિયામાં તક્ષક મૂકે છે - અર્થાત્ સ્થપતિની આજ્ઞા અનુસાર તે હકીકતમાં વાસ્તુની રચના કરે છે. પ્રાચીન કાળમાં સ્થાપત્યની રચનામાં ઘડાયેલા પથ્થર કે લાકડાનો મહત્તમ ઉપયોગ થતો હોવાથી તક્ષણ - ઘડવાની ક્રિયા - પરથી ઉદ્ભવેલો શબ્દ તક્ષક કારીગર વર્ગ માટે વપરાય.

સ્થપતિ શાસ્ત્રનો જાણકાર, કર્મયોગી, પ્રજ્ઞાવાન તથા શીલવાન હોવો જોઈએ તેમ વાસ્તુશાસ્ત્ર જણાવે છે. તેની બુદ્ધિ વિશુદ્ધ હોય તે જરૂરી છે. વરસો કે સદીઓ સુધી માનવ-જીવન પર અસર કરનાર વાસ્તુ-સ્થાપત્યની રચના કરનાર સ્થપતિ દીર્ઘદષ્ટા હોવો જોઈએ. આવી દીર્ઘદષ્ટિ માટે તેનું શાસ્ત્રનું જ્ઞાન, સમજ તથા વિચારસરણી પરિપકવ હોય તે જરૂરી છે. સ્થાપત્યના વ્યવસાયમાં જ્ઞાન સાથે કર્મનું સંયોજન ખૂબ જરૂરી છે. સમાજના વિવિધ વર્ણના લોકોનું વલણ કાં તો જ્ઞાનલક્ષી હોય છે કાં તો કર્મલક્ષી, પરંતુ સ્થપતિએ જ્ઞાની ઉપરાંત કર્મયોગી પણ થવું પડે. જ્યારે તે મુખ્ય-કારીગર ગણાતો હોય ત્યારે વાસ્તુ-રચનાની વિવિધ પ્રક્રિયાથી તે માહિતગાર-માત્ર હોય તે પૂરતું નથી, પણ જે તે પ્રક્રિયામાં તે નિપુણ હોવો જોઈએ. વિવિધ ક્રિયામાં નિષ્ણાત વ્યક્તિ જ અન્ય વ્યક્તિઓને તથા તેની ક્રિયાઓને યોગ્ય ગુણવત્તામાં સંયોજિત કરી શકે. આમ, સંસ્કૃત સાહિત્યમાં સ્થપતિ માટે સૂચવાયેલું કર્મયોગીપણું યથાર્થ છે.

શાસ્ત્રમાં દર્શાવાયેલા નિયમો દરેક પરિસ્થિતિમાં યથાર્થ સ્વરૂપે પ્રયોજી નથી શકાતા. શાસ્ત્રમાં તો માત્ર પૂર્ણતા મેળવવા માટેની જરૂરિયાતોનું નિર્દેશનમાત્ર હોય છે, પરંતુ આવી પૂર્ણતા પ્રત્યેક પરિસ્થિતિમાં શક્ય નથી બનતી. સ્થપતિ માટે તે જરૂરી છે કે તે સંપૂર્ણતઃ નિર્દેશિત કરતાં વાસ્તુ-સાસ્ત્રના નિયમોને સાંયોગિક સંદર્ભમાં મૂલવી તેને પરિસ્થિતિ મુજબ પ્રયોજે. આ માટે શાસ્ત્ર-જ્ઞાન માત્ર પૂરતું નથી; સ્થપતિ પોતે વિચારશીલ હોય તે પણ જરૂરી બને છે. તેનામાં સાંદર્ભિક માહિતી એકત્રિત કરી, તેને યોગ્ય રીતે મૂલવી, તેને યથાર્થ સ્વરૂપે પ્રયોજવાની શક્તિ હોવી જોઈએ. આ માટે સ્થપતિ પ્રજ્ઞાવાન હોય તે જરૂરી છે.

ભારતીય સંસ્કૃતિમાં શીલનું આગવું સ્થાનછે. માત્ર ચોક્કસ

વ્યવસાય સાથે સંકળાયેલી વ્યક્તિ કે ચોક્કસ વર્ણની વ્યક્તિ શીલવાન હોવી જોઈએ તેમ નથી. અહીં તો પ્રત્યેક વ્યક્તિ શીલવાન હોવી જોઈએ અને તેથી સ્થપતિ પણ; પરંતુ સ્થપતિ માટે શીલવાન હોવું જરૂરી છે એમ કહેવા પાછળનું તાત્પર્ય કંઈક હોવું જોઈએ. શીલવાન વ્યક્તિ અન્ય માટે આદરણીય હોય છે. વળી, શીલવાન વ્યક્તિનું નૈતિક બળ પણ ઉચ્ચ હોય છે, જેથી તે પોતાના વિચારો તથા કાર્યમાં મક્કમ રહી શકે. વળી, શીલવાન વ્યક્તિ એક વ્યક્તિ કે વ્યક્તિ-સમૂહ કરતાં સમગ્ર સમાજના હિતને વધુ મહત્ત્વ આપે. સ્થપતિ માટે આ બધું જરૂરી છે.

સમરાંગણ સૂત્રધાર પ્રમાણે સ્થપતિમાં બાવીસ લક્ષણો હોવાં જોઈએ. તેણે શિલ્પશાસ્ત્ર, સ્થાપત્યશાસ્ત્રનો અભ્યાસ પૂરો કરેલો હોવો જોઈએ. તેને જડતર, ચણતર તથા ઘડતરનું કામ આવડવું જોઈએ. તેની પાસે સામુદ્રિક જ્ઞાન, જ્યોતિષ વિદ્યાનું જ્ઞાન, છંદ-શાસ્ત્રનું જ્ઞાન, ગણિત-જ્ઞાન, યંત્રવિદ્યાની જાણકારી હોવી જોઈએ તથા તેને પાષાણસિદ્ધિ આવડવી જોઈએ. તે શિલ્પકળા, ચિત્રકળા તથા રૂપકળામાં પારંગત હોય તે જરૂરી છે. 'વાસ્તુ'ના મર્મથી તે જાણકાર હોવો જોઈએ; તે વાસ્તુનું માન જાળવવા સમર્થ હોવો જોઈએ. વળી, વાસ્તુના પીઠભાગ તથા અન્ય અંગો ઓળખવા તે સમર્થ હોય તે પણ જરૂરી છે. વળી, પથ્થર તથા લાકડાના બાંધકામની રચના બાબતે તે નિષ્ણાત હોવો જોઈએ - આ સામગ્રી વિષેના તકનિકી તથા ઈજનેરી જ્ઞાન સાથે સાથે તેમાં સંકળાયેલી દૃશ્ય અનુભૂતિ બાબતે તે સભાન હોવો જોઈએ. વિવિધ પ્રકારના આવાસ, મંદિર તથા અન્ય બાંધકામ બાબતે તે જાણકાર હોય તે જરૂરી છે. અને અંતિમ પણ એટલી જ અગત્યની વાત એ કે સ્થપતિમાં ક્ષેત્ર તથા સંજોગો પ્રમાણે નિર્ણયો લેવાની આવડત હોવી જોઈએ.

આજનો સ્થપતિ આ બધી બાબતે પૂર્ણ ન હોય તે સ્વાભાવિક છે. કારણ કે પરિસ્થિતિ બદલાઈ છે, શિક્ષણ બદલાયું છે, સમાજ બદલાયો છે, અને સમાજ તથા વ્યક્તિની અપેક્ષાઓ બદલાઈ છે. એક જમાનામાં સ્થપતિ જે સંપૂર્ણ મકાનની રચના પૂર્ણ રીતે નિર્ધારિત કરતો તેને આજે વ્યવસાયમાં વિવિધ તજજ્ઞોની જરૂર પડે છે. સ્થપતિનું કાર્યક્ષેત્ર વિવિધ કાર્યહેતુ માટેની જગ્યાઓને સુયોજિત રીતે નિર્ધારિત કરી, આવી જગ્યાઓના પરસ્પર સંબંધને સંતુલિત કરવા ઉપરાંત વિવિધ દૃશ્ય અનુભૂતિને સમૃદ્ધ કરવા પૂરતું સીમિત થઈ ગયું છે. તે કેટલીક વાર ઉપયોગિતાની અનુભૂતિમાં પણ સમૃદ્ધિ લાવી શકે છે. સાંપ્રત સમયમાં સ્થપતિના કાર્યક્ષેત્રમાં વિવિધ નિષ્ણાતોની સલાહ તથા જરૂરિયાતોને સંયોજિત કરવાનું કાર્ય ઉમેરાયું છે. આજે સ્થપતિ પાસે ઇજનેરી-જ્ઞાન નહિવત્ હોય છે. તેણે કલ્પેલું મકાન કેવી રીતે ઊભું રહેશે - કેવી રીતે ટકી રહેશે તે જવાબદારી ઇજનેરને સોંપાય છે. તે ઉપરાંત મકાનના વપરાશમાં જો વિવિધ યાંત્રિક-વીજળીય ઉપકરણો મોટાં પ્રમાણમાં પ્રયોજાતાં હોય તો તે માટે પણ નિષ્ણાતની સલાહ લેવાય છે. જેમ કે મકાનને સંપૂર્ણ વાતાનુકૂલ બનાવવું હોય તો તે બાબતના નિષ્ણાતનાં સલાહ-સૂચનો પહેલેથી જ ધ્યાનમાં રખાય છે. દિનપ્રતિદિન સ્થાપત્યક્ષેત્રમાં આવા નિષ્ણાતોની સલાહ વધુ ને વધુ જરૂરી બનતી જાય છે. પરંતુ આવા બધા જ નિષ્ણાતોના સમૂહ માટે સ્થપતિ માર્ગદર્શક બની રહે છે. બધા જ નિષ્ણાતો સ્થપતિની સૂચના તથા તેણે મૂર્તિમંત કરેલ સ્થાપત્યના સંદર્ભમાં કાર્યરત રહે છે. સ્થપતિની જવાબદારી છે કે પ્રત્યેક નિષ્ણાતની જરૂરિયાત સુયોગ્ય રીતે મકાનની રચનામાં સમાવવી અને જુદા જુદા નિષ્ણાતોની સલાહને સંયોજિત કરી મકાનને સંપૂર્ણતા બક્ષવી. □

અનુસંધાન] જીવાકાકા સુખી છે [પૃ. ૩૦૭ પરથી

સાચી વાત છે, જીવાકાકાને આમ જોવા જઈએ તો લીલાલહેર છે. આખો સમાજ કમાવામાં પડ્યો છે. સ્વાર્થ વધ્યો છે. દીકરાઓનો જીવ પણ હવે ન્યાતમાં નથી. એમનાં સંતાનો લગ્ન માટે હા-ના કરે છે; જાતે પસંદગીની વાત કરે છે. જીવાકાકાથી રહેવાતું નથી, એ ત્રાડ પાડે છે. ઘરમાં બોલાચાલી થાય છે. કોઈ આવીને જીવાકાકાને ઠંડા પાડે છે. દીકરાઓને આશ્વાસન આપતાં કહે છે - 'પાકતાંય લીંબોળી મીઠી ના થઈ, ભૈ ! હશે, ઉપરવાળાની મરજી !' જીવાકાકા હવે જાણે એકદમ નેવુંના થઈ ગયા છે. એકલા, સૂનમૂન બેસી રહે છે. જીવાકાકા મધરાત પછીય જાગતા હોય છે. દૂર ક્યાંક મંડળી ભજન ગાય છે :

'ધન-દોલત ને ધામો મોટાં મોટાં મકાનો
અહીંનાં અહીં રહેવાનાં એક દિન મરી જવાના...'

ગામ તો આજેય કહે છે કે જીવાકાકા જેવું સુખ કોઈનેય નથી !

અનુસંધાન] અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ [પૃ. ૨૮૭ પરથી

અને છેવટ સુધી એમણે મચક ન આપી, મોત સાથે ટક્કર લીધી. ૩૧મી જુલાઈએ પોતે વિદાય લીધી પણ ૧લી ઑગસ્ટનો 'મુંબઈ સમાચાર'નો હપ્તો સમયસર પહોંચાડ્યો.

મરણના સાન્નિધ્યમાંય, સંતનેય દુર્લભ એવી સ્વસ્થતા એમણે કઈ રીતે કેળવી હશે? સાક્ષાત્ મરણ સાથે દ્વન્દ્વ ખેલવાની આટલી શક્તિ એમણે ક્યાંથી મેળવી હશે? મરણ વડે રોજેરોજ ખવાતા જતા ને અસહ્ય પીડા સહન કરતા આટલા દુર્બળ શરીર પાસેથી એમણે છેક છેલ્લી ક્ષણ સુધી કઈ રીતે લીધું હશે કામ? કઈ ખુમારીથી છ-છ વર્ષ લગી હંકાવ્યું હશે મરણને?! મરણ જેવા મરણનેય આત્મબળે પાછું ઠેલીઠેલીને, ક્ષણેક્ષણ સ્વધર્મ બજાવતા રહે ને કર્મ કરતા રહે એવા યોદ્ધા તરીકે હંમેશાં પ્રેરક બની રહેશે અનિરુદ્ધભાઈનું નામ. □

સાહિત્યસંપર્ક

સદ્ગત હરિકાન્ત



ઝંડા અને દંડા સમક્ષ માથું ટેકાવી દેવાનું શીખવે, એ સમાજ પસંદ નથી, એમ કહેનાર હરિકાન્ત, આ સમાજ અને દેશનો ત્યાગ કરીને આખરે અંતિમ સત્યમાં સમાઈ ગયા છે. સિંધી સાહિત્ય જગતનો એક ઝળહળતો સિતારો રવિવાર તા. ૮ મે, '૯૪ના રોજ ઓલવાઈ ગયો.

છેલ્લા ત્રણ દાયકાથી અવાર-નવાર વિવાદોના વમળમાં અટવાતા હરિકાન્ત જેઠવાણીનો જન્મ ૧૯૩૫માં સિંધના જૈકલાબાદ ગામે થયોહતો. પંજાબ વિશ્વ-વિદ્યાલયમાંથી કળાસાહિત્યરત્નની ઉપાધિ મેળવી હતી. દિલ્હી વિશ્વવિદ્યાલયમાં દર્શન અને મનોવિજ્ઞાનનો અભ્યાસ કરીને, યુ.એન.આઈ. સાથે જોડાઈને તેમણે પત્રકારત્વ ક્ષેત્રે ઝંપલાવ્યું હતું. પાંચ વરસ સુધી યુ.એન.આઈ. દિલ્હીમાં કામગીરી બજાવીને તેઓ આકાશવાણી દિલ્હીના વિદેશી સેવા પ્રસારણ વિભાગ સાથે જોડાયા હતા. અને સિંધી સમાચાર વિભાગના વડા તરીકે ગયા વર્ષે જ નિવૃત્ત થયા હતા.

૧૯૬૧માં પ્રકાશિત તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'પિટહ નીપહિરી'.(પ્રાતઃપૂર્વે)-ના પ્રકાશનથી જ તેઓ એક આગવી પ્રતિભાના નવોદિત કવિ તરીકે પ્રતિષ્ઠિત બની ચૂક્યા હતા. સાહિત્યમાં એ નવ-પ્રયોગનો કાળ હતો. ફ્રેન્ચ કાવ્યપ્રયોગ 'ટ્રાયોલેટ'નો સિંધીમાં પ્રો. હરિ દર્યાણીએ કર્યો હતો. 'તરાઈલ' નામે તે સિંધી પ્રયોગને હરિકાન્તે વેગ આપ્યો. આ લખનારે તેમના તરાઈલો ગુજરાતીમાં લાવવા પ્રયાસ કર્યો હતો.

કવિતાક્ષેત્રે સ્થાપિત થઈને હરિકાન્તે નાટ્યસંસાર અને નવી વાર્તાક્ષેત્રે પ્રવેશ કર્યો. માનવ મનના ધબકારાઓને વાચા આપતી અને ઊંડાણનાં સુષુપ્ત પડળોને અભિવ્યક્ત કરતી તેમની વાર્તાઓ ચર્ચાસ્પદ બની રહી. માનવીની અંદર રહેલી માનવતા અને પશુતા વચ્ચેના સંઘર્ષને નિરૂપતી તેમની વાર્તાઓના બે સંગ્રહો પ્રકટ થયા - ફટિલજંદડુ રેગિસ્તાન' (ફેલાતું રેગિસ્તાન) અને 'ઝેબ્રા કૉસિંગ'. નવી ઉપમાઓ, નવાં પ્રતીકો અને અનોખી શૈલીની તેમની વાર્તાઓ બહુધા પ્રશંસનીય બની રહી. તેમની વાર્તાઓનાં પાત્રો બહુધા 'આમસમાજ'માંથી લેવાયેલાં હતાં. તે વાસ્તવિકતાનું પ્રતિનિધિત્વ કરનારાં હતાં. નાવીન્યને અપનાવવાની સાથે નવા ગાડરિયા પ્રવાહમાં વહી જવા સામે તેઓ સતર્ક હતા.

પરંતુ હરિકાન્ત સિંધીમાં વધુ પ્રસિદ્ધિ પામ્યા હતા, અને લોકો સુધી પહોંચી શક્યા હતા. તેમનું નાટક 'મકાન ખાલી આહે' હાસ્ય અને વ્યંગમાંથી ઉદ્ભવિત સામાજિક વિડંબનાનું નિરૂપણ કરે છે અને તે લગભગ બધાં જ નગરોમાં ભજવાઈ ગયું છે. સિંધીમાં એ ટેલિફિલ્મના રૂપમાં દૂરદર્શન દ્વારા પ્રસારિત પણ થઈ ચૂક્યું છે. 'ખટરાગ' તથા 'મિરકતાલ' નાટકો ઉપરાંત તેમનાં કેટલાંય એકાંકીઓ પણ પ્રકટ થઈ ચૂક્યાં છે.

'આખાણી' અને 'સાહિત્ય ધારા' માસિકોનું સંપાદન કરવા ઉપરાંત તેમણે મહર્ષિ અરવિંદનું જીવનચરિત્ર તથા ઈબ્સનનું નાટક સિંધીમાં અનુવાદિત કરેલ.

પાશ્ચાત્ય અનુકરણના પ્રવાહમાં તણાયા વગર નવી કવિતા અને નવી વાર્તામાં પણ, નાવીન્યની સાથે સામાજિક સભાનતાથી સંકળાયેલા હરિકાન્તે આઠમા દશકમાં આક્રોશમય વળાંક લીધો. દિવસે દિવસે રસાતળ તરફ ઢસડાતા રાજકારણીઓના રાજકારણે વિષમ સ્થિતિ ઉદ્ભવતી જતી હતી. ભાષાવાદ, પ્રાંતવાદ, આતંકવાદ, વર્ગવિગ્રહ, વર્ણવિગ્રહ તથા નૈતિક મૂલ્યોના હ્રાસથી હરિકાન્ત વિહ્વળ બનીને ઉગ્ર બની ઊઠ્યા હતા. તેમણે લખ્યું :

મુઠ્ઠીભર પ્રકાશને
ખિસ્સામાં ભરીને,
નાના સત્યની પાછળ
મોટા સત્યને પીઠ દઈને
સુરંગો ખોદતા રહ્યા
ધરતી માંહે...
દેશની અંદર ઊપસી આવ્યો
બીજો એક દેશ,
બીજા દેશોમાં પણ
ઊભા કરાયા કેટલાયે દેશો...
કયો છે મારો દેશ ?

સેવાના નામે મેવા મેળવવાની લાલચે, લોકોને વચનોના લૉલીપોપથી લલચાવનાર નેતાઓ ઉપર કટાક્ષ કરતા હરિકાન્ત કહે છે :

તેઓ પુનઃ આવી ગયા
મંચની શોભાવૃદ્ધિ કરવા,
ચતુર ચહેરાઓ ઉપર
માસૂમિયત ચોપડીને
પોતાના હરામીપણાને
સ્વીકૃતિ અપાવવા
વધુ પાંચ વરસનો ઠેકો લેવા.

દેશભક્તિની સાંપ્રત વ્યાખ્યા ઉપર કુઠારાઘાત કરતાં તેઓ નોંધે છે :

પાઠ્યપુસ્તકમાં પ્રવેશ પામીને
પ્રત્યેક દાગીનો
શિક્ષણાત્મક પાઠ
બની જતો હોય છે,

અને પ્રત્યેક સ્મગલર
સફેદ રંગ સાથે !
સમજૂતી સાધીને
નેતાં બની જતો હોય છે.

તેમણે સાહિત્યક્ષેત્રે ચાલતી અસાહિત્યિક પ્રવૃત્તિઓનો એટલા જ આક્રોશથી ઉધડો લીધો છે :

કથા સાહિત્યનો રાષ્ટ્રિય પુરસ્કાર
પોલીસખાતાના વાર્ષિક અહેવાલને
એનાયત થયું છે.
ગઈકાલે પાટનગરેથી
ઘોષિત કરાયેલા રાષ્ટ્રિય
પારિતોષિકોમાં કવિતાનું ઇનામ
એકાઉન્ટન્ટ જનરલને ફાળે જાય છે.

'ઉઘાડા આવાઝ' 'સોચ જૂ સૂરનું' અને 'લપ ભર રોશની' નામ સિંધીમાં તેમના ત્રણ કાવ્યસંગ્રહો પ્રકટ થયા હતા. પરંતુ હિન્દીમાં તેમનો કાવ્યસંગ્રહ 'એક ટુકડા ઇતિહાસ' પ્રકટ થતાં, હિન્દીજગતમાં વિવાદો જાગી ઊઠ્યા હતા. દિલ્હી તથા અન્ય નગરોમાં તેમના આ કાવ્યસંગ્રહ વિષે પરિસંવાદો અને ગોષ્ઠીઓ યોજાઈ હતી. પરંતુ રાષ્ટ્રિય જનજીવનના અશ્લીલપણા ઉપર તીખા પ્રહારો કરતા કાવ્યસંગ્રહ 'સોચ જૂં સૂરનું'ને ૧૯૯૧માં ભારતીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક એનાયત થતાં, વિવાદ વધુ ઘેરો બની ગયો. રાષ્ટ્રિય ધ્વજ તથા નેતાઓની હાંસી ઉડાવનાર કૃતિને રાષ્ટ્રિય પુરસ્કાર એનાયત કરાતાં 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'ની દિલ્હી તથા મુંબઈની આવૃત્તિઓમાં લાંબા સમય સુધી હરિકાન્ત ચર્ચાના ચકરાવે ચડી ગયા હતા.

૧૯૯૩માં સિંધી સમાચાર વિભાગના વડા અધિકારી પદેથી નિવૃત્ત થઈને હરિકાન્ત પૂરો સમય લેખન કાર્યમાં પરોવાઈ ગયા હતા.

જયન્ત રેલવાણી ('જનસત્તા'માંથી)

પ્રાપ્ત પ્રકાશનો

મિતવા : ગ્રેસના સુડતાલીસ મરાઠી લલિત નિબંધોનો જયાબહેન મહેતાએ કરેલો ગુજરાતી અનુવાદ (ડિમાઈ પૃ. ૨૨૪, કિં. રૂ. ૬૦.)

પ્રકાશક : શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, ૧ નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦.

રજા-રાજ : સ્વાતંત્ર્ય પછી બધા વિવાદો, વિસંવાદો છતાં આપણા 'રજાપ્રેમ'માં આપણે રાષ્ટ્રિય એકતા સાધી છે. પેઢી, કારખાનાં, નિશાળો, વિશ્વવિદ્યાલયો, તાલુકા કચેરીઓ તેમજ દેશના પાટનગરનાં વાતાનુકલિત દફતરો સુધી સર્વક્ષેત્રે સામ્રાજ્ય પામેલી આ રજાવૃત્તિ આપણને - આપણા દેશને બરબાદીનાં જે બીજ પોષી રહી છે તેની અનેક કોણથી સચોટ સમજ આપતી મનનીય પુસ્તિકા. લેખક : રામજીભાઈ પટેલ (ક્રાઉન, પૃ. ૫૬, કિં. ૧૫/- પ્રકાશક : અક્ષરભારતી, ભુજ ૩૭૦ ૦૦૧ અને સર્વોદય પ્રકાશન, સણોસરા - ૩૬૪ ૨૩૦)

અનુસંધાન] માધુકરી [પૃ. ૩૨૬ પરથી

સતત ત્રણ દિવસ મુલાકાતો લઈને તેમની સાથે આત્મીયતા કેળવી, તેમનાં દુઃખ સાંભળી એમને આશ્વાસન આપવા સાથે તેમને માટે પ્રાર્થનાઓ કરી અને તેમને શિષ્ટવાચન સંભળાવીને તથા તેમનાં નાનાંમોટાં કામ કરી આપીને એમના દુઃખદર્દમાં લાગણીસભર રાહત આપી હતી.

ત્રીજા સપ્તાહમાં તો આ બાળકોએ મોટું કામ કરી બતાવ્યું. ધારાવી અને એવી ઝૂંપડપટ્ટીઓમાં અંધારીગંધારી ગલી-ઝૂંપડીઓમાં પહોંચી જઈ કુલ ૭૧૧ જેટલી વ્યક્તિઓનાં પાનબીડીતમાકુ, ગાંજો-ચરસ, જુગાર, દારૂ અને બ્રાઉન સૂગરની લત છોડાવી વ્યસનમુક્તિનું ઉમદા કાર્ય સિદ્ધ કરી બતાવ્યું. આ બધા વ્યસનીઓની નામ-સરનામાં સાથેની સઘળી વિગતોની પણ એમણે નોંધ કરી, જેથી આ વ્યસનીઓ વ્યસનમુક્તિનું કેટલું પાલન કરી રહ્યા છે તેની જાણ મેળવવા એમનો ફરી સંપર્ક સાધી શકાય. આપણને આશ્ચર્ય થશે કે આ ૭૧૧ વ્યસનીઓ કુલ મળીને માસિક ૯,૧૬,૩૩૫ રૂપિયા એમની લત પાછળ વેડફાતા હતા. આ બાળકોએ આ રૂપિયા બચાવરાવી પોતાના પરિવાર માટે વાપરવા તરફ એમને વાળ્યા.

હરિભક્તોના પરિવારના સંપર્કમાં તો આ બાળકોને આવકાર મળે એ સ્વાભાવિક છે, પણ હોસ્પિટલોમાંના દર્દીઓને એમની સદ્ભાવનાભરી મુલાકાતોથી કેટલું આશ્વાસન મળ્યું હશે ! અને જેમના પોતાના પરિવારે કે સગાંસંતાનોને જેમની પૂરતી ખેવના પણ ન રાખી હોય તેવા દર્દીઓને આ બાળકોની લાગણીભરી મુલાકાતો કેવી આશ્વાસક બની હશે? કોઈપણ જાતિભેદભાવ વિના આ બાળકોએ એમના માટે જે ખેવના દર્શાવી તે બદલ કેટલા આશીર્વાદ પામ્યા હશે?

ઝૂંપડપટ્ટીના વ્યસનીઓએ એમને કેવી રીતે આવકાર્યા હશે તેની કલ્પના માત્રથી પણ આ બાળકોની ધીરજ અને સફળતાને તો બિરદાવવી જ જોઈએ. મોટાં થઈ આ બાળકો જે સુવાસ પ્રસરાવશે તેનો અંદાજ પણ પ્રોત્સાહક બની રહેશે.


આ બાળકોએ ખંત અને સફળતાપૂર્વક કરી બતાવેલા સેવાકાર્યના પરિણામ, અનુભવો વગેરેની વિગતે નોંધ પણ રખાઈ છે. એમના બધા જ અનુભવો કંઈ મીઠાં તો નહિ જ હોય, આરંભમાં ક્યાંક તેઓ ધુત્કાર પણ પામ્યા હશે જ; પણ જે ભાવનાથી એમણે પોતાનું કાર્ય સિદ્ધ કરી બતાવ્યું છે એ પ્રશંસનીય જ નહિ, અનુકરણીય અને પ્રેરક પણ છે. તમે પણ કંઈક કરી બતાવવા તો ઇચ્છતા જ હશો. સમાજને હિતકારી કંઈ સત્કાર્ય કરવું હોય તો જ્યાં નજર માંડશો ત્યાંથી તે મળી જ રહેશે. જરૂર માત્ર દૃઢ નિર્ણય અને ઉચ્ચ ભાવનાની. આ બાળકોએ તે સિદ્ધ કરી બતાવ્યું છે. સાથેની તસવીર તેનું પ્રતિબિંબ છે.



અર્ઘ્યકણી

આજ આકાશના મણ્ડપે મેઘનાં
નૃત્યના ચણ્ડ પડછન્દ ગાજે,
પ્રકૃતિના પાંચ બજવૈ ગવૈયા ઊઠ્યા,
ત્વરિત નિજ નિજતણા સાજ સાજે,
તાલ મૃદઙ્ગના ધિઙ્ગ પૂંઠે,
અહો ! ગુમ્બજો ગગનનાં ગાજી ઊઠે.

સુન્દરમ્



કાષ્ટકલાના કોતરણીકાર કે કોઈ આધુનિક કલાના ચાહકને પ્રેરણા પૂરી પાડે એવી આ સુંદર ભાત બે દરિયાઈ શંખ ઉપર કોતરાએલી છે, પણ તે કોઈ કલાકાર કે કારીગરે કોતરેલી નથી, પરંતુ દરિયામાં થતાં 'સર્પ્યુલિડ ટ્યૂબવૉર્મ' નામનાં જીવડાંઓએ કોરેલી છે !

ત્રિભુવનદાસ પટેલ, સ્વ.

તા. ૩જી જૂન, ૧૯૯૪ના રોજ સાંજે ૭-૪૦ કલાકે આણંદ ખાતે અમૂલ અતિથિગૃહમાં ૯૦ વર્ષની વયે શ્રી ત્રિભુવનદાસ કિશીભાઈ પટેલ મૃત્યુ પામતાં ગુજરાતે સહકારી પ્રવૃત્તિના મોવડી, અમૂલ ડેરીના સ્થાપક અને નિઃસ્વાર્થ સમાજસેવક ગુમાવ્યા છે. નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે તેમને તા. ૩૧મી મેએ વડોદરા દવાખાનામાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ પોતાના અંતિમ શ્વાસ પોતાની કર્મભૂમિમાં ભરવાની ઈચ્છા વ્યક્ત કરતાં તેમને આણંદ લાવવામાં આવ્યા હતા. તેમની અંતિમ વિદાયની ઘડીઓ દરમિયાન તેમનાં ૮૨ વર્ષનાં પત્ની મણિબા અને અમેરિકા ખાતે સ્થાયી થયેલાં તેમનાં સંતાનો ઉપસ્થિત હતાં.

પોતાનું સમગ્ર જીવન ગરીબો અને સમાજના પછાત વર્ગોના ઉત્કર્ષ માટે સમર્પિત કરનાર 'ત્રિભુવનકાકા'ના હુલામણા નામે ઓળખાતા શ્રી ત્રિભુવનદાસનો જન્મ તા. ૨૨મી ઑક્ટોબર, ૧૯૦૩ના રોજ આણંદના એક સંપન્ન પરિવારમાં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આણંદમાં મેળવ્યા બાદ વિદેશી સરકારની સેવા કરતાં શીખવાની અનિચ્છા વ્યક્ત કરીને વધુ અભ્યાસ અર્થે તેઓ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા, જ્યાં તેમણે એ સમયના પ્રથમા સુધી અભ્યાસ કર્યો.



નાણાંની ધીરધારનો વારસાગત વ્યવસાય અપનાવવાને બદલે ગાંધીજીના રંગે રંગાઈને તેમણે ૧૯૨૨માં ૧૯ વર્ષની વયે સ્વાતંત્ર્ય ચળવળમાં ઝુકાવ્યું અને ૧૯૩૧માં પ્રથમવાર અને ત્યારબાદ અનેકવાર જેલનિવાસ પણ વેઠી આવ્યા. એ દિવસોથી કૉંગ્રેસ સાથે જોડાયેલા શ્રી ત્રિભુવનદાસ આજીવન કૉંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા અને ૧૯૪૪માં ખેડા જિલ્લાની કૉંગ્રેસ કમિટિના ઉપપ્રમુખ અને ૧૯૫૨માં પ્રમુખ પણ બન્યા. આઝાદી પ્રાપ્ત થયા પછી પોતે કરેલા કાર્યના બદલારૂપે સત્તા, નામ ઈત્યાદિની પ્રાપ્તિ માટે રાજકીય મહત્ત્વાકાંક્ષા સેવવાને બદલે એ સઘળાં તરફ વિરક્તિ કેળવીને મૂકપણે પોતાના સેવાકાર્યમાં વ્યસ્ત રહેવાનું તેમણે પસંદ કર્યું એ, હવે તો વિરલ કહેવાય એવી, ગાંધીજીના સાચા અનુયાયીને છાજે તેવી ઘટના છે.

અદના લોકસેવક તરીકે શ્રી ત્રિભુવનદાસ પટેલે જે સેવાકાર્યો કર્યાં છે એ સહુમાં અનન્ય કાર્ય તો છે અમૂલ ડેરીની સ્થાપનાનું. નવેમ્બર ૧૯૪૫માં તત્કાલીન મુંબઈ સરકારે ખેડા જિલ્લાનું દૂધ મુંબઈ પહોંચાડવાની યોજના પાર પાડવા માટે જિલ્લામાંથી દૂધ અને દૂધની બનાવટોની નિકાસ પર પ્રતિબંધ મૂકતો અને દૂધ-ઉત્પાદકોને સરકારની માનીતી પોલસન ડેરીને દૂધ વેચવા ફરજ પાડતો કાયદો કર્યો હતો. બીજો કોઈ વિકલ્પ ન હોવાથી પોલસન ડેરીને ઓછા ભાવે દૂધ વેચીને શોષાતા ગરીબ ખેડૂતોમાં સરકારનું આ પગલું ભારે અસંતોષ પેદા કરનારું થઈ પડ્યું. ૧૯૪૨ના 'ભારત છોડો' આંદોલનમાં પકડાયેલા કૉંગ્રેસી કાર્યકરો આ

ગાળામાં જેલમાંથી છૂટી રહ્યા હતા. તેમણે શ્રી ત્રિભુવનદાસ પટેલની આગેવાની નીચે સરકારની સામે સત્યાગ્રહ શરૂ કર્યો. સરદાર વલ્લભભાઈ પટેલ તરફથી 'જિલ્લાના ખેડૂતોને સંગઠિત થવાની, સહકારી ધોરણે દૂધ ઉદ્યોગ વિકસાવવાની અને જિલ્લામાંથી પોલસનને હાંકી કાઢવાની' પ્રેરણા મળતાં જિલ્લાના કાર્યકરોએ એ માટે સહકારી સંઘ રચવા વિચાર્યું. એના અનુસંધાનમાં તા. ૪થી જાન્યુઆરી, ૧૯૪૬ના રોજ આણંદ તાલુકાના સામરખા ગામે તત્કાલીન ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના મંત્રી શ્રી મોરારજી દેસાઈના પ્રમુખપદે મળેલી જિલ્લાના ખેડૂતો અને તેમના હિતેચ્છુ કાર્યકરોની સભામાં 'ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ'ની રચના કરવાનું ઠરાવાયું અને તા. ૧૪-૧૨-૪૬ના રોજ તેનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું. આમ, દેશ અને દુનિયામાં આજે 'અમૂલ'ને નામે જાણીતી આ ડેરીનો જન્મ થયો. ઉપર્યુક્ત સભાની વિનંતી સ્વીકારીને 'અમૂલ'ના સ્થાપનાદિનથી તેના પ્રમુખ બનેલા શ્રી ત્રિભુવનદાસ પટેલ ૧૯૭૫માં અવસ્થાને કારણે નિવૃત્ત થયા ત્યાં સુધી એ પદ શોભાવતા રહ્યા. માત્ર બસો લિટર દૂધ એકત્રિત કરવાથી શરૂ થયેલી, ભવિષ્યમાં શ્વેતક્રાંતિ સર્જનાર આ ડેરીમાં અનુક્રમે શ્રી કુરિયન અને શ્રી દલાયા જોડાયા બાદ તેનો ઉત્તરોત્તર વિકાસ થતો જ રહ્યો છે.

આજે તો દૂધ ઉપરાંત દૂધનો પાઉડર, ચીઝ, માખણ, ચૉકલેટ જેવી અનેક આડપેદાશો દ્વારા વિશ્વપ્રસિદ્ધ થઈ ચૂકેલી આપણા ગૌરવરૂપ આ ડેરી એશિયાની મોટામાં મોટી ડેરી બની ચૂકી છે. નાના નાના દૂધ-ઉત્પાદકોને શોષણમાંથી મુક્ત કરીને તેમને આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરાવનાર 'અમૂલ નમૂના' પર પછી તો ગુજરાતમાં અને ગુજરાત બહાર બીજી ડેરીઓ શરૂ થતી રહી છે. તેમાંની મહેસાણા, પાલનપુર, સુરેન્દ્રનગર ઇત્યાદિ ડેરીઓની સ્થાપનામાં શ્રી ત્રિભુવનદાસનો અગ્રગણ્ય ફાળો રહ્યો છે. આમ. 'અમૂલ'ના પ્રમુખપદેથી નિવૃત્ત થયા પછી પણ પોતાનું શરીર ચાલ્યું ત્યાં સુધી સહકારી સંઘોનાં દૂધ અને દૂધની બનાવટોનાં ઉત્પાદનોનું એક જ કેન્દ્રિય સંસ્થા દ્વારા વેચાણ થાય એ માટે તેઓ પ્રયત્ન કરતા હતા અને તેના ફળરૂપે 'ગુજરાત સ્ટેટ મિલ્કત ફેડરેશન'ની રચના પણ થઈ છે. વચ્ચે ૧૯૫૩માં તેઓ વિશ્વની ડેરી કૉંગ્રેસમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા ડેન્માર્ક જઈ આવ્યા હતા.

ગરીબો અને સમાજના કચડાયેલા, પછાત વર્ગોના ઉત્કર્ષ માટે સાચા હૃદયથી કામ કરનાર શ્રી ત્રિભુવનદાસ પટેલ જે વિવિધ સંસ્થાઓ સાથે જુદા જુદા સમયગાળા દરમિયાન સંકળાયેલા રહ્યા હતા તે જોઈએ તો તેમનું સેવાક્ષેત્ર કેટલું વિશાળ હતું તેનો થોડોઘણો અંદાજ આવવા સંભવ છે. તાલુકા અને જિલ્લા કૉંગ્રેસનું પ્રમુખપદ તથા 'અમૂલ' ડેરીનું પ્રમુખપદ શોભાવવા ઉપરાંત તેમણે જે પદો શોભાવ્યાં હતાં તેમાં 'ખેડા જિલ્લા હરિજન સેવક સમાજ'ના પ્રમુખ, ખેડા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ, જિલ્લા સ્કૂલ બોર્ડના પ્રમુખ, આણંદ એગ્રિકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટિના ચૅરમૅન, આણંદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ, ભારત ડેરી એસોસિએશનના ઉપપ્રમુખ, ગુજરાત સ્ટેટ કો. ઑ. માર્કેટિંગ સોસાયટીના ચૅરમૅન તથા ગુજરાત રાજ્ય આયુર્વેદ મંડળના પ્રમુખ તરીકેનાં પદો મુખ્ય છે. તેઓ આ ઉપરાંત ઇજનેરી કૉલેજ અને સરદાર પટેલ મેમોરિયલ ટ્રસ્ટના નિયામક મંડળના સભ્ય પણ હતા.

તેઓ ૧૯૭૫માં 'અમૂલ ડેરી'ના પ્રમુખપદેથી નિવૃત્ત થયા ત્યારે એકત્રિત થયેલી રૂ. ૬.૮૦ લાખની રકમ દાનમાં આપીને તેમણે સંકલિત ગ્રામ આરોગ્ય કાર્યક્રમ માટે ત્રિભુવનદાસ ફાઉન્ડેશન ઊભું કર્યું હતું. તેમાં એમની લોકસેવાની ભાવનાનું જ એક રૂપ મૂર્ત થાય છે.


આવા આજીવન લોકસેવક શ્રી ત્રિભુવનદાસ પટેલ ૧૯૬૭થી ૧૯૭૪ સુધી રાજ્યસભાના સભ્ય રહી ચૂક્યા હતા. તેમને જે પુરસ્કારો અને સન્માનો પ્રાપ્ત થયાં હતાં તેમાં મૅગ્સેસે ઍવોર્ડ, ૧૯૬૩ અને પદ્મભૂષણ, ૧૯૬૪ ખાસ ઉલ્લેખપાત્ર છે.

સહકાર અને લોકસેવાના ક્ષેત્રે દૃષ્ટાંતરૂપ જીવન જીવી જનાર શ્રી ત્રિભુવનદાસ પટેલની ખોટ લાંબા સમય સુધી અનુભવાશે.

જગદીશ વ્યાસ

શું તમે સત્કાર્યની શોધમાં છો ?

પરીક્ષાના હાઉથી છૂટ્યા પછી મળતી ઉનાળાની લાંબી રજાઓમાં વિદ્યાર્થી શું શું કરી શકે તે વિષે આમ તો ઘણું લખાય-ચર્ચાય છે. પરંતુ દાદર (મુંબઈ)ની અક્ષર પુરુષોત્તમ સંસ્થાએ આ રજાઓના સદુપયોગનું એક પ્રશંસનીય દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. પાંચ પાંચ બાળકોની પચાસ ટુકડીઓ રચી એણે પોતાના સંપ્રદાયનાં



દવાખાનામાં દર્દી પાસે ઊભેલા બાળકો

અઢીસો બાળકોને એક સરસ અનુકરણીય પ્રવૃત્તિ સુઝાડી. આ બાળકોએ અઢારથી ચોવીસ એપ્રિલ ૧૯૯૪ દરમિયાન એમની આ નવી પ્રવૃત્તિના પહેલા સપ્તાહમાં પોતાના ધર્મપરિવારમાં આવેલાં નવાં હરિભક્તોનાં કુલ ૧૧૦૬ કુટુંબોનો સંપર્ક સાધી એકાત્મતા વધારવા ઉપરાંત આદર્શ જીવનના પાઠ શીખવા ૩૦૮ બાળકોને પોતાની 'બાળસભા'માં જોડાવા પ્રેર્યાં. બીજા સપ્તાહમાં આ અઢીસો બાળકો મુંબઈની ૬૦ જેટલી હૉસ્પિટલોમાં ૧૨૨૫ દર્દીઓની

(અનુસંધાન પાન ૩૨૪ પર)

ઊંચે પાની ના ટીકે, નીચે હી ઠહરાય;
નીચે હોય સો ભર પીએ, ઊંચા પ્યાસા જાય.

એક ગામમાં એક વાર એક સ્વામીજી પોતાનું વ્યાખ્યાન પૂરું કર્યા પછી તે ગામમાં ફરવા નીકળ્યા. રસ્તામાં એક દેવમંદિર પાસે નાનાં નાનાં બાળકો રમી રહ્યાં હતાં. સ્વામીજીએ તરત જ એ બાળકોને બે હાથ જોડીને વંદન કર્યાં.

આ જોઈ સાથે ચાલતા એક પંડિતે પૂછ્યું, 'સ્વામીજી ! આપ મૂર્તિપૂજાનો વિરોધ કરો છો, પરંતુ આ દેવસ્થાન પાસે તો આપનાથી વંદન થઈ જ ગયાં ને !'

પંડિતની વાત સાંભળી સ્વામીજી ઊભા રહી ગયા. પેલા બાળકોમાંથી એક ચારેક વર્ષની નાની નિર્વસ્ત્ર બાલિકાને બોલાવી. પંડિતને તે તરફ નિર્દેશતા કહ્યું, 'આ છે તે માતૃશક્તિ છે ! એણે જ આપણા સૌને જન્મ આપ્યો છે.' પંડિત ચૂપ થઈ ગયા. આ સ્વામીજી તે દયાનંદ સરસ્વતી.

જાણો છો ખરા કે આપણે જે પ્રાણવાયુ શ્વસીએ છીએ તેમાંનો પાંચમા ભાગનો તો આપણા મગજના કોષો જ વાપરી ખાય છે ?

ઉત્તર ધ્રુવ દક્ષિણ ધ્રુવ કરતાં ૨,૭૯૯ મીટર નીચો છે !

કાચના પ્યાલા કે ડિશો એકબીજામાં ફસાઈ ગયાં હોય તો બળનો ઉપયોગ ન કરતાં, તે વાસણોને ઠંડું પાણી ભરેલા મોટા વાસણમાં મૂકી દો. ત્યાર પછી ઉપરથી થોડું ગરમ પાણી રેડો. આમ કરવાથી એકમેકમાં ફસાયેલાં કાચનાં વાસણો સહેલાઈથી છૂટાં પડી જશે.

વપરાયેલી ચાની પત્તીને સૂકવીને, થોડા સળગતા કોલસા પર ભભરાવવાથી ખંડમાં થતી માખીઓ દૂર ભાગી જશે !

ઈન્ડિયાનામાં એક ખેતરમાં એકવાર જોડાજોડ ઊગેલા બે બટાટામાંથી એકનો આકાર બતક જેવો એ બીજાનો આકાર ભેંસ જેવો હતો.

ગણિતગમ્મત : ચાર બંધ પરબીડિયાંમાં કુલ ૧૫ રૂપિયા મૂકેલા છે. બધી જ નોટો એક રૂપિયાની છે. જો ૧ થી ૧૫ રૂપિયાની વચ્ચેની રકમ સીલ તોડ્યા વગર આપવાની હોય તો દરેક પરબીડિયામાં કેટલી રક મૂકેલી હશે ?

નૉર્થ વેસ્ટર્ન યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક હેનરી સાનબોર્ન નાયસેને ગ્રીક મહાકવિ હોમરનાં 'ઑડિસિ' અને 'ઇલિયડ' બન્ને મહાકાવ્યો કંઠસ્થ હતાં.

ઝાંઝીબારનો દુબાશ મેઘજી ૩૦ વર્ષ સુધી દરરોજ કુરાનનું એક પાનું ખાઈ ગયેલો.

રાજા એડવર્ડ પહેલાએ પોતાનાં પાંત્રીસ વર્ષના રાજ્યકાળ દરમિયાન કેવળ એક જ વાર પોતાનો મુગટ માથા પર ધારણ કર્યો હતો !

હેડકી આવતી હોય ત્યારે સૂંઠ અને ગોળની ગરમ રાબ, ગંઠોડાની ગરમ રાબ, મધ કે ગોળમાં બનાવેલું શરબત, દ્રાક્ષ લસણ અને તલના તેલમાં વઘારેલા ભાત લેવાથી રાહત થશે.

મેથીના કુરિયા કર્યા પછી તેમાં રહેલાં છોડાં દાળમાં વઘારમાં નાખવાથી દાળ સ્વાદિષ્ટ બનશે.

દૂધ સાથે થોડો ગુલકંદ રાત્રે લેવાથી પેટ સાફ આવે છે.

જૂના કાળમાં મિસર દેશમાં બિલાડી મારી નાખનારને ફાંસીની સજા આપવામાં આવતી હતી !

કૅનેડામાં ક્યુબેક નગર નજીકનો મૉન્ટ મોરેન્સીનો જળધોધ પ્રસિદ્ધ નાયગરાના જળધોધ કરતાં દોઢ ગણો ઊંચો છે !

• ડૉલફિન નામની માછલી માણસ પછી બીજા નંબરે આવતું સૌથી બુદ્ધિશાળી જળચર પ્રાણી ગણાય છે.

નેપલ્સના ડ્યુઓમોના દેવળમાં પેટ્રન સેન્ટ જેનેરોના લોહીને બે શીશાઓમાં ભરીને રાખી મૂકવામાં આવેલું છે.

ગળામાં પહેરવાનો પાતળો અછોડો જો ગૂંચવાઈ જઈ ગાંઠ પડે તો તેના પર જરા ટૅલ્કમ પાઉડર નાખી છોડવાનો પ્રયત્ન કરવાથી તે સરળથાથી ઉકેલી શકાશે.

ચોમાસામાં બૂટ પલળી ગયા હોય ત્યારે છાપાની પસ્તીના કાગળ તેમાં ઠાંસીને ભરી રાખવાથી ભેજ શોષાઈને બૂટ સુકાઈ જશે તથા ચામડાની કુમાશ જશે નહિ.

જૂના ખરજવા પર પીસેલું લસણ લગાડવાથી તે ધીમે ધીમે મટવા લાગે છે.


દાંત દુખતો હોય તો આકડાના દૂધમાં મધ મેળવી તે લગાડવાથી રાહત થાય છે.

ગણિતગમ્મતનો જવાબ : ૧, ૨, ૪ અને ૮ રૂપિયાની નોટો.

રવિવારે રજાનો દિવસ પાળવો તેવો કાયદો ઈ. ૩૨૧માં રોમન સમ્રાટ કોન્સ્ટન્ટાઈને જાહેર કર્યો હતો.



કલાકારીકા : ટેરાકોટા અટલે કે પાકી માટીની હોડીમાં રાધા અને કૃષ્ણ. આ છે બંગાળની સાંપ્રતકાલીન એક કલાકૃતિ.



દેવસ્થાન

(કલાકાર • ઈશ્વર સાગરા)

મંદિર અને તેની સાથે સંકળાએલી ભાવનાઓનું સુંદર પ્રતીકાત્મક ચિત્રસંયોજન